પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૧૧-૨૦૨૪- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૯૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# શિયાળુ સત્રમાં સંસદનું વાતાવરણ ઠંડુ રહેશે : વડાપ્રધાન

## મુઠ્ઠીભર લોકો રાજકીય લાભ માટે ગુંડાગીરી દ્વારા સંસદને કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કરે છે . જનતા તેમને જુએ છે અને પછી સજા કરે છે: મોદી



નવી દિલ્હી,તા.૨૫

સોમવારે સંસદના શિયાળુ સત્રનો પ્રથમ દિવસ છે. લોકસભાની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ. પાંચ મિનિટ બાદ ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

સત્રની શરૂઆત પહેલા પીએમ મોદીએ કહ્યું- શિયાળુ સત્રમાં વાતાવરણ પણ ઠંડુ રહેશે. મને એવી આશા છે. કમનસીબે, મુઠ્ઠીભર લોકો રાજકીય લાભ માટે ગુંડાગીરી દ્વારા સંસદને કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કરે છે. જનતા તેમને જુએ છે અને પછી સજા કરે છે.

લોકસભાની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત

સંસદમાં હાલમાં મૃત્યુ પામેલા સાંસદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલા દિવંગત સાંસદોની ઉપલબ્ધિઓનો ઉલ્લેખ કરી રહ્યા છે. આ પછી લોકસભાની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

૧૮મી લોકસભાનું ત્રીજું સત્ર (શિયાળુ સત્ર) ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. આ દરમિયાન ૧૯ બેઠકો થશે. સરકારે વકફ સુધારા બિલ સહિત ૧૬ બિલોની યાદી સંસદમાંથી મંજૂરી માટે તૈયાર કરી છે. લોકસભાના બુલેટિન મુજબ લોકસભામાં ૮ અને રાજ્યસભામાં ૨ બિલ પેન્ડિંગ છે.

રવિવારે રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં ૩૦ પક્ષોના કુલ ૪૨ નેતાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓએ લોકસભામાં પહેલા દિવસે અદાણી કેસ પર ચર્ચાની માંગ કરી હતી.

યુએસ ન્યૂયોર્ક ફેડરલ કોર્ટે ગૌતમ અદાણી પર આરોપ લગાવ્યા છે કે તેણે સૌર ઉર્જાનો કોન્ટ્રાક્ટ

અનુસંધાન પાના ૭ પર

**ટીમ ઈન્ડિયાનો ઓસ્ટ્રેલિયા પર ૨૯૫ રને મહાવિજય** વાંચો પાના નં.૬ પર

# ગિરનાર પર્વત પર જોરદાર ઠંડી નલિયામાં ૧૩.૪ ડીગ્રી તાપમાન

### ગિરનાર ઉપર ૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયું

અમદાવાદ,તા.૨૫

આજરોજ જુનાગઢના ગિરનાર પર્વત ઉપર કડકડતી ઠંડી અનુભવાઈ હતી. જયારે નલિયા અને રાજકોટ પણ ઠંડાબોળ રહેવા પામ્યા હતા. આજરોજ ગિરનાર પર્વત ઉપર ૯.૩, ડિગ્રી તથા કચ્છના નલિયામાં ૧૩.૪ અને રાજકોટ શહેરમાં ૧૪.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત આજરોજ સૌરાષ્ટ્ર-ગુજરાતના અન્ય સ્થળોએ ઠંડીમાં આંશિક રાહત અનુભવાઈ હતી.

આજે સવારે અમદાવાદમાં ૧૭.૮, અમરેલીમાં ૧૭, વડોદરામાં ૧૫.૨, ભાવનગરમાં ૧૮.૧, તથા ભુજમાં ૧૬.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જયારે આજે સવારે દમણમાં ૨૦.૨, ડિસામાં ૧૫.૪, દિવમાં ૧૭.૬, દ્વારકામાં ૨૦.૫, તેમજ ગાંધીનગર ખાતે ૧૪ ડિગ્રી. કંડલામાં ૧૮, ઓખામાં ૨૪.૪, પોરબંદરમાં ૧૬, સુરતમાં ૨૧ તેમજ વેરાવળ ખાતે ૨૦.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

ઉપરાંત સૌરાષ્ટ્રમાંથી મળતા વધુ અહેવાલો મુજબ જુનાગઢમાં લઘુતમ તાપમાનનો પારો ૧૪.૮ ડીગ્રીએ પહોંચતા રાત્રીના વાતાવરણ ઠંડુગાર થવા પામતા ગરમ વસ્ત્રોની ખરીદી થવા પામી છે. રાત્રીના મોસા છકડો રીક્ષા જેવા ખુલ્લા વાહન રોડ પર ઓછા જોવા મળી રહ્યા છે. ગિરનાર પર ઠંડીનો પારો ૯.૩ ડિગ્રીએ જતા યાત્રીકો પ્રવાસીઓને ભવનાથમાં ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

છેલ્લા પાંચ દિવસમાં તાપમાનના પારો નીચે આવી રહ્યો છે. આ વર્ષે શિયાળાનો પગરવ થોડુ મોડુ થઈ રહ્યું છે. ધીમે ધીમે શિયાળો તેના અસલ રંગમાં આવી રહ્યો છે. છેલ્લા દિવસોમાં ૨.૬ ડિગ્રી પારો નીચે આવતા રાત્રીના ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ૫૦ ટકાનો ઘટાડો થવા પામ્યો છે.

ગિરનાર પર્વત ઉપર ૯.૩ ડિગ્રીએ રહેવા પામ્યું છે. પર્વત ઉપર વાદળોની ચાદર પથરાઈ હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બજારોમાં ગરમ વસ્ત્રોની ખરીદી માર્કેટમાં જોવા મળી રહી છે.

જામનગરમાં છેલ્લાં ૪૮

અનુસંધાન પાના ૭ પર

# જમ્મુ-કાશ્મીર, લદાખ અને હિમાચલ પ્રદેશમાં હિમ વર્ષા

### હિમાલયમાં સિઝનની પહેલી હિમ વર્ષા થતા સહેલાણીઓ ખુશ

જમ્મુ,તા.૨૫

હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં ઠંડી વધી છે. હવે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ તાપમાનમાં ઘટાડો શરૂ થઈ ગયો છે. મધ્યપ્રદેશના પચમઢી, નર્મદાપુરમ અને રાજસ્થાનના માઉન્ટ આબુમાં તાપમાન ૭ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. ત્રણ રાજ્યોના ઘણા શહેરોમાં છેલ્લા ૩ દિવસથી તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાઈ રહ્યું છે.

હવામાન વિભાગે કહ્યું કે આ ત્રણ રાજ્યો સિવાય પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને બિહારમાં સોમવારે સવારે ધુમ્મસ રહેશે. ધુમ્મસના કારણે બિહારના પૂર્ણિયામાં વિઝિબિલિટી ઘટીને ૧૦૦ મીટર થઈ ગઈ છે.

હિમાચલ પ્રદેશમાં રવિવારે સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ હતી. આજે સોમવારે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં પણ હિમવર્ષા થવાની આગાહી કરવામાં આવી છે.

રાજસ્થાનમાં ફરી તાપમાન વધવા લાગ્યું છે. જયપુર, ઉદયપુર, અજમેર, કોટા ઉપરાંત શેખાવતી પટ્ટામાં પણ દિવસ અને રાત્રિના તાપમાનમાં વધારો થયો છે. સીકરમાં જ્યાં એક સપ્તાહથી લઘુત્તમ તાપમાન સિંગલ ડિજિટથી નીચે

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી પદની તિવ્ર રેસમાં ફડણવીસ ફ્રન્ટ રનર

### એકનાથ શિંદે મુખ્યમંત્રી પદ છોડવા તૈયાર નથી

નવી દિલ્હી,તા.૨૫

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પરિણામો સાથે જ હવે નવી સરકારની રચનાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ખાસ કરીને મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી કોણ તે અંગે મહાયુતિમાં ભારે ખેંચતાણ હોવાના સંકેત છે અને તા.૩૦ સુધીમાં નવા મુખ્યમંત્રીનો ચહેરો નિશ્ચિત થઈ શકે છે.

ઝારખંડમાં જોકે વર્તમાન મુખ્યમંત્રી હેમંત સોરેન છે અને તેના ‘ઈન્ડીયા’ જોડાણે સ્પષ્ટ બહુમતી મેળવી છે અને હેમંત સોરેને ગઈકાલે જ રાજયપાલ સમક્ષ નવી સરકાર રચવાનો દાવો કરી લીધો છે તથા તા.૨૮ ના રોજ નવી સરકારની શપથવિધી યોજાશે શ્રી સોરેને ગઈકાલે જ મુખ્યમંત્રીપદેથી રાજીનામૂ આપીને નવી સરકાર રચવાનો દાવો કર્યો હતો અને આ રાજયમાં તમામ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ જશે.

મહારાષ્ટ્રમાં મહાયુતિના ચહેરા અંગે જબરૂ સસ્પેન્સ છે.ગઈકાલથી જ નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠકોનો દોર આ જોડાણમાં શરૂ થયો છે. એનસીપીનાં નેતા તરીકે વર્તમાન નાયબ મુખ્યમંત્રી અજીત પવાર ફરી ચૂંટાયા છે અને આજ રીતે વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદે પણ શિવસેના (શિંદે જુથ)ના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા પણ ભાજપે હજુ તેના ધારાસભ્યોની બેઠક સતાવાર રીતે બોલાવી નથી.

માનવામાં આવે છે કે, દિલ્હીથી ભાજપનાં નિરિક્ષકોની ટીમ મુંબઈ આવશે અને તેઓ પક્ષનાં ધારાસભ્યોની સાથે વન-ટુ-વન બેઠકો કરી મોવડી મંડળને રીપોર્ટ આપીને બાદમાં પ્રક્રિયા હાથ ધરાશે.

ભાજપમાં મુખ્યમંત્રી પદે વર્તમાન નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ફેવરીટ છે પણ મહાયુતિમાં વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજીત પવાર તરફથી પણ તેના દાવાનું દબાણ થયુ છે અને ભાજપમાં પણ દાવેદારી છે. જોકે જે રીતે ભાજપમા વિજયમાં દેવેન્દ્ર ફડણવીસની ભૂમિકા રહી છે અને તેઓએ પક્ષને સાથે રાખ્યો છે.

# પતિ ગળે ફાંસો ખાઈ રહ્યો હતો અને પત્ની વીડિયો ઉતારતી હતી

### મૃતકની માતાની ફરિયાદ પરથી પત્ની સામે ગુનો દાખલ કરાયા

થાણે,તા.૨૫

થાણેમાં પતિને આત્મહત્યા માટે કથિત રીતે પ્રેરિત કરવા અને તેને રોકવાને બદલે વીડિયો રેકોર્ડ કરવા બદલ પોલીસે પત્ની સામે કેસ નોંધ્યો છે, એમ એક અધિકારીએ જણાવ્યુ હતું.

થાણેના વાગળે એસ્ટેટ વિસ્તારમાં રહેતા દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦ નવેમ્બરની રાતે ૨૯ વર્ષીય પતિએ ઘરમાં સીલિંગ ફેન સાથે લટકીને જીવન ટૂંકાવી લીધું હતું. પત્નીએ પતિને આત્મહત્યા કરતા રોકવાને બદલે મોબાઈલ ફોનમાં આ ઘટનાનો વીડિયો રેકોર્ડ કર્યો હતો.

આ બનાવની જાણ થયા બાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી દીધો હતો. પોલીસે મૃતકની માતાની ફરિયાદને આધારે તેની પત્ની વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૧૦૮ હેઠળ કેસ નોંધ્યો હતો. આ કેસમાં તપાસ ચાલી રહી છે, એમ પોલીસે વધુમાં કહ્યું હતું.

# ઉઘડતા બજારે સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનો જોરદાર ઉછાળો નોંધાયો

**તેજીને પગલે સેન્સેક્સ ૮૦ હજાર અને નિફ્ટી ૨૪ હજારને પાર**

મુંબઈ,તા.૨૫



ઉત્તર પ્રદેશના સંભલમાં રવિવારે ભારે હિંસા થઈ હતી. જામા મસ્જિદના સર્વેક્ષણનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચેની અથડામણમાં ચાર લોકો માર્યા ગયા, ૨૦ સુરક્ષા કર્મચારીઓ અને ચાર વહીવટી કર્મચારીઓ અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન, પથ્થરો કરવામાં આવ્યો હતો, પ્રદર્શનકારીઓએ વાહનોને આગ લગાવી હતી અને પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસ અને લાઠીચાર્જ કર્યો હતો.

DIG મુનિરાજ જીએ કહ્યું- હિંસા કરનાર બે મહિલાઓ સહિત લગભગ ૨૧ લોકોની પોલીસે ધરપકડ કરી છે. લોકોને શાંતિ જાળવવા માટે અપીલ કરી હતી.

આજે સંભલમાં બજાર સંપૂર્ણપણે બંધ છે. લોકો દુકાનો ખોલતા ડરે છે. હોટલો અને ગેસ્ટ હાઉસ પણ બંધ છે. વિવિધ સ્થળોએ પોલીસ દળ તહેનાત છે.

સંભલમાં ચારના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. ૫ના મોતની અફવા પર કમિશનર ઓંજની સિંહે કહ્યું કે અમારી પાસે ૫ લોકોના મોત અંગે કોઈ માહિતી નથી. માત્ર ૪ મૃતદેહોનું પોસ્ટમોર્ટમ થયું છે.

મુરાદાબાદના પૂર્વ સપા સાંસદ ડૉ. એસટી હસને કહ્યું- જો હિન્દુ-

અનુસંધાન પાના ૭ પર

# આંદામાન નજીક દરિયામાં ફિશીંગ બોટમાંથી પાંચ ટન ડ્રગ્સ ઝડપાયું

### કોસ્ટ ગાર્ડે માછીમારોની બોટમાંથી કન્સાઈનમેન્ટ ઝડપી પાડયું

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય કોસ્ટ ગાર્ડે આંદામાન નજીકના દરિયામાંથી ૫ ટન ડ્રગ્સ જપ્ત કર્યું છે. સંરક્ષણ અધિકારીઓએ સોમવારે સવારે જણાવ્યું હતું કે ભારતીય કોસ્ટ ગાર્ડે આટલું મોટું કન્સાઈનમેન્ટ અગાઉ ક્યારેય પકડ્યું નથી. આ ડ્રગ્સ ફિશિંગ બોટમાંથી મળી આવ્યું હતું.

ડ્રગ્સના પ્રકાર અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત વિશે હજુ સુધી માહિતી આપવામાં આવી નથી. આ કેસમાં પૂછપરછ અને ધરપકડ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. સંરક્ષણ અધિકારીઓએ કહ્યું કે મામલાની તપાસ બાદ જ માહિતી આપવામાં આવશે.

૧૦ દિવસ પહેલા ૭૦૦ કરોડની કિંમતનો ડ્રગ્સ જપ્ત થયો હતો ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ATSએ ૧૫ નવેમ્બરે ગુજરાતના પોરબંદર દરિયાકાંઠેથી ૫૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. તેની કિંમત ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. દિલ્હી એનસીબીને આ ડ્રગ્સ વિશે માહિતી મળી હતી. આ પછી દિલ્હી દ્રઝમ્એ ગુજરાત NCB, કોસ્ટ ગાર્ડ અને નેવીની મદદથી એક બોટ પકડી જેમાં ડ્રગ્સ છુપાવવામાં આવ્યું હતું.

# કેનેડાના મોન્ટ્રીયલમાં ઈઝરાયેલ વિરોધી પ્રદર્શનમાં વ્યાપક હિંસા

### કેનેડામાં વધુ એક પ્રદર્શનમાં હિંસા ભડકતા ટ્રુડો વિપક્ષોનું નિશાન બન્યા

ઓટાવા,તા.૨૫

કેનેડાના શહેર મોન્ટ્રીયલમાં શુક્રવારે રાત્રે ઈઝરાયેલ વિરોધી અને પેલેસ્ટાઈન તરફી પ્રદર્શનોમાં થયેલી હિંસા અંગે જસ્ટિન ટ્રુડો ઘેરાયા છે. કેનેડાના વિપક્ષી નેતા પિયર પોઈલીવરે આ ઘટના માટે સ જસ્ટિન ટ્રુડોને જવાબદાર ગણાવ્યા છે અને કહ્યું છે કે, તમે આ હિંસાની નિંદા કરવાનું માત્ર નાટક કરી રહ્યા છો.

હકીકતમાં, સ્જસ્ટિન ટ્રુડો ટેલર સ્વિફ્ટ કોન્સર્ટમાં ડાન્સ કરતાં હોય તેવો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે અને તેમને ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ટીકાકારો કહી રહ્યા છે કે, એક બાજુ મોન્ટ્રીયલમાં હિંસા ભડકી ઉઠી, જ્યારે બીજી બાજુ વડાપ્રધાન ટ્રુડો ટેલર સ્વિફ્ટના ટ્રેક યુ ડોન્ટ ઓન મી પર ડાન્સ કરતા જોવા મળ્યા.

જસ્ટિન ટ્રુડોએ શનિવારે હિંસા વિશે ટ્વિટ કરીને લખ્યું હતુ કે, ‘ગઈ રાત્રે અમે મોન્ટ્રીયલની શેરીઓમાં જે જોયું તે ભયાનક હતું. યહૂદી વિરોધી કૃત્યો, ધમકીઓ અને હિંસા જ્યાં પણ થાય છે તેની નિંદા થવી જોઈએ. RCMP સ્થાનિક પોલીસના સંપર્કમાં છે. આ માટે જવાબદાર અને તોફાનીઓને જવાબદાર ગણવામાં આવશે. ટ્રુડોના આ ટ્વિટની વિપક્ષી નેતા પોઈલીવરે કડક શબ્દોમાં નિંદા કરી છે

જસ્ટિન ટ્રુડોને જવાબ આપતા કેનેડિયન રાજકારણી પિયર પોઈલીવરે કહ્યું હતું. ‘તમે આશ્ચર્યચકિત થવાનો ઢોંગ કરી રહ્યા છો. તમે જે વાવ્યું તે અમે લણી રહ્યા

અનુસંધાન પાના ૭ પર

# બેંક થાપણમાં હવે એકથી વધુ નોમીની નિયુક્ત કરી શકશે

### નિયુક્ત નોમીનોનો હિસ્સો પણ બેંકને જણાવી શકાશે

નવી દિલ્હી,તા.૨૫

દેશમાં વિવિધ બેંકોમાં રાખવામાં આવતી બાંધી મુદતની થાપણોમાં હવે આગામી દિવસોમાં એકથી વધુ નોમીની - વારસદાર રાખવાની છુટ આપવા સરકાર કાનૂન સુધારશે.

આજથી શરૂ થયેલા સંસદના શિયાળુ સત્ર બેંક નોમીનેશન કાનૂનમાં ફેરફાર કરવા માટેનો ખાસ સુધારા ખરડો રજૂ થશે. બાંધી મુદતની થાપણોમાં એક નોમીનેશનથી એફડી ધારકના મૃત્યુ બાદ તેના વારસદારો વચ્ચે આ નાણાનો વિવાદ સર્જાય છે.

આ કાનૂની પ્રક્રિયા લાંબી ચાલે છે અને બેકને પણ બિનજરૂરી રીતે તેમાં ઘસડાવું પડે છે પણ નવા ખરડામાં એકથી વધુ નોમીની અને તેમનો કેટલો હિસ્સો મળે તે પણ જે તે થાપણ મુકતા સમયે થાપણદાર ખાસ જણાવી શકશે. એટલુ જ નહી જે તે નોમીનીના નોમીની અંગે પણ માહિતી આપી શકશે.

એક નોમીનીનું મૃત્યુ થાય તો તેના નોમીની કોણ તે પણ નિશ્ચિત કરી શકાશે. હાલ આ પ્રકારે નોમીની

અનુસંધાન પાના ૭ પર

# વધતા તાપમાન અને વાયુ પ્રદૂષણથી દર વર્ષે ત્રણ કરોડ લોકોના મોત થયા

### જર્મનીના વૈજ્ઞાનિકોના સંશોધનમાં દાવો : એશિયા પર સૌથી વધુ અસર થશે

બર્લિન,તા.૨૫

વધતું જતું તાપમાન અને વાયુ પ્રદુષણથી સંબંધીત મોતનો આંકડો ઝડપથી વધી શકે છે, જો તાત્કાલિક પગલાં ન ભરવામાં આવ્યા તો દર વર્ષે ત્રણ કરોડ લોકોના મોત થઈ શકે છે.

જર્મની સ્થિત મેકસ પ્લેન્ક ઈન્સ્ટીટયુટ ફોર કેમીસ્ટ્રીના સંશોધનમાં આ આશંકા દર્શાવાઈ છે. સંશોધન વિજ્ઞાન પત્રિકા ન્યુઝ લાઈફ સાયન્સમાં પ્રકાશિત થયું છે.

આંતરરાષ્ટ્રીય સંશોધન દળે જણાવ્યું કે, વાયુ પ્રદુષણ અને વધુ તાપમાનથી જોડાયેલ વાર્ષિક મૃત્યુ દર સદીના અંત સુધી અનિયંત્રીત હોઈ શકે છે. પ્રદુષણથી સંબંધીત મૃત્યુ પાંચ ગણી, જયારે વધતા તાપમાનથી સંબંધીત મૃત્યુ દર સાત ગણી વધી શકે છે.

થી સદીના અંત સુધીમાં દુનિયાની ૨૦ ટકા વસ્તી એટલે કે દર પાંચમી વ્યક્તિ ગંભીર સ્વાસ્થ્ય જોખમનો સામનો કરવા મજબૂર બનશે. ભવિષ્યમાં તાપમાનથી સંબંધીત સ્વાસ્થ્ય જોખમ વાયુ પ્રદુષણથી જોડાયેલા ખતરાથી વધુ હશે.

દક્ષિણ એશિયા અને પુર્વી એશિયામાં વાયુ પ્રદુષણથી વધુ મોત થવાનું અનુમાન છે. કારણ કે સદીના અંત સુધી આ ક્ષેત્રમાં વૃદ્ધોની સંખ્યા ઝડપથી વધશે. પશ્ચિમી યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયામાં ગરમી વધવાથી સ્વાસ્થ્ય સમસ્યા થઈ શકે છે, જેથી મોતનું જોખમ વધશે, જયારે અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જાપાનમાં ફેરફાર થવા લાગ્યા છે.

અનુમાન ડરામણા: સંશોધકોએ તાપમાન મુદે જણાવ્યું હતું કે, વર્ષ

અનુસંધાન પાના ૭ પર



# સુરતમાં ૧૯ શાળા ભવનનું ખાતમુર્હૂત કરતા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ

## સુરત શહેરના જુદા-જુદા વિસ્તારોમાં વધુ ૧૯ શાળાઓ શરૂ કરાશે

સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર શિક્ષા વિભાગ અંતર્ગત અંદાજિત રૂ. ૪૫.૨૦ કરોડના ખર્ચે સાકારિત થનાર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૧, અઠવા ઝોન વિસ્તારમાં ૧, વરાછા-એ ઝોન વિસ્તારમાં ૧, વરાછા-બી ઝોન વિસ્તારમાં ૨, ઉધના-એ ઝોન વિસ્તારમાં ૪, ઉધના બી ઝોન વિસ્તારમાં ૧, કતારગામ ઝોન વિસ્તારમાં ૪,રાંદેર ઝોન વિસ્તારમાં ૫ સહિત કુલ-૧૯ પ્રાથમિક શાળાના બાંધકામની ખાતમુહૂર્તવિધિ માન. કેબિનેટમંત્રી, જળશકિત મંત્રાલય,ભારત સરકાર શ્રી સી.આર.પાટીલના પ્રમુખ સ્થાને અને માન. મેયર શ્રી દક્ષેશ માવાણીના વરદહસ્તે તા.૨૪/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મુખ્ય કાર્યક્રમ શાળા નં.૨૧૦/૧૪૨, વિકાસ કોલોની સામે, બી.આર.સી. ગેટની સામેના રોડ, હરીનગર-૩ની બાજુમાં ઉધના ખાતે તથા સુરત મહાનગરપાલિકા વિવિધ ઝોન વિસ્તારમાં અન્ય ૧૮ શાળાઓની ખાતમુહૂર્ત વિધિ જે-તે વિસ્તારના માન.ધારાસભ્યશ્રીઓ તથા માન.મ્યુ.સદસ્યશ્રીઓના વરદહસ્તે સંપન્ન કરવામાં આવી.

આ કાર્યક્રમ પ્રસંગે માન.મંત્રી (રા.ક.) સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત શ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું કે, રાજય સરકારના સર્વ શિક્ષણ અભિયાન પ્રોજેકટ હેઠળ ૯૪૨ રૂમ સુરત મહાનગરપાલિકામાં સરકારના સર્વ શિક્ષણ વિભાગ ધ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જેમાં ૧૯ શાળાઓ સામેલ કરેલ છે. સમગ્ર જીલલાના આંતરિક ગામડાઓ તથા શહેરોની સરકારી શાળાઓમાં સ્માર્ટ કલાસ તથા હાઈસ્કુલમાં કોમ્પ્યુટર કલાસ રાજય સરકાર ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. આવનાર સમયમાં ગુજરાત રાજયમાં શિક્ષણ ક્ષેત્રે માત્ર ને માત્ર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ નહી પરંતુ શિક્ષણના સર્વાગી વિકાસ હેઠળ આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ૨,૨૯,૮૦૦ વિધાર્થીઓ પ્રાઈવેટ શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવેલ છે. ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ ધ્વારા સુરત મહાનગરપાલિકાને સૌથી મોટી ગ્રાન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ફાળવવામાં આવેલ છે. જે હેઠળ ૧૯ શાળા બનાવવાની કામગીરી થઈ રહેલ છે. આ કાર્યક્રમમાં માન.ધારાસભ્ય શ્રી સંદિપભાઇ દેસાઇ, માન.ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ, માન.ડેમેયર ડૉ. નરેન્દ્રભાઇ પાટીલ, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજન પટેલ, માન.નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન.દંડક શાસકપક્ષ શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન.અધ્યક્ષ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શ્રી રાજેન્દ્રકુમાર કાપડિયા, માન.વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીઓ અને કર્મચારીઓ, મિડિયાના મિત્રો તથા અન્ય મહાનુભવો મળી બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

# નોન પોલ્યુટેડ ઈન્ડસ્ટ્રીઝને રાહત આપવા ઑલ ઈન્ડિયા ચેમ્બરમાં માંગ

## વાપી-અંકલેશ્વરના પ્રદૂષણ બાબતે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી સમક્ષ રજૂઆત

સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લ તથા ગૃપ ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુન્દ્રા અને સીએ મિતિષ મોદી તેમજ મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અમિત શાહ સહિત ૦૮ વ્યક્તિઓના પ્રતિનિધી મંડળે નવી દિલ્હી ખાતે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ની વાર્ષિક સાધારણ સભામાં ભાગ લીધો હતો.

આ વાર્ષિક સાધારણ સભામાં ભારતના કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ અને કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ભાગ લીધો હતો. અધિવેશન દરમિયાન ઔદ્યોગિક એસોસિએશનના પ્રશ્નોના પેનલ ડિસ્કશનમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને અન્ય હોદ્દેદારોએ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. ખાસ કરીને હેવી ઈન્ડસ્ટ્રીઝ તેમજ યાર્ન ઉપર BIS લાગવા બાબતે પ્રશ્નોત્તરી કરી હતી. આ ઉપરાંત સુરત શહેરના હદ વિસ્તારમાં આવતી નોન પોલ્યુટેડ ઈન્ડસ્ટ્રી (જેવી કે, સાદા લૂમ્સ, એમ્બ્રોઈડરી, પેપર ટ્રાન્સફર, ડાયમંડ, જરી ઉદ્યોગ વગેરે)ને કે જેને પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવો છે, તેને રાહત આપવાની રજૂઆત કરી હતી. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ સહિતના હોદ્દેદારો દ્વારા ભારતના કેન્દ્રિય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવને રૂબરૂમાં ઈન્ડસ્ટ્રી બાબતે તેમજ વાપી - અંકલેશ્વર જીઆઈડીસીના પોલ્યુશન બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ચેમ્બરના હોદ્દેદારોએ ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ સાથે પણ મુલાકાત કરી હતી.

# વિશ્વ સ્તરે એક્સપોર્ટ કરવા વોલમાર્ટ વૃદ્ધિ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા અપીલ

## ઉદ્યોગકારોને બિઝનેસ ગ્રોથ માટે વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ સંદર્ભે માહિતગાર કરાયા

સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે "Walmart Vriddhi Supproting Startups & MSMEs in Explroing E-Commerce Opprotunities" વિષે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વકતા તરીકે વોલમાર્ટ વૃદ્ધિના રિજીયોનલ હેડ શ્રી હર્ષલ તાનાવાલાએ સુરતના એમએસએમઇ ઉદ્યોગકારોને વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામના લાભો વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં સર્વેને આવકારી એમએસએમઇ ઉદ્યોગકારોને જણાવ્યું હતું કે, ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉદ્યોગોને વધુ સશક્ત બનાવવા માટે વિવિધ પ્રોગ્રામો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ એક મહત્વપૂર્ણ પહેલ છે. આ પ્રોગ્રામ અંતર્ગત, ઉદ્યોગકારોને વૈશ્વિક માર્કેટમાં પ્રવેશ મેળવવામાં અને ગ્લોબલી સ્પર્ધાત્મક થવા માટે મદદ કરવામાં આવે છે.

વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ દ્વારા MSMEsને અનેક લાભો થાય છે. આ પ્રોગ્રામ અંતર્ગત MSMEsને માર્કેટિંગ, લોજિસ્ટિક્સ, ગુણવત્તા મેનેજમેન્ટ અને ટેકનોલોજી માટે જરૂરી કુશળતા મેળવવાની તક માટે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. તેઓને વોલમાર્ટની વૈશ્વિક સપ્લાય ચેઈનમાં જોડાવાની તક મળે છે. આ પ્રોગ્રામ દેશના નાના અને મધ્યમ ઉદ્યોગોને એક્સપોર્ટ માટે તૈયાર કરે છે. ભારતથી એક્સપોર્ટ વધારવાથી રાષ્ટ્રની આવક વધશે અને મોટી સંખ્યામાં રોજગારીની તકો સર્જાશે. જેને કારણે ભારતીય અર્થતંત્ર મજબુત થશે અને આપણે સૌ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરી શકીશું.

વકતા શ્રી હર્ષલ તાનાવાલાએ ઈ–કોમર્સનું મહત્વ જણાવતાં કહ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકો ૨૪ બાય ૭ વિઝિબિલીટી અને ઓછા ખર્ચે માર્કેટીંગ, કોઈ પણ જગ્યાએથી ઓર્ડર મેળવી શકવાની ફ્લેકિસબિલીટી, સરળ અને ગતિથી પૈસા ટ્રાન્જેકશન્સ, દેશના વિવિધ સ્થળે અને વિદેશમાં વેપાર કરવા માટે મોટું માર્કેટ ઉપલબ્ધ થવાની સાથે જ વધુ માત્રામાં પ્રોડકટનું

અનુસંધાન પાના ૭ પર



# મલેશિયા યોજાયેલી ડાન્સ સ્પર્ધામાં સુરતના કલાકારોનો શ્રેષ્ઠ દેખાવ

## જુદી-જુદી કેટેગરીમાં ટેપર્ઝ ડાન્સ સ્કૂલના કલાકારો વિજેતા જાહેર

સુરત, તા.૨૩

મલેશિયા ખાતે યોજાયેલ ડાન્સ કોમ્પીટીશન "આંતરરાષ્ટ્રીય ગ્રૂવ ફેસ્ટ સિઝન -૬", કે જેમાં ૧૯ દેશના કલાકારોએ ભાગ લીધેલ હતો. તે પૈકી સુરતના જાણીતા કોરિયોગ્રાફર શ્રધ્ધા શાહના ટેપર્ઝ ડાન્સ સ્કૂલના પ્રતિયોગીઓએ અલગ અલગ કેટેગરીમાં જીત હાંસલ કરી હતી. જેમાં, સુપર વિમેન કેટેગરીમાં શ્રદ્ધા શાહ પ્રથમ આવ્યા હતા. તેમને ટ્રોફી અને મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.ભૈરવી આઠવલે પ્યોર કલાસિકલ કેટેગરીમાં વિજેતા નિવડ્યા હતા.૧૪ વર્ષથી ઉપરની કેટેગરીમાં કૃતિકા કેલાવાલાએ સેમી કલાસિકલ અને સૃષ્ટિ ઠક્કરે ડ્યુએટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.૧૪ વર્ષથી નીચેના બાળકોની સેમિક્લાસિકલ ડ્યુએટ કેટેગરીમાં ટિયારા રાજ અને વૈશ્વી પટેલ દ્વિતીય સ્થાને વિજેતા રહ્યા હતા. ટોપ ટ્વેન્ટી પ્યોર કલાસિકલ કેટેગરીમાં દેવાંશી ચોકસી અને પ્રાચી જરીવાલાએ જીતીને ભારતને ગર્વ અપાવ્યું હતું. વિજેતા કલાકારોને સુરતીજનોના લાખ લાખ અભિનંદન પાઠવ્યાં છે.



# મિયાપુર કબડ્ડી ટુર્નામેન્ટમાં મોગરા ગામની કબડ્ડી ટીમ ચેમ્પિયન બની

સુરત, તા.૨૫

સુરત જિલ્લાના મહુવા તાલુકાના મિયાપુર ખાતે જય ભવાની યુવક મંડળ દ્વારા "મિયાપુર કબડ્ડી પ્રીમિયર લીગ સીઝન -૧ " નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ટીમોએ ભાગ લીધો હતો.આ ટુર્નામેન્ટમાં મોગરા ગામની ટીમ વિજય થઇ હતી અને ઉમરાગામની ટીમ રનર્સઅપ રહેલ હતી .

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયક, માજી જિલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ પટેલ, મહુવા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ અનિલભાઈ પટેલ અને ડે. સરપંચ મોહસીનભાઈ ચૌહાણ , પિયાપુર ગ્રામ પંચાયતના સરપંચ મુન્નીબેન ચૌધરી,ત્નજીક્ઠ ડેવલોપર્સનાં આનંદભાઈ પટેલ, તેજશભાઈ પટેલ, પીનલભાઈ પટેલ,જયેશભાઈ પટેલ, નીતિનભાઈ ગરાસિયા, ભવાની યુવક મંડળના આગેવાનો સહીત સ્થાનિક અને આજુબાજુના ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓ ને પ્રોત્સાહન આપ્યું હતું.





# સંસદ સભ્ય ઉમેશભાઈ પટેલે શ્રી કાળભૈરવના દર્શન કર્યા

## ઉમરગામના મરોલીમાં શ્રી કાળ ભૈરવનો જન્મોત્સવ ઉજવાયો

સુરત, તા.૨૫

દમણ અને દીવ ના જનસેવક સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે એમની ટીમ સાથે મરોલી ગામ ઉમરગામ તાલુકા સ્થિત શ્રી કાળભૈરવ ના જન્મોત્સવ પર શ્રી કાળભૈરવ મંદિર પહોચી આશિર્વાદ લીધા અને સાથે સાથે દમણ અને દીવ ના વિકાસ અને દમણ અને દીવ ના લોકો માટે મનોકામના કરી, સાથે સાથે ભાવિકભક્તો ને મંદિરે આવી શ્રી કાલભૈરવ દાદાના દર્શન કરી સાથે સાથે મંદિર ના જીર્ણોદ્ધાર માટે સહયોગ કરવા માટે પણ સાંસદે અપીલ કરી છે. આ અવશર પર શ્રી કાળભૈરવ દાદાના મંદિર ખાતે આવી દર્શન કર્યા બાદ અંદાજિત ૭૫૦૦ જેટલા ભાવિકભક્તો એ મહાપ્રસાદ નો લાભ લીધો હતો એના સંદર્ભે દમણ અને દીવ ના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે શ્રી કાળભૈરવ દાદા મંદિર ના સંચાલકો અને ગામ ના સેવાદારો ની કાર્યશૈલી જોઈ સાંસદ શ્રી એ ખૂબ પ્રશંસા કરી.

# ઘટાદાર વૃક્ષોને કાપી નંખાતા પર્યાવરણપ્રેમી વકીલોમાં નારાજગી

## નવી કોર્ટના બાંધકામ સ્થ પર રજાના દિવસે વૃક્ષોને કાપી નંખાયા



નવસારી, તા.૨૫

નવસારી ન્યાય મંદિર સંકુલમાં આવેલી જગ્યા પર નવી કોર્ટનું બાંધકામ થનાર હોય ત્યાં આવેલ ઘટાદાર વૃક્ષો કાપી નાંખવામાં આવતા પર્યાવરણવાદી વકીલોમાં નારાજગી વ્યાપી ગઈ છે અને એક વૃક્ષ કાપી તે પહેલા ત્રણ વૃક્ષ વાવીને સક્ષમ અધિકારીની પરવાનગી લઈ ને જ વૃક્ષ કાપવાની કામગીરી થનાર હોય તેનું પાલન ન થયું હોય વકીલોમાં નારાજગી છવાઈ છે. નવસારી ન્યાય મંદિર સંકુલમાં આવેલ જગ્યા પર નવી કોર્ટનું બાંધકામ થનાર છે. જ્યાં ગાયકવાડી સમયના ઘટાદાર વૃક્ષો ઉગેલા હતા. તે શનિવાર અને રવિવારના રોજ કાપી નાંખવામાં આવ્યા હતા. અહીં ટેબલ મૂકતા વકીલોમાં નારાજગી વ્યાપી ગઈ છે. આ બાબતે વકીલ કનુભાઈ સુખડીયાએ બે માસ પહેલા માર્ગ મકાનના અધિકારીને એક વૃક્ષ કાપે તેના પહેલા ત્રણ નવા વૃક્ષ વાવીને કુદરતના આશીર્વાદને નવી પેઢીને પણ ઉપયોગ થાય તે માટે આવેદનપત્ર આપ્યું હતું. વૃક્ષો વાવી સક્ષમ અધિકારીની પરવાનગી બાદ જ વૃક્ષ કાપવા જોઈએ તેમ પણ જણાવ્યું હતું પણ શનિવાર અને રવિવારના રોજ કોર્ટ બંધ હોય વૃક્ષ કાપવાની કામગીરી થતી હોય વકીલોમાં નારાજગી વ્યાપી ગઈ હતી.

# પીએમ સૂર્યઘર વિજળી યોજનાને નવસારી જિલ્લામાં ભારે પ્રતિસાદ

## સૌર ઉર્જાના વપરાશકર્તાઓમાં સરકારી સબસિડીના કરણે વધારો

નવસારી, તા.૨૫

ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ પી.એમ. સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત નવસારીના લોકોનો બહોળો પ્રતિસાદ રહ્યો છે જે અંતર્ગત નવસારી જિલ્લાના કુલ ૨૦૮૯ અરજદારો રહ્યાં છે, જેમાંથી ૧૩૮૨ કનેક્શન રિલીઝ કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં નવસારી પંથકમાં ૬ હજાર જેટલી સોલાર વપરાશકર્તા થઈ પણ ગયા છે. હાલના વર્ષોમાં સોલાર પેનલનો વપરાશ વધ્યો છે. પી.એમ. સૂર્ય ઘર મફત વીજળી યોજનાને સરકાર દ્વારા આજ હેતુથી લાવવામાં આવી છે. દર ઘરને સોલાર બનાવી શહેરને આગળ વધારીએ એવા ધ્યેય સાથે નવસારીના વિવિધ વિસ્તારોમાં સર્વે કર્યા બાદ ૨૦૮૯ અરજદારો સામે આવ્યા છે, જેમાંથી ૧૩૮૯ કનેક્શન રિલીઝ થયા છે તે પણ માત્ર ૯ મહિનાની અંદર જ. આ સ્કિમ અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણ માટે સબસિડી આપવામાં આવે છે. જેમાં પ્રથમ બે કિલોવોટ સુધી રૂ. ૩૦,૦૦૦ પ્રતિ કિલોવોટ, બે થી ત્રણ કિલોવોટની ક્ષમતા માટે ૧૮,૦૦૦ પ્રતિ કિલોવોટ અને ત્રણ કિલોવોટ થી વધુની સોલાર સિસ્ટમના સ્થાપન માટે રૂ. ૭૮,૦૦૦ સુધીની સબસિડીનો લાભ લાભાર્થીઓને મળશે. પી.એમ. સૂર્યઘર અગાઉની યોજના મળી હાલ નવસારી પંથકમાં જ ૬ હજાર સોલાર ઘરોમાં લાગી પણ ગયા છે. સોલારથી હવે વીજળી વિનામૂલ્યે મળવા સાથે બચત પણ થઈ રહી છે પહેલા અમારા ઘરનું લાઈટબીલ શિયાળા કે ચોમાસામાં રૂ. ૩ હજાર તો ઉનાળામાં રૂ. ૬થી ૭ હાજર આવતું હતું પણ હવે વિનામૂલ્યે વીજળી મળે છે અને વાર્ષિક રૂ. ૬ હજાર અમને જીઈબી દ્વારા અમારા ખાતામાં નાણાં જમા કરે છે.। પુષ્પા સુનિલ મિત્તલ, ગૃહિણી, કબીલપોર વરસાદી મોસમમાં પણ ઉર્જા ઉત્પન્ન થઈ શકે છે વીજ વપરાશના ખર્ચને લગભગ શૂન્ય જેટલો કરી દેવા તેમજ સોલાર પાવરના ઉપયોગને પ્રોત્સાહન આપવા આ સ્કિમ શરૂ કરવામાં આવી છે,

# રાત્રે ચીખલીના જાહેર માર્ગો પર દિપડો લટાર મારતો જોવા મળ્યો

## ખુડવેલ ગામ પાસે દિપડો દેખાતા ગ્રામ્યજનો ભયભીત

નવસારી, તા.૨૫

નવસારી જિલ્લામાં દીપડાના દેખાવવાના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે, જેના કારણે લોકોમાં ભયનું વાતાવરણ છવાયું છે. ગઈ કાલે મોડી રાત્રે ચીખલી તાલુકાના જાહેર માર્ગો પર દીપડો લટાર મારતો જોવા મળ્યો. આ ઘટનાને વાહન ચાલક દ્વારા મોબાઈલ ફોનમાં કેદ કરવામાં આવી હતી.

ચીખલી તાલુકાના ખુડવેલ ગામના ખલીફા ફળિયા વિસ્તારમાં આ દીપડો જાહેર માર્ગ પર ફરી રહ્યો હતો, જેનાથી સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જો કે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આ પ્રકારની ઘટનાઓના વધારા સામે લોકો ચિંતિત થયા છે.જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાં વન્ય પ્રાણીઓના વધતા ચહલપહલના કારણે લોકો રાત્રે બહાર નીકળવામાં ડરી રહ્યા છે. વન વિભાગને આ બાબતે જાણ કરવામાં આવી છે, અને તેઓ દ્વારા દીપડાને પકડવા માટે તાકીદના પગલાં લેવામાં આવશે તેમ વન અધિકારીઓએ જણાવ્યું છે.

# અંકલેશ્વર ધંતુરીયા ગામના ખેડૂતો દ્વારા જંત્રી દર વધારાને આવકાર

## સરકાર જમીન સંપાદન કરશે તો ઉંચુ વળતર મળશે

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર તાલુકાના ધંતુરીયા ગામ ખાતે ગત રોજ ભાડભૂત બેરેજ ડાબા કાંઠા ના જમીન ગુમાવનાર ખેડૂત ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સરકાર દ્વારા નવા જંત્રી ના ભાવ અંગે ચર્ચા કરી હતી. અને સરકાર દ્વારા જે તે જગ્યા નો સાયન્ટિફિકલીસર્વે કરી નવા જંત્રી ના ભાવ રિવાઈઝ કર્યા છે. જે ભાવ રિવાઈઝ કરતા ધરતીનો તાત ના ચહેરા પર હલકું સ્મિત રેલાયું છે. ખાસ કરીને જમીનની કિંમત ધરતીનો તાત આંકી રહ્યો હતો એટલો ભાવ રિવાઈઝ થયો નથી પણ તેના સમક્ષ ભાવ રિવાઈઝ થતા હવે તેમના ગુંચવાયેલા વળતર ના મુદ્દો વહેલી તકે ઉકેલાશે તેવી ફરી આશા

અનુસંધાન પાના ૭ પર

# ગણદેવીમાં મધપુડાને છંછેડતા ૧૦ લોકો પર મધમાખીઓનો હમલો

## ૧૦ પૈકીના બે લોકોની હોસ્પિટલમાં સારવાર

નવસારી, તા.૨૫

નવસારી જિલ્લાના ગણદેવી નજીક કસ્બાવાડી નેરોગેજ સરા લાઇન રેલવે ફાટક નજીક આંબાનાં વૃક્ષ ઉપરના મધમાખીના પૂડાની માખીઓ છંછેડાતા રાહદારીઓ ઉપર હુમલો કરી દીધો હતો. ૧૦ લોકોને ડંખ મારતા બેને સારવાર લેવાની નોબત આવી હતી.

બીલીમોરા- ગણદેવી માર્ગ કસ્બાવાડી નેરોગેજ સરાલાઇન રેલવે ફાટક અલકા ફાર્મ નજીક વેગણિયા નદી તટે આંબાનાં ઘટાદાર વૃક્ષ ઉપર મધમાખીનો મોટો પુડો છે.અરસામાં એક પક્ષીએ મધમાખીનાં પૂડાને નિશાન બનાવતા મધમાખીઓ છંછેડાઇ હતી. અને હવામાં ઉડવા સાથે માર્ગ ઉપરથી પસાર થતાં લોકો પર હુમલો કરી દીધો હતો. જેના પગલે થોડા સમય માટે વાહન વ્યવહાર પણ થંભી ગયો હતો. મધમાખીઓએ ૧૦ જેટલા લોકોને ડંખ દીધા હતા. જે પૈકી બીલીમોરા લીમડા ચોક વિસ્તારમાં રહેતા અમૃતા યતીનભાઈ રાણા અને પાર્થ યતીનભાઈ રાણાને હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત આવી હતી.

# હવામાનમાંપરિવર્તનનેં વિશ્વ માટે ખતરો?

## હવામાનમાં આવેલા પરિવર્તનને કારણે ૨૦૩૦ સુધીમાં લગભગ ૧૦૦ કરોડ લોકો ગરીબીની રેખા નીચે આવી શકે છે અને તાપમાન વધતું જશે તો માનવજાતિ માટે ભયજનક સ્થિતિ ઊભી થશે

હવામાન પરિવર્તન એ વિશ્વ માટે એક મોટું પડકાર બની રહ્યું છે. તાજેતરમાં એન્ટાર્કટિકા દ્વારા જાહેર થયેલા એક અહેવાલમાં ઈતિહાસનો સૌથી ગરમ દિવસ નોંધવામાં આવ્યો. ત્યાંનું તાપમાન ૧૮.૩ ડિગ્રી સુધી હતું. હવે ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રિકલ્ચર ડેવલપમેન્ટ (આઈએફએડી) એ કહ્યું છે કે હવામાન પરિવર્તનને કારણે ૨૦૩૦ સુધીમાં લગભગ ૧૦૦ કરોડ લોકો ગરીબીની રેખા નીચે આવી શકે છે.એટલે કે, હવામાન પરિવર્તન આખા વિશ્વને નબળું બનાવી રહ્યું છે. અને, તેનો સૌથી મોટો ભોગ ખેડૂત બને છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે તેની સાથે જોડાયેલા લગભગ ૫૦ કરોડ ખેડૂતોને અસર થશે. ભારતને કૃષિ દેશ કહેવામાં આવે છે. આવી સ્થિતિમાં તેના માટે આ ચિંતાનો વિષય છે. આ અહેવાલમાં મોટી ચિંતા દર્શાવવામાં આવી છે, જ્યારે દેશમાં ખેડૂતોની સ્થિતિ પહેલેથી જ ખરાબ છે.વિશ્વવ્યાપી વિકાસ અને સરકારી પ્રતિનિધિઓએ આ વિશે ચેતવણી આપી છે. રોમમાં આયોજિત આઈએફએડીની ૪૩મી ગર્વનિંગ કાઉન્સિલમાં, એવું કહેવામાં આવ્યું હતું કે આપણે ગ્રામીણ વિકાસ પર મહત્તમ ધ્યાન આપવાની જરૂર છે, જેનાથી જો આબોહવાની કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય તો તેનો સામનો કરી શકાય.

**આવકમાં ૧૦% ઘટાડો થઈ શકે**

સંશોધનકર્તા કહે છે કે જાપાન, ભારત અને ન્યૂ ઝીલૅન્ડ તેમની આવકનો ૧૦% જેટલો ઘટાડો કરી શકે છે. આ સાથે સ્વિટ્ઝર્લૅન્ડની અર્થવ્યવસ્થામાં ૧૨% ઘટાડો થઈ શકે છે. તે જ સમયે, રશિયાની જીડીપી ૯% અને બ્રિટનની ૪% નીચે આવશે.

**ગ્રામીણ વિસ્તારોમાં રોકાણની જરૂર છે**

આઈએએફડીની ગર્વનિંગ કાઉન્સિલે અપીલ કરી છે કે ગ્રામીણ વિસ્તારોમાં વધુ રોકાણ કરીને આ દશ્યમાન સમસ્યાને દૂર કરી શકાય છે. આપણે બધા પરિસ્થિતિની નિર્દયતાથી વાકેફ છીએ. આવી સ્થિતિમાં, આપણી પાસે હવે વિચારવાનો સમય નથી. આપણે તેના માટે તત્કાળ પ્રયત્નો શરૂ કરવા જોઈએ. આપણે આપણી જવાબદારીઓ સમજવી જોઈએ.બીજી તરફ, યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજનું એક સંશોધન કહે છે કે હવામાન પલટાને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં આ સદીના અંત સુધીમાં ઘટાડો થઈ શકે છે. ભારત માટે આ મોટી ચિંતાનો વિષય છે. કારણ કે, જ્યારે વૈશ્વિક અર્થતંત્રમાં ૭% ઘટાડો થશે, જ્યારે ભારતનું અર્થતંત્ર ૧૦% ઘટશે. તે જ સમયે, કેનેડા, જે હંમેશાં એવો દાવો કરે છે કે તાપમાનમાં વધારો થશેતો તેમને ફાયદો થશે. તેમની આવકમાં ૧૩% સુધીનો ઘટાડો જોવા મળી શકે છે.

**સીધી અસર કૃષિ પર પડે છે**

એમ્બેસેડર અને ગ્રામીણ અર્થતંત્ર અને કૃષિના કમિશનર જોસેફ સેકો કહે છે કે આ આપત્તિ કૃષિ પર સીધી અસર કરે છે. કૃષિ ઉત્પાદન તરત જ ઘટે છે. અહીંથી, લાખો લોકો ગરીબી રેખાથી ઉપર વધવાને બદલે ગરીબી રેખાની નીચે જાય છે. આ પરિસ્થિતિ ભયાનક તેમજ ભયજનક બને છે.

**જ્યારે સાધનો ઓછા હોય ત્યારે નવા પ્રકારના વિવાદો ઉમેરવામાં આવશે**

એશિયન ફાર્મર્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી એશેર પેનુનિયાએ બેઠક બાદ કહ્યું હતું કે, હવામાનમાં થતું પરિવર્તન કૃષિ પર અસર કરી રહ્યું છે અને હાલના સંકટનો સામનો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આ વાત જોખમી છે, કારણ કે સંસાધનોમાં ઘટાડો થતાં નવા પ્રકારનાં વિવાદ ઊભા થશે. તેનાથી પરિસ્થિતિ વધુ વણસી જશે અને લોકો ગરીબીના મોં સુધી પહોંચશે. વર્ષ ૨૦૧૮ માં, ૧૭.૨ મિલિયન લોકો વિસ્થાપિત થયા હતા. હવામાન સંબંધિત આપત્તિના કારણેતેના લગભગ ૯૦ ટકા લોકો વિસ્થાપિત થયા હતા. આવી સ્થિતિમાં, હવામાન પરિવર્તન એ વિસ્થાપનનું સૌથી મોટું કારણ છે, જે વિશ્વમાં એક મોટા પડકાર તરીકે જોવામાં આવે છે. એકલા આફ્રિકામાં જ વર્ષ ૨૦૧૮પ્ર૧૯માં આવા વિવાદોમાં ૩૬% નો વધારો થયો છે. આને કારણે, ગરીબી અને ભૂખમરામાં વધારો થયો.

**૮૦૦૦ કરોડ ડોલરનું નુકસાન**

આપત્તિ નિવારણ માટેના યુનાઈટેડ નેશનના એક અહેવાલમાં જણાવાયું છે કે, કુદરતી આપત્તિઓ અને હવામાન પલટાને કારણે ૧૯૯૮ થી ૨૦૧૭ ના ૨૦ વર્ષ દરમિયાન ભારતને ૮૦૦૦ કરોડ ડોલરનું આર્થિક નુકસાન થયું હતું. આ સાથે એમ પણ કહેવામાં આવ્યું કે વિશ્વવ્યાપી આર્થિક નુકસાનમાં ભારત ટોપ પાંચમાં છે. તે જ સમયે, હવામાન પરિવર્તનની આંતરપ્રસરકારી પેનલ (આઈપીસીસી)ના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જો હવામાન પલટો એક જ રહે તો લોકોને બીમારીઓ, હીટવેવ્સ, આગની ઘટનાઓ અને ઈજાઓ થવાનું મોટું જોખમ ઊભું થઇ શકે છે.

# નવી રોકાણ તક માટે નાણાં બચાવવાનો સમય



શેરબજારમાં રોકાણ કરવામાં હાલ તમને કંઈ સુઝતું ન હોય તો નવી તક રૂપે કેટલાંક આઈપીઓ આવવાના શરૂ થયા છે. હેપ્પીએસ્ટ માઈન્ડના આઈપીઓથી આની ગયા સપ્તાહમાં સફળ શરૂઆત થઈ છે. હવે પછી આ ઓફરોમાં ઈન્વેસ્ટરોને કેટલી અને કેવી હેપ્પીનેસ મળશે એ તો આગામી સમય જ કહેશે. આમાંથી કેટલીક ઓફર રોકાણકારો માટે તક બની શકે છે, જો કે કેટલીક પ્રત્યે રોકાણકારોએ સાવચેત રહેવું જોઈશે. કોરોના બાદ માર્ચથી શરૂ થયેલા લોકડાઉનને પગલે દેશના સામાજિક અને આર્થિક સંજોગો સતત કથળવા છતાં શેરબજાર ઓગસ્ટ સુધી એકધારું તેજીમાં રહ્યું, માર્કેટે પાંચ મહિનામાં આશરે ૪૦ થી ૪૫ ટકા જેવી જબ્બર વૃદ્ધિ નોંધાવતા સમયસર નીચા બજારમાં રોકાણ કરનાર વર્ગે પાંચ મહિનામાં અઢળક કમાણી કરી છે. આમ માર્કેટના તેજીમય ટ્રેન્ડ તેમ જ ઓવરઓલ ગ્લોબલ સંજોગોને ધ્યાનમાં રાખી અત્યારસુધી ચૂપચાપ બેઠેલી કંપનીઓ માર્કેટની ઊંચી પ્રવાહિતાનો લાભ લેવા આઈપીઓ લાવી રહી છે. આશરે ૩૦ થી ૩૫ કંપનીઓને સેબીની મંજૂરી મળી ગઈ છે, જે અંદાજિત રૂ.૩૦૦૦૦ કરોડથી વધુ મૂડી ઊભી કરવાનું લક્ષ્ય રાખે છે. અલબત્ત, હાલના દિવસોમાં આશાવાદપ્રસેન્ટિમેન્ટ ઊંચા છે, તેમ છતાં માર્કેટમાં વિવિધ કારણસર નાનાપ્રમોટા કરેકશન પણ આવતા રહે છે. હાલ તો વોલેટિલિટીનું જોર વધુ છે.

## કોણપ્રકોણ આવી રહ્યું છે?

આઈપીઓ લાવનાર કંપનીઓમાં કેટલીક જાણીતી અને અમુક બિનજાણીતી કંપનીઓ હોવાથી રોકાણકારોએ અરજી કરતી વખતે સજાગતા રાખવી જરૂરી છે. અહીં એ નોંધવું રહ્યું કે વિદેશી રોકાણકારો પણ ભારતીય કંપનીઓના પ્રાઈમરી ઈસ્યૂમાં નોંધપાત્ર રસ લે છે. તાજેતરના સમયમાં આવેલા અને આવી રહેલા આઈપીઓમાં હેપ્પીએસ્ટ માઈન્ડસ ટેકનોલોજીસ (જે ગયા સપ્તાહમાં ખુલીને બંધ થયો), એન્જલ બ્રોકિંગ, કલ્યાણ જવેલર્સ ઈન્ડિયા, ગ્લેન્ડ ફાર્મા, જયકુમાર ક્ધસ્ટ્રકશન, નેશનલ કોમોડિટી ડેરિવેટિવ્ઝ એકસચેંજ, ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન, કોમ્પ્યુટર એજ મેનેજમેન્ટ સર્વિસીસ (કેમ્સ), ઈકિવટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક, રૂટ મોબાઈલ, યુટીઆઈ એએમસી, કેમકો સ્પેશિયાલિટી અને નેશનલ સ્ટોક એકસચેંજનો સમાવેશ થાય છે. એનએસઈનો આઈપીઓ એક યા બીજા કારણસર (વિવાદના) મોકૂફ થતો રહ્યો હતો, હવે તે આ વરસે યા આગામી વરસે રૂ.૧૦ હજાર કરોડ ઊભા કરવા આવશે, જોકે હજી પણ તેની સામે પ્રશ્ર્નાર્થ ચિન્હ ઊભું છે. લાંબા સમયથી લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) જેવી જાયન્ટ સંસ્થાના પબ્લિક ઈસ્યૂની વાત પણ જોરમાં ચાલી રહી છે. સરકાર તરફથી એ બહુ જ મોટો નિર્ણય હશે. તેનું કદ પણ બહુ જંગી હશે. આ ઉપરાંત એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સનો પણ જંગી પબ્લિક ઈસ્યૂનો પ્લાન હોવાનું ચર્ચામાં છે.

## વરસના આરંભના સફળ ઈસ્યૂ

અત્યારસુધીના ગાળામાં ઘણી કંપનીઓએ કવાલિફાઈડ સંસ્થાકીય ઈન્વેસ્ટરો તેમ જ રાઈટ ઓફર મારફત નાણાં ઊભા કરતી રહી હતી. માત્ર ત્રણ કંપનીઓ આઈપીઓ લાવવાનું સાહસ કરી શકી હતી. છેલ્લે માર્ચમાં એસબીઆઈ કાર્ડસ, જુલાઈમાં રોસરી બાયોટેક અને માઈન્ડ સ્પેસ બિઝનેસ પાર્ક આઈપીઓ મારફત નાણાં ઊભા કરી શકી હતી. ગયા વરસે આ સમયમાં ૧૧ કંપનીઓ સફળતાપૂર્વક પબ્લિક ઈસ્યૂ લાવી શકી હતી. હવે આ વરસના અંતસુધીમાં ૭ જેટલી કંપનીઓ આઈપીઓ લાવવા સજ્જ થઈ છે, જે રૂ.૧૦ હજાર કરોડથી ૨૮ હજાર કરોડ ઊભા કરશે. વિતેલા સમયમાં વિદેશી રોકાણકારોના નાણાં




પણ ભારતીય સેક્ધડરી માર્કેટ કરતાપ્રાઈમરી માર્કેટમાં વધુ આવ્યા હોવાનું પણ નોંધાયું છે.

## ઈન્વેસ્ટરોએ શું ધ્યાન રાખવું?

આ તમામ આઈપીઓને નવા રોકાણની તક ગણી શકાય, પરંતુ તે નવા ઈસ્યૂ હોવાથી આ કંપનીઓની અત્યારસુધીની કામગીરી, તેના પ્રમોટર્સ, તેમનો ટ્રેકરેકોર્ડ, વર્તમાન અને ભાવિ લક્ષ્ય, કંપની કયા ઉદ્દેશ માટે ફંડ વાપરવા માગે છે, વગેરે જેવી પાયાની બાબતો જાણવી જોઈએ. ઘણી કંપનીઓ મોટેભાગે પોતાનું દેવું ભરપાઈ કરવા પણ ઈસ્યૂ લાવતી હોય છે. આ બધી જ વિગતો કંપનીના ઓફર દસ્તાવેજમાં લખી હોય છે. આ ઉપરાંત સ્ટોક એકસચેંજ કે સેબીની વેબસાઈટ પરથી પણ મળી જાય છે. બ્રોકરો કે ફાઈનાન્સ કંપનીઓ આઈપીઓ માટે છૂટથી નાણાં ધિરાણમાં આપે છે, તેને કારણે ઘણાં ઈસ્યૂ છલકાઈ જતા હોય છે, આને લીધે કંપની સારી જ છે એવું માની લેવાની ભૂલ કરાય નહીં. આઈપીઓના લિસ્ટિંગમાં ઊંચો ભાવ ખુલતા જ શોર્ટ ટર્મ રોકાણકારો નફો લઈ નીકળી જાય છે. મૂડીબજારમાં હવેના સમયમાં આવી રહેલી કંપનીઓ સ્પર્ધામાં લાંબો સમય મજબૂત રહી ટકી શકવાની ક્ષમતા ધરાવે છે કે કેમ એ જાણવું જોઈએ. લોંગ ટર્મના રોકાણકારો માટે આ બાબત આવશ્યક છે. આઈપીઓ માટે મુકત ભાવ નીતિ હોવાને લીધે મોટાભાગની કંપનીઓ ઊંચા ભાવે ઈસ્યૂ લાવે છે, જે ભાવ લાંબે ગાળે ટકી રહેવાનું કઠિન હોય છે. જો કે આમાં ડિમાર્ટ અને એસબીઆઈ કાર્ડસ જેવા અપવાદ પણ હોઈ શકે. તેમ છતાં ઊંચા ભાવે આંશિક નફો બુક કરી લેવામાં સાર ખરો. બાકી કંપનીના ફંડામેન્ટલ્સ મજબૂત હોય અને ભાવ ઘટે તો ફરી ખરીદી કરી શકાય છે.

ગુજરાતના ચોકકસ શહેરોમાં આઈપીઓની ગ્રે (પ્રિમીયમ) માર્કેટ ધૂમ ચાલતી હોય છે. જયાં આઈપીઓના આગમન પહેલાં અને બાદના કિંતુ લિસ્ટીંગ પૂર્વેના દિવસોમાં તેના પ્રિમીયમના બિનપ્રસત્તાવાર સોદા થાય છે. આ સમયે બોલાતા ભાવ ઈસ્યૂ કેવો મજબૂત યા નબળો છે તેનો સંકેત આપતો હોય છે. જો કે દિમાગ બંધ રાખીને તેનું અનુકરણ કરાય નહીં. આ માર્કેટમાં કામ કરનારા તે બિનસત્તાવાર ધોરણે કરતા હોય છે અને મોટેભાગે તે કામ કાળા નાણાંથી થાય છે. આમાં ઓપરેટરો વધુ સક્રિય હોય છે. જો કે તેઓ માર્કેટમાં લિસ્ટિંગ બાદ શું થશે યા થઈ શકે તેનો સંકેત અમુક અંશે આપી દે છે.

# હાર્ટના દર્દી માટે હીટ સ્ટ્રોક ખતરનાક

## લુ સામાન્ય રીતે કોઇને પણ લાગી શકે છે પંરતુ હાર્ટના દર્દી માટે તે વધારે ખતરનાક સાબિત થઇ શકે છે : આવા લોકોને વધારે સાવધાની જરૂરી



દેશમાં ગરમીનુ પ્રમાણ દિન પ્રતિનિ વધી રહ્યુ છે. લોકો ગરમીના કારણે ત્રાહીમામ પોકારી ગયા છે. તીવ્ર ગરમી, લુ અને તાપ કેટલીક રીતે નુકસાન પહોંચાડે છે. સામાન્ય રીતે તો લુ કોઇને પણ લાગી શકે છે પરંતુ હાર્ટના દર્દીઓ માટે તે વધારે ખતરનાક બની શકે છે. જેથી આ પ્રકારના લોકોને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. જે હાર્ટ સાથે સંબંધિત બિમારીથી ગ્રસ્ત છે તે લોકોને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. તબીબોના કહેવા મુજબ લુના કારણે બોડી ડિહાઇડ્રેટ થઇ જાય છે. એટલે કે તેમાં પાણીની કમી થઇ જાય છે. આ પ્રકારની સ્થિતી નર્વ્સ અને ધમનીમાં સ્ટ્રોક માટે કારણ તરીકે બને છે. શ્વાસ ફુંલવા લાગી જાય છે. હાર્ટ પર પ્રેશર વધે છે. જેથી હાર્ટના દર્દીને વધારે સાવધાન રહેવાની જરૂર હોય છે. લુથી બચવા માટે તમામ પ્રયાસો કરવા જોઇએ. શરીરને સંપૂર્ણ રીતે ઢાકીને બહાર નિકળવવાની જરૂર હોય છે. સાથે સાથે પાણી, ગ્લુકોઝ અને લિંબુ સાથે રાખવાની જરૂર હોય છે. ખાલી પેટ બહાર જવાની હિમ્મત કરવી જોઇએ નહીં. શરીરમાં પાણીની કમી ન થાય તેવા પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પાણીની કમીથી સ્ટ્રોક અટેક થઇ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, સાત સ્ટ્રોક પૈકીના એક સ્ટ્રોકનો હુમલો ઉંઘમાં થઇ જાય છે. આ નવા અભ્યાસના તારણો ખુબ જ ચોકાવનારા છે. સ્ટ્રોકના પ્રાથમિક લક્ષણો જાણવામાં ખુબ જ મુશ્કેલી પડે છે. અમેરિકન એકેડમી ઓફ ન્યુરોલોજીના એક સભ્ય અને યુનિવર્સિટી ઓફ સિનસિનાટીના અભ્યાસના પ્રોફેસર જેસન મેકેએ કહ્યું છે કે, આ પ્રકારના સ્ટ્રોક માટેની એક પ્રકાર સારવાર પ્રથમ લક્ષણો દેખાયાના કલાકો બાદ જ આપવામાં આવે તે જરૂરી છે લક્ષણો જાણી શકાતા નથી. જેથી સારવાર લેવાની બાબત પણ મોડાથી શરૂ થાય છે. જેથી સ્ટ્રોકના હુમલાઓના લક્ષણો વધી જાય છે. સાથે સાથે આ બીમારી મજબુત રીતે વ્યક્તિની ધરી લે છે. ૧૮ વર્ષની વયમાં અને તેનાથી મોટી વયના લોકોમાં સ્ટ્રોકના તમામ કેસોમાં અભ્યાસ કર્યા બાદ સંશોધકોએ કહ્યું છે કે, હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં આ કેસ પર નજર રાખવામાં આવી હતી. મોટા ભાગના સ્ટ્રોકના હુમલાઓ બ્રેનમાં લોહીના પ્રવાહ ઉપર બ્રેક આવવાના કારણે થાય છે. અભ્સાયમાં ૧૮૫૪ સ્ટ્રોક પૈકીના ૨૭૩ સ્ટ્રોકના હુમલાઓ અથવા તો ૧૪ ટકા સ્ટ્રકો વોકઅપ સ્ટ્રોક તરીકે હોય છે. વોકસઅ સ્ટ્રોકમાં વ્યક્તિ મજબુત લક્ષણોના કારણે જાગી જાય છે. સંશોધકોનો અંદાજ છે કે, એક વર્ષમાં અમેરિકામાં અંદાજે ૫૮ હજાર લોકો વોકઅપ સ્ટ્રોક બાદ ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે પહોંચ્યા હતા. અભ્યાસના પરિણામો ખુબ જ મહત્વપૂર્ણ છે. અભ્સાયના પરિણામ પ્રિન્ટ ઈસ્યુ ઓફ ન્યુરોલોજીમાં પ્રકાશિત કરવામાં આવી ચુક્યા છે. સ્ટ્રોકના હુમલાઓની ફરિયાદ આધુનિક સમયમાં લોકોમાં વધી ગઇ છે. હાર્ટ એટેકનો હુમલો થયા બાદ કેટલીક પ્રકારની કસરત હંમેશા મદદરૂપ સાબિત થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હાર્ટ એટેકનો હુમલો થયા બાદ વહેલી તકે કસરતથી ફાયદો થાય છે. આરામ કરવાનો વિકલ્પ શ્રેષ્ઠ વિકલ્પ નથી. હુમલો થયા બાદ વહેલી તકે કસરત કરવાની બાબતથી હાર્ટની સ્થિતિ વધારે સારી થાય છે. લાંબાગાળા સુધી કસરત યોગ્ય વિકલ્પ છે. યુનિવર્સિટી ઓફ અલબર્ટામાં અભ્યાસ કરનાર મુખ્ય સંશોધક માર્ક હેકોવસ્કીએ કહ્યું છે કે હાર્ટની કામગીરી પર કસરત ખૂબ જ યોગ્ય અસર કરે છે. અગાઉની ગણતરી આ અભ્યાસમાં ખોટી સાબિત થઈ ગઈ છે. હીટ સ્ટ્રોકથી બચવા માટે કોટન અને ખુલ્લા કપડા પહેરવા જોઇએ. જ્યુસ પણ ખુબ મદદરૂપ બને છે. તાપથી બચવા માટે છત્રીનો ઉપયોગ પણ કરી શકાય છે. આ ઉપરાંત માથામાં ભીના કપડાને લઇને ચાલવાથી પણ ફાયદો થાય છે. ચહેરાને પણ કપડાથી ઢાકી લેવાની જરૂર હોય છે. ગરમીની સિઝનમાં મળનાર મોટા ભાગના શાકભાજી ઉપયોગી સાબિત થાય છે. જેથી તેનો ઉપયોગ કરવાથી પણ મોટી રાહત થાય છે.

## એક ગોળીથી સ્કીન કેન્સર દુર

**સ્કીન કેન્સરને રોકવા માટે તબીબી અને વૈજ્ઞાનિક સ્થળે બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમા ઘણી સફળતા હાથ પણ લાગી છે. હવે આ દિશામાં આગળ વધીને ટૂંક સમયમાં જ વધુ મોટી સફળતા મળવાની શક્યતા છે. સ્કીન કેન્સરની સારવાર હવે નજીકના ભવિષ્યમાં માત્ર એક ગોળી ખાવાથી થઈ શકશે. વૈજ્ઞાનિકોએ એક એવી દવા બનાવી હોવાનો દાવો કર્યો છે જે લોકોમાં સનબર્નના કારણે થયેલા નુકશાન દૂર કરીને બીમારીના ફેલાવાને રોકી શકશે. ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીના નેતૃત્વમાં એક આતંરરાષ્ટ્રીય ટીમે આ મામલામાં અભ્યાસ કરીને ઘણી બધી બાબતો શોધી કાઢી છે. પશુ પક્ષીઓ કઈ રીતે સૂર્યના નુકશાનકારક કિરણોથી પોતાને બચાવે છે. આ શોધથી હવે એક એવી દવા વિકસિત કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે જે સનબર્ગના કારણે થનાર બિમારી દૂર કરશે. સૌથી જીવલેણ કેન્સર પૈકીના એક તરીકે ગણાતા સ્કીન કેન્સર સામે લોકોને રક્ષણ મળી શકશે. ડેલી એકસપ્રેસમાં આ મુજબના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા છે. હકીકતમાં દસ વર્ષના અભ્યાસ બાદ શોધ કરનાર ટુકડી આ તારણ ઉપર પહોંચી છે.**

# માથેરાન એક લોકપ્રિય હિલ સ્ટેશન

મહારાષ્ટ્રના માથેરાનનુ નામ આવતાની સાથે જ દેશના સૌથી ખુબસુરત અને નાના હિલ સ્ટેશનની યાદ તાજી થઇ જાય છે. માથેરાન આજે શહેરી ભારતીય લોકો માટે લોકપ્રિય વીકેન્ડ ગેટવે તરીકે છે. અહીં લાખોની સંખ્યામાં પ્રવાસીઓ ભારતના જુદા જુદા ભાગોમાંથી પહોચે છે. તેની ખુબસુરતી ચોક્કસપણે માણવા જેવી રહેલી છે. માથેરાનનો અર્થ પહાડી પર વન્ય વિસ્તાર થાય છે. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે માથેરાન એશિયામાં એકમાત્ર ઓટોમોબાઇલ ફ્રી હિલ સ્ટેશન છે. જેની અનેક વિશેષતા તમામ પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષિત કરે છે. તેના ખુબસુરત ૩૮થી વધારે લુક આઉટ પોઇન્ટ પણ તમામનુ ધ્યાન ખેંચે છે.

આ તમામ લુક આઉટમાં એક પેનોરમા પોઇન્ટ પણ છે. જે આસપાસના વિસ્તારથી ૩૬૦ ડિગ્રી વિવ્યુ આપે છે. માથેરાન મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં સ્થિત છે. આના સંબંધમાં વધારે માહિતી ધરાવનાર લોકો કહે છે કે તે દરિયાઇ સપાટીથી આશરે ૨૬૨૫ ફુટની ઉંચાઇએ સ્થિત છે. તે વેસ્ટર્ન ઘાટ પર સ્થિત છે. તે મુંબઇથી આશરે ૯૦ કિલોમીટરના અંતરે અને પુણેથી ૧૨૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. માથેરાન તમામ લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે. ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા તેને ઈકો-સેન્સેટિવ પ્રદેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ તેની લોકપ્રિયતા સતત વધી રહી છે. પેનોરમા પોઇન્ટની ખાસ વિશેષતા રહેલી છે. આ પોઇન્ટથી સનસેટ અને સનરાઇઝના વ્યુ ખુબ શાનદાર રીતે લઇ શકાય છે. આવી જ રીતે લુઇસા પોઇન્ટ પ્રબળ કિલ્લાના ક્રિસ્ટલ ક્લિયર વ્યુ આપે છે. અન્ય જે પોઇન્ટ ખુબ લોકપ્રિય થયેલા છે તેમાં વન ટ્રી હિલ પોઇન્ટ, મન્કી પોઇન્ટ, પોરક્યુ પાઇન પોઇન્ટ, રામગઢ પોઇન્ટ અને અન્ય પોઇન્ટ આવેલા છે. જે તમામ પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષિત કરે છે. અહીં રહેવા માટે પ્રવાસીઓ માટે અનેક હોટેલો અને રેસ્ટોરન્ટ રહેલા છે. જેમાં તમામ પ્રકારની સુવિધા પ્રવાસીઓ માટે રહેલી છે. અહીં અનેક પારસી બંગલાઓ પણ આવેલા છે. માથેરાનમાં ગયા બાદ પ્રવાસીઓને જુની બ્રિટીશ સ્ટાઇલના આર્કિટેક્ચરના ખુબસુરત સ્થળો જોઇ શકાય છે. રસ્તાઓને લઇને પણ કોઇ સમસ્યા નથી. માથેરાનમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચવા લાગ્યા છે જેથી તેને લઇને મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા પણ આની ખુબસુરતીને વધારી દેવા માટે વિવિધ પહેલ કરવામાં આવી ચુકી છે. ભૌગોલિક રીતે જોવામાં આવે તો પથ્થરના પ્રકારના પહાડ તમામનુ ધ્યાન ખેંચે છે. ઇતિહાસ પર નજર કરવામા આવે તો માથેરાનની ઓળખ મે ૧૮૫૦માં થાણે જિલ્લાના તત્કાલીન જિલ્લા કલેક્ટર હગ માલેટ દ્વારા શોધી કાઢવામાં આવ્યા બાદ આની તરફ ધ્યાન આપવામાં આવ્યુ હતુ.ત્યારબાદ બોમ્બેના તત્કાલીન ગવર્નર એલફિનસ્ટોન દ્વારા આને ભાવિ હિલ સ્ટેશન તરીકે વિકસિત કરવા માટેની કામગીરી હાથ ધરી હતી. કાળઝાળ ગરમીથી બચવાના ઇરાદા સાથે લોકપ્રિય રિસોર્ટ તરીકે માથેરાનને બ્રિટીશ શાસકો દ્વારા વિકસિત કરવામાં આવ્યા બાદ તેની લોકપ્રિયતા અને ખુબસુરતી વધતી ગઇ છે. માથેરાન લોકપ્રિય સ્વતંત્રત સૈનાની વીર બાઇ કોટવાલના જન્મ સ્થળ તરીકે પણ છે. એક વાળંદ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. રાજ્ય સરકારે ત્યારબાદ તેમની યાદમાં એક સ્મારક પણ બનાવવામાં આવ્યુ હતુ. વર્ષ ૧૯૦૭માં માથેરાન હિલ રેલવેનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. માથેરાન હિલ રેલવે માથેરાન લાઇટ રેલવે તરીકે પણ લોકપ્રિય છે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ અધિકારીઓની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જો ક તેને વર્લ્ડ હેરિટેજની સાઇટોમાં સ્થાનમાં મુકવામાં સફળતા મળી નથી. ભારતના અન્ય હિલ રેલવે જેમ કે દાર્જિલિંગ રેલવે, કાંગરા વેલી રેલવે સ્ટેશન , નિલગીરી માઉન્ટેન રેલવે આ યાદીમાં સામેલ છે. ગરમીની સિઝનમાં ફરવા માટે આને સૌથી આદર્શ સ્થળો પૈકી એક તરીકે ગણી શકાય છે. આની લોકપ્રિયતા હવે સૌથી લોકપ્રિય હિલ સ્ટેશનો પૈકી એક તરીકે વધી રહી છે. ગુજરાતમાંથી સૌથી મોટી સંખ્યામાં લોકો આ જગ્યાએ ફરવા માટે પહોંચે છે.

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૨૫ નવેમ્બર ૨૦૨૪**

# વકરતું યુદ્ધ

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ જ્યારે એમ માનવામાં આવતું હતું કે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતું યુદ્ધ સમાપ્ત થઈ શકે છે, ત્યારે તે ખતરનાક વળાંક લેતું દેખાઈ રહ્યું છે. તેનું કારણ છે કે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને યુક્રેનને એવાં હથિયારો આપવાનું નક્કી કર્યું, જેનાથી તે રશિયાનો મુકાબલો કરવામાં સક્ષમ બની શકે. આ ક્રમમાં તેમણે યુક્રેનને રશિયા વિરુદ્ધ લાંબા અંતર સુધી પ્રહાર કરનારી મિસાઈલોના ઉપયોગની અનુમતિ પણ આપી દીધી. આ અનુમતિ મળતાં જ યુક્રેને રશિયા વિરુદ્ધ એવી મિસાઈલોનો ઉપયોગ કરવામાં વાર ન લગાડી. તેના જવાબમાં રશિયાએ પણ પોતાના તેવર દેખાડતાં પહેલી વાર આંતર મહાદ્વીપીય બેલિસ્ટિક મિસાઈલથી યુક્રેનને નિશાનો બનાવ્યું. આ મિસાઈલ પરમાણુ હથિયાર લઈ જવામાં પણ સક્ષમ છે. રશિયન રાષ્ટ્રપતિ પુતિન પહેલા દિવસથી જ ચેતવી રહ્યા છે કે જો અમેરિકા અને યુરોપ યુક્રેનના બચાવમાં આગળ આવે છે તો તે તેને યુદ્ધમાં તેમની સીધી દખલ માનશે. હવે રશિયાએ યુક્રેન સાથે અમેરિકા અને યુરોપીય દેશોને ધમકાવવા માટે પરમાણુ હથિયાર ઉપયોગ કરવાના નિયમોમાં બદલાવ કરવાની સાથે જ એમ પણ કહ્યું કે તે પોલેન્ડ સ્થિત અમેરિકી એરબેઝને નિશાનો બનાવશે. ખબર નહીં, આગળ શું થશે, પરંતુ એ ઠીક નથી કે જે યુદ્ધ સમાપ્ત થવાની આશા જાગી હતી, તેને વધુ ભડકવાની આશંકા પેદા થઈ ગઈ છે. તેના માટે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનને જવાબદાર ઠેરવતાં કહેવાઈ રહ્યું છે કે તે પોતાનું પદ છોડતાં પહેલાં હાલત બગાડવાની સાથે જ વિશ્વને ત્રીજા યુદ્ધ તરફ ધકેલી રહ્યા છે.

બાઈડનના નિર્ણયની ટીકા અમેરિકામાં પણ થઈ રહી છે, પરંતુ એ પણ ધ્યાન રહે કે તેમણે યુક્રેનને ઘાતક હથિયાર આપવાનો નિર્ણય એ સમાચારો આવ્યા બાદ કર્યો કે રશિયાની મદદ માટે ઉત્તર કોરિયાની સેનાઓ મોરચે પહોંચી છે. અમેરિકી રાષ્ટ્રપતિ પોતાના ચુકાદાને યોગ્ય ઠેરવી શકે છે, પરંતુ તેનો પણ ઈનકાર ન કરી શકાય કે તેમણે રશિયા અને યુક્રેન વચ્ચે છેડાયેલા ૩૩ મહિના જૂના યુદ્ધને સમાપ્ત કરવાની કોઈ ઈમાનદાર કોશિશ ન કરી. અમેરિકાની જેમ જ યુરોપીય દેશોએ પણ એ કારણોનું નિવારણ કરવાની જહેમત નથી ઉઠાવી, જેને કારણે રશિયાની સુરક્ષા ચિંતાઓ વધી ગઈ હતી અને જેમને દૂર કરવાના બહાને તેને યુક્રેનને નિશાનો બનાવ્યું. જોકે એ સમજવું મુશ્કેલ છે કે રશિયા યુક્રેનની વધુને વધુ જમીન પર કબ્જો જમાવીને શું હાંસલ કરી લેશે? હવે જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ ભડકવાની આશંકા ઓર વધી ગઈ છે અને ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદ પર બેસવાને હજી વાર છે, ત્યારે ભારતીય વડાપ્રધાને મધ્યસ્થી માટે આગળ આવવું જોઈએ. તેઓ તેમાં સક્ષમ છે, કારણકે અંતે કોઈને કોઈ સમજૂતી તો થશે જ.

**બાઇડનના નિર્ણયની ટીકા અમેરિકામાં પણ થઈ રહી છે, પરંતુ એ પણ ધ્યાન રહે કે તેમણે યુક્રેનને ઘાતક હથિયાર આપવાનો નિર્ણય એ સમાચારો આવ્યા બાદ કર્યો કે રશિયાની મદદ માટે ઉત્તર કોરિયાની સેનાઓ મોરચે પહોંચી છે.**

# ડોકટર ભગવાન હોવાના દર્દીઓના વિશ્વાસને મેડીકલ કૌભાડોએ તોડયો

કોઈ પણ રીતે કમાણી કરવાનો એક માત્ર ઉદ્દેશ જ જગત પાસે બચ્યો હોય તેમ સૌ કોઈ સાચીખોટી રીતે કમાવા સિવાય બીજું કૈં વિચારતા જ નથી. પરિણામે ભ્રષ્ટાચાર જ સર્વોપરી થયો છે. જોઈએ તેના કરતાં વધુ પૈસા મેળવવામાં લોહીનું પાણી થતું રહે છે. આયુષ્યમાન યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં ૪૬ લાખ જેટલા દર્દીઓ પાછળ ગુજરાતમાં લગભગ ૯૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થયો. આયુષ્યમાન કાર્ડ ધારકને કોઈ ખર્ચો થતો નથી એમ કહીને સારવાર માટે હોસ્પિટલે ખેંચવામાં આવતા અને એમ કરીને ડોકટરો દર્દીઓને અને સરકારને પણ વેતરી નાખતા હોવાની ગંભીર ચિંતા ઉભી થઈ છે. આયુષ્યમાન કાર્ડમાંથી જે જે રકમો ઊપડી છે તે કરોડોની રકમ હવે સરકાર હોસ્પિટલ પાસેથી વસૂલશે. એ તો બરાબર, પણ આ ડોકટરો એકલી સરકારને જ વેતરીને રહી ગયા નથી, અન્ય દર્દીઓને પણ આ નિર્લજ્જોએ લૂંટવામાં કૈં જ બાકી નહીં રાખ્યું હોય એ સ્પષ્ટ થતું જાય છે. ત્યારે એક કિસ્સામાં મફત મેડિકલ કેમ્પ કડીનાં બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલ દ્વારા યોજાતા હતા ને જેમની પાસે આયુષ્યમાન કાર્ડ હતા તેવા દર્દીઓને હોસ્પિટલે બોલાવીને, કદાચ કેટલાકને તો જરૂર ન હોય છતાં સ્ટેન્ટ મૂકી દઈને, આયુષ્યમાન કાર્ડમાંથી સરકાર પાસેથી પૈસા પડાવી લેવાતા હોવાનું ખુબ મોટુ મેડિકલ કૌભાંડ બહાર આવ્યું છે.

ડોકટરો દર્દી માટે ભગવાન છે એ વાક્ય સર્વ સ્વીકાર્ય બન્યું. પણ એ બિચારા દર્દીને ખબર નથી કે જેમને એ ભગવાન માને છે તે તો ભગવાન પાસે પહોંચાડનારા બની શકે છે. શું હવે આયુષ્યમાન કાર્ડ આયુષ્ય ઘટાડશે?! એ દર્દી તો ડોકટરોને હવાલે થયા ને ડોકટરોએ જરૂર ન હતી તોય સ્ટેન્ટ મૂકીને મોતને હવાલે કર્યાના આક્ષેપ ખુબ ગંભીર કહી શકાય.

ખ્યાતિ કાંડ મામલે પોલીસ પણ પહોંચી છે ને તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. આ મામલો કડી પૂરતો સીમિત નથી. ખ્યાતિ હોસ્પિટલના રડાર પર સાણંદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લા પણ હતા. ખ્યાતિ હોસ્પિટલના આવા જઘન્ય અપરાધ પછી ઝાંસીની મેડિકલ કોલેજમાં શુક્રવારે રાત્રે વિસ્ફોટ થયો અને તે પછી લાગેલી આગમાં ૧૧ નવજાત શિશુઓનો ભડકો થઈ ગયો. બારીના કાચ તોડીને ૩૯ બાળકોને તો બચાવી લેવાયાં, પણ જેમને જીવન શું એની ખબર પડે તે પહેલાં જ ૧૧ કૂમળા જીવો ફૂંકાઈ ગયા. ઓક્સિજન કોન્સેન્ટ્રેટરમાં સ્પાર્ક થતાં આગ ફાટી નીકળી ને નવજાત જીવો તેમાં હોમાઈ ગયા. ગુજરાતમાં કોર્પોરેટ-ખાનગી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને મોકલીને સરકારી યોજના દ્વારા કરોડો કમાવાનું વ્યવસ્થિત કૌભાંડ ચાલતું હોવાની વાત હવે ખુલ્લી પડી ગઈ છે. ગામડાંના નાના ડોકટરો આવા દર્દીઓને મોકલીને ભારે દલાલી મેળવતા હોય છે. આ લોકોની માનસિકતા વધારે બદતર છે. જેમાં હવે ગુજરાતની ૮૦૦ હોસ્પિટલોની તપાસ કરવાની વાત છે. પણ આ તપાસનો ખેલ એવો છે કે એ શરૂઆતમાં ચાલે છે ને પછી તેનું ક્યારે પડીકું વળી જાય છે તેની ખબર જ પડતી નથી.

**ખ્યાતિ કાંડ મામલે પોલીસ પણ પહોંચી છે ને તપાસ ક્રાઇમ બ્રાન્ચ કરી રહી છે. આ મામલો કડી પૂરતો સીમિત નથી. ખ્યાતિ હોસ્પિટલના રડાર પર સાણંદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લા પણ હતા.**

**સૂત્રગ્રંથો તથા ગીતા-ઉપનિષદોમાં આવા સ્નાનથી મોક્ષ મળવાની વાતો નથી**

# પ્રત્યેક કુંભમેળામાં ત્રણથી ચાર મુખ્ય સ્નાન હોય છે

કુંભમહાપર્વની પાછળ એક પૌરાણિક કથા છે. દેવ અને દૈત્યોએ મળીને સમુદ્રમંથન કર્યું. સમુદ્રમંથનથી અમૃતનો ઘડો નીકળ્યો. અમૃત ઉપર બન્ને પક્ષોનો અધિકાર હતો, પણ દૈત્યો આ અમૃત પી જશે તો અમર થઇ જશે અને દેવોને કાયમ માટે ત્રાસ આપશે તેવા ભયથી ઇંદ્રનો પુત્ર જયંત પેલા અમૃતના ઘડાને લઇને આકાશમાર્ગે ઊડી ગયો. પોતાનું અમૃત પાછું મેળવવા દૈત્યો પાછળ પડ્યા. થાકના કારણે જયંતે ચાર સ્થળોએ આ ઘડાને મૂકેલો ત્યાં અમૃતના ચાર ટીપા પડેલા એટલે તે તે સ્થળ (હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિક) એ દર ત્રણ વર્ષ નિશ્ચિત નક્ષત્રોના યોગો પ્રાપ્ત થતા લાખો માણસો સ્નાન કરવા ઊમટી પડે તે સ્વાભાવિક છે. સૂત્રગ્રંથો તથા ગીતા-ઉપનિષદોમાં આવા સ્નાનથી મોક્ષ મળવાની વાતો નથી, પણ પુરાણીઓએ પુરાણો દ્વારા પ્રકૃતિપૂજા, તેમાં પણ ખાસ કરીને જળપૂજા તરફ વધુ ભાર મૂક્યો. એટલે તીર્થોમાં સ્નાન કરવાનું, ગંધાતું પાણી હોય તો પણ સ્નાન કરવું એ પાકી શ્રદ્ધાનો વિષય બની ગયો. પ્રત્યેક કુંભમેળામાં ત્રણથી ચાર મુખ્ય સ્નાન થતા હોય છે. આ ધાર્મિક મેળો છે એટલે તેમાં મુખ્ય ઘટક સાધુઓનો રહે તે સ્વાભાવિક છે. ભારતમાં વીસ હજાર જેટલા નાનામોટા સંપ્રદાયો-પંથો છે અને તેમાં ઘરબારીથી માંડીને ત્યાગી વિરક્ત પ્રકારના અસંખ્ય સાધુઓ છે. આ સાધુઓમાં પણ કેટલાક શાસ્ત્રધારી તથા કેટલાક શસ્ત્રધારી સાધુઓ પણ હોય છે. ત્રિશૂળ, ભાલો, ચીપિયો, કુહાડી, લાઠી વગેરે શસ્ત્રો લઇને સમૂહરૂપમાં વિચરણ કરનારા સાધુઓ પણ છે. આવા સમૂહને જમાત કહેવાય છે. જમાત શબ્દ ફારસીનો છે એટલે આ પ્રક્રિયા ફારસી ભાષાના પ્રભાવકાળવાળા મુસ્લિમ શાસન દરમ્યાન શરૂ થઇ હોય તેવું અનુમાન કરી શકાય છે.બચપણમાં મેં ઘણી જમાતો જોઇ છે. નાગાબાવાઓની જમાતોના નામથી ઓળખાતી આ જમાતોથી ગામડાના માણસો બહુ ડરતા. કેટલાક તો ખેતરોમાં ભાગી જાય, કેટલીક વાર ખેતરોમાંથી પણ ભાગેલા પટેલોને જમાતવાળા પકડી લાવે. ધોળી દાળ અને કાળી રોટી એ તેમનો મુખ્ય આહાર. ખાઇ-પીને મસ્ત રહેનારા, કેટલાક સારા વ્યાયામ કરનારા સુદૃઢ શરીરવાળા, દાવપેચ તથા અટાપટા જાણનારા સાધુઓ પણ હોય. તે વખતે અમને આવી કૂતુહલવશ જમાત જોવાની મજા પડતી, જોકે 'બાવા પકડી જશે' એવી બીક પણ દરેક છોકરાને હોય જ. જમાતમાં કોઇ કોઇ તપસ્વી, ધૂણી તાપનાર સારી પ્રકૃતિના સાધુ પણ હોય. ભાષાની દૃષ્ટિએ જોઇએ તો તોછડી ભાષા તથા ગાલી-ગલોચનું પ્રમાણ પણ સારા પ્રમાણમાં જોવા મળે.મુખ્યત: આવો શસ્ત્રધારી વર્ગ પ્રાચીન કાળમાં પોતપોતાના શસ્ત્રો સહિત કુંભસ્નાન કરવા પહોંચી જતો. ગંગાજીની રેતીમાં તંબૂઓ નાખીને ટોળેટોળા પોતપોતાના વિભાગમાં રહેતા. આ સ્થળોને માટે આશ્રમ વગેરેને બદલે લશ્કરી શબ્દ 'છાવણી' વપરાતો. આજે પણ ઘણા ઉતારાઓને 'છાવણી' કહેવાય છે. આવી તે રીતે રામાદલ તથા શંભુદલ એમ 'દલ' શબ્દનો પ્રયોગ પણ કરાતો. રામાદલ એટલે વૈરાગી નાગાબાવાઓ અને શંભુદલ એટલે સંન્યાસી નાગાબાવાઓ. આવા જ બીજા પણ નાનામોટા દળો પોતપોતાની નિર્ધારિત જગ્યાએ તંબૂઓ વગેરેમાં ગોઠવાઇ જતા.મુસ્લિમો જેમ કતલની રાત માને છે તેમ કુંભસ્નાનનું પ્રભાત કતલપ્રભાત બની જતું, કારણ કે નિશ્ચિત જગ્યાએ પ્રથમ સ્નાન કરવા ભારે હોંસાતૂંસી થતી. એ હોંસાતૂંસી મારામારી તથા ધિંગાણામાં ફેરવાઇ જતી. શસ્ત્રો તો પાસે હોય જ એટલે તેનો ઉપયોગ થતો. અસંખ્ય લાશો પડી જતી અને વિજયી દળ જયજયકાર કરતું ઉલ્લાસમાં આવીને સ્નાન કરતું. ખબર નહિ કેટલા સમયથી આવી પદ્ધતિ ચાલતી હશે. આવા ધિંગાણામાં શાસ્ત્રધારી વિદ્વાન સંતો ભાગ્યે જ આવતા.આ હિંસાના કારણે અંગ્રેજોના સમયમાં કુંભમેળા ઉપર પ્રતિબંધ મુકાયો. કેટલાક વર્ષો સુધી કુંભમેળો બંધ રહ્યો. ફરી પાછા મેળાને ચાલુ કરાવવાના ચક્રો ગતિમાન થયા. મહામના પંડિત મદનમોહન માલવીયજીએ પ્રયત્ન કરીને ૧૯૩૮માં મેળો શરૂ કરાવડાવ્યો. પણ વહીવટકુશળ અંગ્રેજોએ વહીવટની દૃષ્ટિએ કેટલીક શરતો મૂકી. તેનું પાલન કરવા સો અખાડાઓ બંધાયા. મુખ્યત: સ્નાન કરવાનો સમય નિર્ધારિત કરાયો. કયા કયા કુંભમેળામાં કયો કયો અખાડો પ્રથમ, દ્વિતીય, તૃતીય એમ સ્નાન કરવા જાય તે નક્કી થયું. પછી અખાડાવાળા માટે તંબૂઓ બાંધવા માટે સ્થાન આપવાનું રેકર્ડ નક્કી થયું. આ પ્રમાણે એક સુચારુ વ્યવસ્થા સ્થાપિત કરાઇ. ચતુર અંગ્રેજોએ રામાદલ અને શંભુદલને એકબીજાથી દૂર દૂર પડાવ આપવાનું રેકર્ડ કર્યું જેથી ટકરાવ ન થાય. આ પ્રમાણેની વ્યવસ્થા થવાથી રક્તપાત અટકી ગયો તથા નિર્ભયતાથી સ્નાન કરી શકાય તથા તંબૂઓમાં રહી શકાય તેવા વાતાવરણથી શસ્ત્રધારી સંતો તથા ભક્તો પણ આ પર્વમાં આવવા લાગ્યા. કુંભમેળાનું રૌદ્રસ્વરૂપ શાંતસ્વરૂપમાં બદલાવા લાગ્યું. અત્યારે આ શાંતસ્વરૂપ શૃંગાર અથવા રજોગુણી રૂપમાં બદલાયેલું જોઇ શકાય છે.શૂદ્રોને સંન્યાસ નહિ આપુંદશનામી નાગા સંન્યાસીઓના પોતપોતાના અખાડા તથા મઢીઓ છે-પ્રાચીનકાળમાં જેમ ગોત્રો હતા તેમ, જૈન સાધુઓમાં જેમ ગચ્છ હોય છે તેમ. ત્રણ વર્ષ સુધી જમાતો લઇને મહંતો દેશના જુદા જુદા ભાગોમાં ભ્રમણ કર્યા કરે તે વખતે જે નવા સાધુઓ ઉમેરાયા હોય તેને છોટિયા કહેવાય. છોટિયા એટલે જુનિયર. આવા નવા ઉમેરાયેલા સાધુઓની વિધિપૂર્વક દીક્ષા આવા કુંભમેળામાં થાય. 'વિરજા હવન' નામની ધાર્મિક વિધિ એકીસાથે બધા જ જુનિયરોને કરાવી દેવામાં આવતી. પ્રથમ આ વિધિ પીઠના શંકરાચાર્ય કરાવતા. પણ પછી એક પીઠાધીશ્વર એવા આવ્યા કે તેમણે કહી દીધું કે 'સંન્યાસનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ છે. આ બાકીના શૂદ્રોને હું સંન્યાસદીક્ષાવિધિ નહિ કરાવું.'

શંકરાચાર્યના અનુયાયી સંન્યાસીઓમાં મુખ્યત: ત્રણ ભેદ છે: ૧. દંડી સ્વામીઓ, ૨. પરમહંસ સ્વામીઓ અને ૩. નાગા સાધુઓ. દંડી સ્વામીઓ માત્ર બ્રાહ્મણોમાંથી જ થાય છે. પરમહંસો ત્રણ વર્ણ અર્થાત બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યમાંથી થાય છે. નાગા બાવાઓ પણ ત્રણ વર્ણમાંથી થાય છે. કોઇ વાર ચતુર્થ વર્ણને પણ સ્વીકારી લેવાય છે. પણ દંડીસ્વામીઓ, પરમહંસો તથા નાગા સંન્યાસીઓને કાંતો સંન્યાસી સમજતા જ નથી અને કદાચ સમજે તો શૂદ્રરૂપથી સમજે છે. કાશી વગેરે સ્થળોએ આ બાબતમાં ઘણી વાર ઘણા ઉપદ્રવ થયેલા છે.જ્યારે કહી દેવાયું કે શૂદ્રોને વિરજા હવન નહિ કરાવાય ત્યારે પ્રશ્ન થયો કે હવે શું કરવું? આ સમસ્યાના સમાધાન માટે નાગા સાધુઓની દૃષ્ટિ પરમહંસોના વિદ્વાનો તરફ ગઇ. તે સમયે સૌથી વધુ પ્રભાવશાળી એક સ્વામીજીને તરત જ 'મહામંડલેશ્વર' બનાવાયા તથા હાથી ઉપર બેસાડીને ધામધૂમથી તેમનું સ્વાગત કરી તેમના દ્વારા વિરજા હવનની વિધિ કરાવાઇ. આ એક પરિવર્તન હતું. પછી ક્રમે ક્રમે મોટા ત્રણે અખાડાઓએ પણ પોતાના મંડલેશ્વરો બનાવ્યા તથા હવે તો એક એક અખાડામાં કેટલાય મંડલેશ્વરો બનાવાયા છે. અત્યારે આ સંખ્યા ત્રીસ-ચાલીસથી પણ વધુ હશે. તેમાં કેટલાક વિદ્વાન છે તો કેટલાક નથી પણ. મંડલેશ્વર થવા માટે કોઇ નિશ્ચિત ધોરણ નથી. ખર્ચ કરી શકવાની ક્ષમતા હોવી જરૂરી છે.

**કોરોનાને કારણે અર્થવ્યવસ્થામાં આવેલ શિથિલતાએ પણ ચીનને આંતરિક રૂપે પરેશાન કર્યું છે.**

# વૈદિક ગણિતની મહત્તા

થોડા સમય પહેલાં મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક છોકરા સાથે વાત કરતાં કહ્યું હતું કે પ્રતિયોગી પરીક્ષામાં સફળ થવા માટે તેણે વૈદિક ગણિત ભણવું જોઇએ. પછી વડાપ્રધાને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઇપી) પર ચર્ચા કરતાં કહ્યું કે ગણિતીય ચિંતનપ્રશક્તિ અને વૈજ્ઞાનિક માનસ બાળકોમાં વિકસિત થાય, એ બહુ જરૂરી છે. ગણિતીય ચિંતન શક્તિનો મતલબ ફક્ત ગણિતના સવાલ હલ કરવાનો ની, બલ્કે એ વિચારવાની એક રીત છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ બિંદુઓને કેવી રીતે સામેલ કરવામાં આવે તે એક પડકાર છે. આ પ્ર' સ્કૂલના નેશનલ એજ્યુકેશન ફ્રેમવર્ક સાથે પણ જોડાયેલો છે કે સ્કૂલી અભ્યાસક્રમમાં એનઇપીનાં મૂળભૂત બિંદુઓને કેવી રીતે સમાવેશ કરવો? આ જ પરિપ્રેપ્રયમાં એ વિચારણીય હશે કે વૈદિક ગણિતની તેમાં શી સંભાવના છે?જોકે સામાન્ય પ્રચલિત ધારણા એ છે કે વેદોમાં પ્રકૃતિ કે દેવોનું સ્તુતિગાન માત્ર છે, પરંતુ આ તો પ?મી દેશોના પ્રાચ્યવાદીઓનું ખતરનાક ષડયંત્ર હતું. તેનો ઉદ્દેશ્ય હતો કે સમૃદ્ધ ભારતીય જ્ઞાનપ્રવિજ્ઞાનને દબાવીને ખતમ કરી દેવું, જેથી ભારતીયો પર પોતાની બૌદ્ધિક શ્રેષ્ઠતા સ્થાપિત કરતાં સ્થાયી આધિપત્ય સ્થાપી શકાય. મેકોલેના શિક્ષણ ષડયંત્રને બધા જ જાણે છે, પરંતુ આપણે મેક્સ મૂલર જેવા પ્રાચ્યવાદીઓની દાનતથી પણ પરિચિત હોવું જોઇએ. મેક્સ મૂલરે ૧૮૬૮માં ઇંગ્લેન્ડના તત્કાલીન સેક્રેટરી (મંત્રી) ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાને પત્ર લખ્યો હતો કે ભારત પર આપણે રાજકીય વિજય તો મેળવી લીધો છે, પરંતુ ફરી એક વખત આપણે તેમના પર વિજય મેળવવો પડશે અને તે વિજય શિક્ષણ દ્વારા હાંસલ કરવો પડશે. એ અનાયાસ નથી કે એક ષડયંત્ર અંતર્ગત આપણે આપણા પ્રાચીન સમૃદ્ધ જ્ઞાનથી વંચિત થતા ગયા. વૈદિક ઋચાઓમાં અનેક ગણિતીય સૂત્રો ઉલ્લેખિત છે. આજે વિશ્વમાં ગણિતનું જે ભવ્ય રાજભવન ઊભું છે, તેના મૂળમાં શૂન્ય, ૧ થી લઈને ૯ની અંક પ્રણાલી, દસપ્રગુણોત્તરી (એકમ, દશક, સો, હજાર, દસ હજાર વગેરે), દશાંશ પદ્ધતિ અને ભિન્નાત્મક સંખ્યા વગેરે છે. આ ચીજો ભારતમાં વૈદિક કાળમાં જ ઉપલબ્ધ હતી. ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદની વિભિન્ન ઋચાઓમાં તેનો ઉલ્લેખ છે, પરંતુ આજે જેને વૈદિક ગણિત કહેવામાં આવે છે તે ફક્ત વેદો સુધી સીમિત નથી.વૈદિક ગણિતના આધુનિક પ્રણેતા સ્વામી ભારતીકૃષ્ણ તીર્થ તેમાં શુલ્વ સૂત્રો, બૌદ્ધ ગ્રંથો, જૈન ગ્રંથોથી થઈને આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્તથી લઈને આધુનિક કાળના રામાનુજન અને શકુંતલા દેવીના ગણિતીય સૂત્રોપ્રસિદ્ધાંતોને પણ સામેલ કરે છે. આ રૂપે તેને ભારતીય ગણિત, હિંદુ ગણિત કે પ્રાચીન ગણિત પણ કહી શકાય છે. પ્રાચીન ભારતની ગણિતીય પ્રગતિનો બોધ તેનાથી પણાય છે કે છઠ્ઠી સદી ઈસા પૂર્વના જે યુનાની પાઈથાગોરસ પ્રમેયની દુનિયામાં ચર્ચા થાય છે, તેનો ઉલ્લેખ તેના સેંકડો વર્ષો પહેલાં બૌધાયને પોતાના શુલ્વ સૂત્રમાં કરી દીધો હતો. પ્ર' છે કે વૈદિક ગણિતનો આજે વ્યાવહારિક ઉપયોગ શો છે?વાસ્તવમાં બદલાતા અને નવા ભારતના સંદર્ભમાં વૈદિક ગણિત અત્યંત પ્રાસંગિક છે. સામાન્ય રીતે સ્કૂલોમાં ગણિતનો વિષય કઠિન અને કંટાળાજનક માનવામાં આવે છે, પરંતુ વૈદિક ગણિત દ્વારા બહુ સરળ રીતે બહુ જટિલ ગણનાઓ કરી શકાય છે. ગુણાકારમાં આપણને એક જ પદ્ધતિ શીખવવામાં આવે છે, જમણી બાજુથી ગુણાકાર કરવા. વૈદિક ગણિતમાં જમણી બાજુ સિવાય ડાબી બાજુથી પણ ગુણાકાર કરી શકાય છે. તે ઉપરાંત ગુણાકાર કરવાની આડીપ્રઊભીપ્રત્રાંસી કેટલીય રીતો છે, જેનાથી મોટી સંખ્યાઓનું ગણન પણ બહુ ઓછા સમયમાં સંભવ છે. આજે વૈદિક ગણિતનો ઉપયોગ કોચિંગ સંસ્થાઓ ખૂબ કરી રહી છે, જ્યાં તેઓ સ્માર્ટ મેથ્સ, શોર્ટકટ કે ક્વિક મેથડ્સના નામે વૈદિક ગણિતનો ઉપયોગ કરી રહી છે.આ સમય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય, બંને સ્તરો પર પ્રતિયોગિતાનો સમય છે. દેશની વિભિન્ન ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ જેમ કે આઈઆઈટી અને આઈઆઈએમ વગેરેની પ્રવેશ પરીક્ષાઓમાં ગણિતીય ક્ષમતાનું માપન થાય છે. તેમાં સફળતા માટે બે ચીજો આવશ્યક છે પ્ર એક, ઓછામાં ઓછા સમયમાં વધુને વધુસવાલ હલ કરવા અને બીજું, સાચા પડવા એટલે કે એક્યુરેસી. આ બંનેમાં વૈદિક ગણિતનો મુકાબલો નથી. આંતરરાષ્ટ્રીય સ્તર પર સ્કૂલી મૂલ્યાંકન પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એસેસમેન્ટમાં પણ વૈદિક ગણિતના માધ્યમથી ભારત પોતાનો ડંકો વગાડી શકે છે. સવાલ એ છે કે વૈદિક ગણિતને સ્કૂલી અથવા ઉચ્ચ શિક્ષણ પાઠ્યક્રમોમાં કેવી રીતે સમાવેશ કરવો અને તેના માટે શિક્ષકો ક્યાંથી લાવવા? આ સંદર્ભે શિક્ષણપ્રસંસ્કૃતિ ક્ષેત્રે કાર્યરત સંગઠનો શિક્ષણપ્રસંસ્કૃતિ ઉત્થાન ન્યાસ યુગાંતરકારી કાર્ય કરી રહ્યા છે. તેણે દસ હજારથી વધારે શિક્ષકોને વૈદિક ગણિત માટે પ્રશિક્ષિત કર્યા છે. આજકાલ એનઈપીના પરિપ્રેપ્રયમાં સીબીએસઇ બોર્ડ માટે નિર્ધારિત એનસીઈઆરટીને પુસ્તકો માટે નવા ફ્રેમવર્ક પર મંથન થઈ રહ્યું છે. એ યોગ્ય રહેશે કે ગણિતના પાઠ્યક્રમમાં વૈદિક ગણિતને સમ્યક રૂપે સમાવેશ કરવા પર વિચાર કરવામાં આવે. એનઇપીમાં શોધપ્રસંશોધન પર બહુ બળ છે. વૈદિક ગણિત આ મામલે પણ ઉપયોગી છે. વૈદિક ગણિતના વિશેષજ્ઞો જણાવે છે કે તેના અભ્યાસથી તર્કશક્તિ, વિશ્લેષણ અને સંશ્લેષણ ક્ષમતા બહુ વધી જાય છે, જે શોધપ્રસંશોધન માટે જરૂરી છે. સાથે જ જે ચિંતનપ્રશક્તિ અને વૈજ્ઞાનિક માનસની વડાપ્રધાને ચર્ચા કરી, તે પણ એનાથી બહુ વધી શકશે. વૈદિક ગણિતના અધ્યયનપ્રઅધ્યાપનના પડકારો પણ છે.

**બાળકોમાં એકાધિક ભાષાઓને શીખવાની સહજ અને અસીમ ક્ષમતા હોય છે**

# હિંદી પ્રત્યે વાંઝણો વિરોધ

## રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૧૯૬૮, રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૧૯૮૬ અને પછી ૧૯૯૨માં આ ત્રિભાષા ફોર્મ્યૂલાને સ્વીકાર કરવામાં આવ્યો

ભાષા એવી બેધારી તલવાર છે જે એક તરફ રાષ્ટ્રીય એકીકરણ કે રાષ્ટ્રનિર્માણમાં સકારાત્મક ભૂમિકા નિભાવે છે તો ક્યારેક તે નેતાઓના હાથમાં એક હથિયાર બની જાય છે. સ્વાધીનતા આંદોલન દરમ્યાન હિંદી રાષ્ટ્રીય એક્તાની સૂત્રધાર બનીને ઊભરી હતી. એ જ ભાષા હવે સંકીર્ણ વિચાર ધરાવતા નેતાઓના હાથમાં પોતાનું હિત સાધવાનું રમકડું બની ગઈ છે. ભાષાકીય અસ્મિતા સાથે જોડાયેલ રાજકારણનાં નકારાત્મક સ્વરૂપનું તાજું ઉદાહરણ બન્યું છે તમિલનાડુ. આ દિક્ષણી રાજ્યના નેતાઓ દ્વારા નવી શિક્ષણ નીતિના મુસદ્દામાં એ બિંદુનો વિરોધ કર્યો જેમાં સ્કૂલી ધોરણોમાં ત્રિભાષા ફોર્મ્યૂલા અને હિંદીને સામેલ કરવાની વાત કહેવામાં આવી હતી. સવાલ છે કે આખરે આ મુદ્દા પર વિવાદ કેમ થયો અને હિંદીભાષી પ્રદેશોનું આ મામલે શું દાયિત્વ છે? કૃષ્ણાસ્વામી કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ નવી શિક્ષણ નીતિનો જે મુસદ્દો સોંપ્યો છે તેના ખંડ ૪.૫માં ભારતની બહુભાષાઈ શક્તિ અને રાષ્ટ્ર નિર્માણમાં ભાષાની ભૂમિકા પર ઊંડાણથી વિચાર કરતાં ભાષા સંબંધિત વિભિન્ન અનુશંસાઓ કરવામાં આવી છે. એ જ અનુશંસાઓમાંથી એક છે શાળાના ધોરણોમાં ત્રિભાષા ફોર્મ્યૂલાને લાગુ કરવાની વાત. તે અનુસાર દરેક રાજ્યમાં સ્કૂલી સ્તર પર ત્રણ ભાષાઓ ભણાવવામાં આવશે. હિંદી ભાષી રાજ્યોમાં હિંદી, અંગ્રેજી અને એક અન્ય આધુનિક ભારતીય ભાષા અને બિનહિંદી રાજ્યોમાં ત્યાંની ક્ષેત્રીય ભાષા, અંગ્રેજી અને હિંદીના ભણતરનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. પહેલાં પણ કેટલાય શિક્ષા આયોગો-સમિતિઓ જેવા અખિલ ભારતીય શિક્ષણ પરિષદ ૧૯૫૬, રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૧૯૬૮, રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૧૯૮૬ અને પછી ૧૯૯૨માં આ ત્રિભાષા ફોર્મ્યૂલાને સ્વીકાર કરવામાં આવ્યો, પરંતુ એના પર યોગ્ય અમલ ન થઈ શક્યો. જાન્યુઆરી ૨૦૦૦માં સ્કૂલી શિક્ષણ માટે રાષ્ટ્રીય પાઠ્યક્રમ માળખાએ ત્રિભાષાના આ ફોર્મ્યૂલા પર વિચાર કરતાં રેખાંકિત કર્યું હતું કે કેટલાંક રાજ્યોએ ફક્ત દ્વિભાષા નીતિને જ અપનાવી તો કેટલાકે એક અન્ય આધુનિક ભારતીય ભાષાની જગ્યાએ ક્લાસિકલ ભાષાઓ જેવા સંસ્કૃત કે અરબીને અપનાવી લીધું. કેટલાક બોર્ડ-સંસ્થાઓએ તો હદ કરતાં ત્રીજી ભાષા રૂપે ફ્રેન્ચ અને જર્મન જેવી બીજી અન્ય વિદેશી ભાષાઓ સુદ્ધાંને અનુમતિ આપી દીધી. આ પ્રકારે એક સારી અને સુવિચારિત નીતિ જે દેશને એક સૂત્રમાં બાંધી શકે છે, કેન્દ્ર અને રાજ્ય સરકારોની કમજોર ઈચ્છાશક્તિ કે ઉદાસીનતાને કારણે ફક્ત કાગળોમાં સમેટાઇને રહી ગઈ. એ રાહતદાયક છે કે મોદી સરકારના પહેલા કાર્યકાળમાં રચાયેલી કસ્તૂરીરંગન સમિતિએ વિભિન્ન બિંદુઓ પર સમગ્રતાથી વિચાર કરીને નવી શિક્ષણ નીતિમાં ત્રિભાષા ફોર્મ્યૂલા પર ફરીથી ભાર મૂક્યો છે. વિભિન્ન સાઇકો-લિંગ્વિસ્ટિક શોધોનો હવાલો આપતાં સમિતિએ ઉલ્લેખ કર્યો છે કે બાળકોમાં એકાધિક ભાષાઓને શીખવાની સહજ અને અસીમ ક્ષમતા હોય છે અને આ ભાષાઇ જ્ઞાન જ્યાં તેમની સંજ્ઞાનાત્મક ક્ષમતા અને જ્ઞાન ક્ષિતિજનો વિસ્તાર કરશે ત્યાં જ રાષ્ટ્રીય એકીકરણમાં પણ બહુ સહાયક સાબિત થશે. પરંતુ તમિલનાડુમાં નેતાઓ અને કથિત બુદ્ધિજીવીઓએ પહેલાંની જેમ ત્રિભાષા નીતિનો વિરોધ કરવો શરૂ કરી દીધો છે. તેમનો આરોપ છે કે એમના પર હિંદી થોપવામાં આવી રહી છે. તેને ઉત્તર ભારતીયોનું ષડયંત્ર ગણાવવામાં આવી રહ્યું છે કે તેનાથી તમિલ ભાષા ખતરામાં પડી જશે. આ તમામ આરોપ બેબુનિયાદ છે. હિંદી થોપવા જેવી કોઈ વાત જ નથી, કારણ કે હાલમાં આ પ્રસ્તાવ છે, અંતિમ ફેંસલો નથી. તમિલભાષી મંત્રીઓ ડો.એસ. જયશંકર અને નિર્મલા સીતારમણ સહિત માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે સ્પષ્ટ કરી દીધું છે કે સરકાર તમામ પક્ષોનું મંતવ્ય લઈને અંતિમ નિર્ણય કરશે અને સરકાર ભારતીય ભાષાઓના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. હિંદીભાષીઓના ષડયંત્રની વાત એટલા માટે પણ આધારહીન છે, કારણ કે ન માત્ર આ પ્રારૂપ સમિતિના અધ્યક્ષ દક્ષિણના એક બિનહિંદી ભાષી છે, બલ્કે ૧૧માંથી બે-બે સદસ્ય કેરળ અને કર્ણાટક તથા એક મહારાષ્ટ્ર જેવા બિનહિંદી રાજ્યોના છે. એ જ રીતે તમિલ કે અન્ય ભારતીય ભાષાઓના ખતરામાં પડવાની વાત પણ ગળે નથી ઉતરતી, કારણ કે એક તો હિંદીની ભણતર વિભિન્ન રાજ્યોની પ્રાદેશિક ભાષાઓની કિંમતે નહી હોય, બલ્કે તેનાથી અલગ હશે. ત્યાં જ હિંદી પ્રદેશોમાં પણ અન્ય ભારતીય ભાષાઓમાં ભણતર શરૂ થતાં આ પ્રાદેશિક ભાષાઓનો વિસ્તાર જ થશે.



# ‘સિંઘમ’ અને ‘ભૂલ ભુલૈયા૩’ને ભૂલ ભારે પડીઃ સીધી ટક્કરથી ૫૦ કરોડનું નુકસાન

## એક જ ફિલ્મ રિલીઝ થઈ હોત તો ‘સિંઘમ અગેઈન’ એકલી જ પહેલા દિવસે ૫૫ કરોડથી વધુની કમાઈ શકત

દિવાળી વખતે જ્યારે ‘સિંઘમ અગેઈન’ અને ‘ભૂલ ભુલૈયા ૩’ એક સાથે રિલીઝ થવાની હતી ત્યારે લાંબા સમય સુધી આ બંનેમાંથી કોઈ ફિલ્મને નુકસાન થશે અને કોણ કમાણી કરી લેશે એ બાબતે ઘણી ચર્ચાઓ થઈ હતી. જોકે, આ બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ઘણું સારું પ્રદર્શન કર્યું. ટ્રેડ એક્સપર્ટ હવે આ ફિલ્મોની કમાણીના આંકડાઓનું એનાલિસીસ કરે છે, જે મુજબ આ સીધી ટક્કરને કારણે આ બંને ફિલ્મોને કમાણીમાં લગભગ ૫૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. જો તેમની વચ્ચે ટક્કર ન થઈ હોત તો તેઓ ઘણી વધુ કમાણી કરી શક્યા હોત.

ટ્રેડ એક્સપર્ટ તરણ આદર્શે જણાવ્યું, “આ બંને ફિલ્મોને સોલો રિલીઝ મળી હોત તો ૨૫-૩૦ ટકા વધુ કમાણી થઈ હોત. આ બંને ફિલ્મો વચ્ચે છેલ્લી ઘડી સુધી સ્ક્રીન બાબતે પણ રસાકસી ચાલતી હતી, તેથી તેઓ બહુ જલદી એડવાન્સ બુકિંગ પણ શરૂ કરી શક્યા નહીં. લોકો તો બંને ફિલ્મો માટે ઘણા દિવસ પહેલાં ટિકિટ લેવા જતાં હતાં, પરંતુ કોને કેટલાં શો આપવા એ નક્કી ન હોવાથી તેઓ ટિકિટ આપી શકતા નહોતા. આ રીતે ખાલી હાથે જવાથી દર્શકો નિઃરાશ થતાં હતાં. તેથી આખરે બધું થોડું અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.”

અન્ય એક એનાલિસ્ટ અતુલ મોહને જણાવ્યું, “તેમને




૩૦-૩૫ ટકાનું નુકસાન થયું છે, સોલો રિલીઝ હોત તો બંને ફિલ્મો પહેલાં જ દિવસે ૫૦ કરોડથી વધારેની કમાણી કરી શકી હોત. સિંઘમ અગેઇનમાં તો ૫૫ કરોડથી વધુ કમાણી કરવાની ક્ષમતા હતી. બંને ફિલ્મો ત્રણ દિવસમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કરી ગઈ હતી. જો સોલો રિલીઝ હોત તો આ આંકડો બે દિવસમાં પાર થઈ ગયો હોત અને વીકેન્ડમાં વધારાના ૧૩૦-૧૪૦ કરોડ કમાયા હોત. ટિકિટની કિંમતો ગડબડ થઈ ગઈ, પટનામાં પણ ટિકિટના ભાવ ૪૫૦ જેવા હતા, મને આ જોઈને આંચકો લાગેલો. જો એમણે વધુ લોકોને આકર્ષવા હોય તો ભાવ થોડા સામાન્ય માણસને પોષાય તેવા રાખવા જોઈએ. કમસેકમ સવારના અને બપોરના શોમાં વ્યાજબી ભાવ રાખી શકાયા હોત. તેથી ઘણા લોકોએ ભાવ ઘટવાની રાહ જોઈ અને એવું ના થયું એટલે ફિલ્મ જોવા જઈ શક્યા નહીં.”ફિલ્મ એક્ઝિબિટર અક્ષય રાઠીએ કહ્યું, “જો બંને ફિલ્મોના બધા શો હાઉસફૂલ હોત તો આજે સ્થિતિ કંઈક અલગ હોત. બંને ફિલ્મો સારી ચાલી પરંતુ ઘણા શહેરોમાં ઘણા શોમાં થિએટર ઘણા ખાલી પણ હતા. જોકે, ક્લેશ અને બંને ફિલ્મોની ઘણી ચર્ચાને કારણે લોકોમાં કશુંક ગુમાવ્યાની ભાવના પેદા થઈ, તેના કારણે પણ ઘણા લોકો ફિલ્મ જોવા ગયા. તેનાથી બંને ફિલ્મોને ફાયદો થયો છે.”



# સાઈ પલ્લવીની ‘અમરણ’થી પરેશાન વિદ્યાર્થીએ ૧.૧ કરોડનું વળતર માગ્યું



સાઈ પલ્લવી અને શિવા કાર્તિકેયનની ફિલ્મ ‘અમરણ’ની સીધી ટક્કર ‘સિંઘમ અગેઈન’ અને ‘ભૂલ ભુલૈયા ૩’ સાથે હોવા છતાં આ ફિલ્મે રૂ.૨૦૦ કરોડથી વધુનું કલેક્શન મેળવી લીધું છે. બોક્સઓફિસ પર સફળતા ઉપરાંત એક વિચિત્ર કારણોસર આ ફિલ્મ ચર્ચામાં છે. ફિલ્મમાં પોતાના મોબાઈલ નંબરને સાઈ પલ્લવીના મોબાઈલ નંબર તરીકે દર્શાવાયો હોવાથી ચેન્નાઈનો આ વિદ્યાર્થી પરેશાન થઈ ગયો છે. સાઈ સાથે વાત કરવા માગતા અનેક ચાહકો વારંવાર કોલ કરી રહ્યા હોવાથી જીવન દુષ્કર બન્યું હોવાનો દાવો કરી આ વિદ્યાર્થીએ રૂ.૧.૧ કરોડના વળતરની માગણી કરી છે.

ચેન્નાઈમાં રહેતા વીવી વાગીસન નામના એન્જિનિયરિંગ વિદ્યાર્થીએ ‘અમરણ’ના પ્રોડ્યુસર્સને લીગલ નોટિસ મોકલાવી છે. ‘અમરણ’માં સાઈ અને શિવાકાર્તિકેયનનો એક રોમેન્ટિક સીન આવે છે. જેમાં સાઈ પલ્લવી પોતાનો મોબાઈલ નંબર લખેલા કાગળનો ટુકડો હીરો તરફ નાખી રહી છે. આ કાગળમાં લખેલો મોબાઈલ નંબર હકીકતમાં પોતાનો હોવાનો દાવો વાગીસને કર્યો છે. આ મોબાઈલ નંબર સાથે પોતાનું આધારકાર્ડ, બેંક એકાઉન્ટ સહિત અનેક વસ્તુઓ લિન્ક થયેલી હોવાથી નંબર બદલવાનું અઘરું બન્યું છે.

૩૧ ઓક્ટોબરે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે વાગીસન પોતાના પરિવાર સાથે દિવાળી ઉજવી રહ્યો હતો. અચાનક તેના મોબાઈલ પર ઢગલો કોલ શરૂ થઈ ગયા અને આ બધા લોકો સાઈ પલ્લવી સાથે વાત કરવા માગતા હતા. આવા કોલની સંખ્યા સતત વધી રહી હતી. બાદમાં વાગીસનને ખબર પડી કે, સાઈ પલ્લવીના મોબાઈલ નંબર તરીકે તેના મોબાઈલ નંબરનો ઉપયોગ કરાયો છે. એક સીનના કારણે પોતાને અસહ્ય તકલીફો અને માનસિક ત્રાસ પડ્યો હોવાના કારણે ફિલ્મમાંથી આ નંબર દૂર કરવા વાગીસને માગણી કરી છે. સતત કોલ આવી રહ્યા હોવાથી સુવાનું, અભ્યાસ કરવાનું કે રોજિંદી પ્રક્રિયાઓ કરવાનું અઘરું બની ગયું હોવનું વાગીસને કહ્યું છે. તેણે શરૂઆતમાં ડાયરેક્ટર રાજકુમાર પેરીસામી અને શિવાકાર્તિકેયનને સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને આ સમસ્યા અંગે વાત કરી હતી. જો કે તેમના તરફથી કોઈ જવાબ આવ્યો ન હતો. આખરે વાગીસને લીગલ નોટિસ મોકલી છે.

# રશ્મિકા મંદાના સાથે અફેરની અટકળો વચ્ચે વિજય દેવરકોંડાએ રિલેશનશિપ કન્ફર્મ કરી

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના વચ્ચે રિલેશનશિપ હોવાની ધારણા અને ચર્ચાઓ ઘણા લાંબા સમયથી ચાલે છે. તેઓ બંને સાથે હોઈ શકે એવી સોશિયલ મીડિયા પોસ્ટ પણ ઘણી વખત ચર્ચામાં આવી છે. ત્યારે હવે તાજેતરમાં વિજયે એક ઈન્ટરવ્યૂમાં રિલેશનશિપ, લગ્ન અને પ્રેમ અંગે પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

વિજયે કન્ફર્મ કર્યું કે તે હાલ રિલેશનશિપમાં છે અને એમ પણ કહ્યું કે તે બિનશરતી પ્રેમમાં માનતો નથી. વિજયે કહ્યું, “મને ખબર છે કે પ્રેમમાં હોય તો કેવું લાગે અને મને એ પણ ખબર છે કે પ્રેમ કરવો એટલે શું. મને નથી ખબર કે બિનશરતી પ્રેમ શું છે કારણ કે મારો પ્રેમ અપેક્ષાઓ સાથે આવે છે તેથી સ્પષ્ટ છે કે મારો પ્રેમ બિનશરતી નથી. મને લાગે છે કે આ બધું ઓવર રોમેન્ટિસાઇઝ્ડ છે. મને એ પણ ખબર નથી કે બિનશરતી પ્રેમની અપેક્ષા રાખવી કેટલી યોગ્ય.”

આગળ વિજયે જણાવ્યું, “કોઈની કરિયરની વચ્ચે લગ્ન ન આવવા જોઈએ. ખાસ મહિલાઓને લગ્ન ઘણા અઘરા પડતાં હોય છે. એ સિવાય તમે કયું કામ કરો છો, તેના પર પણ આધાર રાખે છે. હું ડેટ્સ પર જતો નથી. હું કોઈને બહુ લાંબા સમયથી ઓળખતો હોઉં તો જ કોઈ સાથે બહાર જવાનું વિચારું છું, કોઈ સાથે સારી મિત્રતા હોય તો જ.”

રિલેશશિપ અંગે ખાતરી આપતા વિજયે કહ્યું, “હું ૩૫ વર્ષનો છું, તમને લાગે છે કે હું સિંગલ હોઈશ?”આ ઈન્ટરવ્યૂમાં વિજયે એ પણ ખુલાસો કર્યો હતો કે તેને અગાઉ એક કૉસ્ટાર સાથે સંબંધો હતા. વિજય અને રશ્મિકા ફિલ્મોમાં પણ સાથે કામ કરી ચૂક્યા છે અને તાજેતરમાં રશ્મિકાએ દિવાળી દરમિયાન વિજયના ભાઈ દ્વારા ક્લિક કરેલી પોતાની દિવાળીની તસવીરો સોશિયલ મીડિયા પર તેને ટૅગ કરીને શેર કરી હતી. તેથી આ બંને વચ્ચેના સંબંધો અંગે ચર્ચાઓની વધુ ખાતરી થઈ ગઈ છે.

# ઉતાર-ચડાવ વચ્ચે પ્રાર્થના અને મિત્રોના પ્રેમ થકી મજબૂત રહી શકુ છુંઃ જેકલીન

## પોતાની ૧૫ વર્ષની સફર વિશે જેક્લિને રસપ્રદ વાતો કરી



જેક્લિન ફર્નાન્ડિઝે આ ઓક્ટોબરમાં ઈન્ડસ્ટ્રીમાં ૧૫ વર્ષ પૂરા કર્યાં છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની આ સફર અને કડવા-મીઠાં અનુભવો વિશે ખુલીને વાતો કરી હતી. જેકલીને કહ્યું,“આ એક ઘણા ચડાવ ઉતારવાળી સફર રહી છે. આધ્યાત્મિકતા, પ્રાર્થના અને મિત્રો તરફથી મળતાં પ્રેમ પર ધ્યાન આપી જાતને મજબૂત બનાવી રાખુ છું.”

મૂળ શ્રીલંકામાં જન્મેલી અને પછી બેહરીનથી ભારતમાં આવીને સ્થાઈ થયેલી જેક્લિને ૨૦૦૯માં અલ્લાદ્દીન

ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. પોતાની સફર અને ભારતમાં સ્થાયી થવાના પડકારો અંગે જેક્લિને કહ્યું,“હું સાઉથ એશિયાની હોવાથી ભારત અને શ્રીલંકામાં ઘણી સાંસ્કૃતિક સામ્યતાઓ રહેલી છે. હું અહીં જેવો જ ખોરાક ખાઈને મોટી થઈ છું, જેમકે, કઢી, સબજી કે ભાત. અમારે ત્યાં આબોહવા પણ અહીં જેવી જ છે, સાથે અમારા સાંસ્કૃતિક મૂલ્યોમાં પણ ઘણી સમાનતા છે. મારો પરિવાર મારા જીવનનો એક અતૂટ હિસ્સહ્રો છે. બાકી તો ભાષા અને વિવિધતા તો આપણે ઘરથી દૂર ક્યાંય પણ જઈએ તો નવા અપનાવીએ જ છીએ. આજે તો ભારતીયો પોતાને વિશ્વ માનવી તરીકે જુએ છે, ત્યારે તેઓ બીજા દેશોના મૂલ્યોને પણ અપનાવી રહ્યા છે. તેથી મને ક્યારેય હું બહારની હોઉં એવું લાગતું નથી.”

જોકે, જેક્લિન માટે ભારતીય ભાષાઓમાં કામ કરવું થોડું અઘરું હતું. આ અંગે જેક્લિને કહ્યું,“કોઈ પણ ભાષા શીખવા માટે અને તેને સંપૂર્ણ રીતે સમજવા માટે એક પ્રક્રિયા અને સમય લાગે છે. મારે એવા લોકો સાથે કામ કરવાનું છે, જેઓ બાળપણથી, આસપાસ, શાળામાં અને મિત્રો સાથે હિન્દી બોલતા આવ્યા છે, તેથી તેમને આ ભાષાની ઊંડી સમજ છે. જ્યારે હું ફિલ્મો કરતી વખતે હિન્દી શીખવાનું થોડું અઘરું હતું. પરંતુ જેમ જેમ હું કામ કરતી ગઈ તેમ ભાષા પણ શીખતી ગઈ.”

પોતાની આસપાસની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે જેક્લિને કહ્યું,“જેમ બીજા લોકોને અસર કરે છે તેમ મને પણ નકારાત્મકતા અસર કરે જ છે, મને લાગે છે કે જ્યારે લોકો ઓનલાઈન પ્લેટફોર્મ પર બીજા લોકો વિશે પોતાના નિવેદનો ખુલ્લે આમ જાહેર કરે ત્યારે ભૂલી જતા હોય છે. આધ્યાત્મિકતા, પ્રાર્થના અને પરિવાર, મિત્રો અને મારા પેટ્સ તરફથી મળતાં પ્રેમ પર ધ્યાન આપીને અને તેમની સાથે ખુલીને ચર્ચા કરીને મારી જાતને મજબૂત બનાવી રાખું છું.”



# માલદીવ્સમાં પલક તિવારીઃ વેકેશનમાં ઈબ્રાહિમ પણ સાથે છે?

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૦૨૪ના વર્ષની વિદાય પહેલાં નવી જોડીઓ બની હોવાના ખુલાસા થઈ રહ્યા છે. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલાના લગ્ન ઉપરાંત વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના રિલેશન્સ અંગે કન્ફર્મેશન બાદ પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળોને પણ સમર્થન મળ્યું છે. પલક તિવારીએ માલદીવ્સમાં વેકેશનના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. આ ફોટોગ્રાફ્સ ઈબ્રાહિમે જ ક્લિક કર્યા હોવાનું અનુમાન છે. ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી પલકે સલમાન ખાનની ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાન સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. ફિલ્મની રિલીઝ પૂર્વે જ પલકે સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈને મોટો ફેનબેઝ ઊભો કર્યો છે. પોતાના ફોલોઅર્સ સાથે કનેક્ટ રહેતી પલકે તાજેતરમાં માલદીવ્સ વેકેશનના ફોટોગ્રાફ્સ શેર કર્યા છે. પિન્ક કલરના ડ્રેસમાં તેણે અલગ-અલગ લોકેશન્સ પરથી સેલ્ફી અને ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. સેલ્ફી

તો પલકે જાતે લીધી હોય, પરંતુ તેનું ગ્લેમરસ ફોટોશૂટ ઈબ્રાહિમ અલી ખાને કર્યું હોવાનું અનુમાન છે.

સૈફ અલી ખાનનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે. પલકે ફોટોગ્રાફ્સ શેર કર્યાના થોડા સમય બાદ માલદીવ્સમાં આ જ લોકેશન પરથી ઈબ્રાહિમે પણ ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. જેથી પલક અને ઈબ્રાહિમ સાથે હોવાની અટકળોને વેગ મળ્યો છે. પલકે માલદીવ્સ વેકેશન ફોટોગ્રાફ્સ થોડા સમય અગાઉ શેર કર્યા ત્યારે આ પ્રકારની અટકળો શરૂ થઈ ન હતી.

તાજેતરમાં બીજી વખત ફોટો-સેલ્ફી શેર કર્યા તેમાં બીચ અને બોટરાઈડનું બેકગ્રાઉન્ડ જોવા મળે છે. ઈબ્રાહિમની પોસ્ટમાં પણ આ જ પ્રકારનું બેકગ્રાઉન્ડ જોવા મળી રહ્યું છે. પલક અને ઈબ્રાહિમ સાથે હોય તેવો કોઈ ફોટોગ્રાફ નથી, પરંતુ સમજદારને માત્ર ઈશારો કાફી હોય છે. પલક અને ઈબ્રાહિમ છેલ્લા એક વર્ષથી ડેટિંગ કરી રહ્યા હોવાનું કહેવાય છે. તેમણે ક્યારેય પોતાના સંબંધો કન્મફર્મ કર્યા નથી, પરંતુ અવાર-નવાર આ રીતે સંકેતો આપતા રહે છે. તાજેતરમાં પલક અને ઈબ્રાહિમે શેર કરેલા ફોટોગ્રાફ્સમાં પણ આ જ પ્રકારનો ઈશારો કરવામાં આવ્યો છે.

# ઓસ્ટ્રેલિયા સામે ટીમ ઈન્ડિયાનો વિજય ગાબા બાદ હવે પર્થનું ગર્વ તૂટી ગયુ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 ટેસ્ટ મેચની સિરીઝનો પ્રથમ મુકાબલો પર્થમાં રમાયો હતો. મેચના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયન ટીમ તેની બીજી ઈનિંગમાં બેટિંગમાં ઊતરી હતી. ટીમ ઈન્ડિયાના પહાડ જેવા લક્ષ્ય 534 રન સામે કાંગારૂ બેટર લાચાર દેખાયા હતા અને ટીમ ઈન્ડિયાએ પહેલી ટેસ્ટ જીતીને જ પોતાની તાકાત બતાવી દીધી હતી.

ટીમ ઈન્ડિયાએ પહેલી ઈનિંગમાં 150 રન બનાવ્યાં હતા જેની સામે ઓસ્ટ્રેલિયન ટીમ 104 રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. ત્યારબાદ બીજી ઈનિંગમાં યશસ્વી જયસ્વાલ અને કોહલીની સદીના સહારે ટીમ ઈન્ડિયાએ 487 રનનો વિશાળ સ્કોર બનાવીને અગાઉની 46 રનની લીડ ઓસ્ટ્રેલિયાને 534 રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો. જેની સામે કાંગારૂઓની ટીમ 238 રન બનાવ્યા.



ટીમ ઈન્ડિયાનો ઓસ્ટ્રેલિયા પર 295 રને મહાવિજય; યશસ્વી-કોહલી-બુમરાહ જીતના હીરો

ઓસ્ટ્રેલિયન ટીમનો બીજો દાવ માત્ર 238 રન સમેટાઈ ગયો હતો. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ સિરીઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. સિરીઝની બીજી મેચ 6 ડિસેમ્બરથી એડિલેડમાં રમાશે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતની આ સૌથી મોટી જીત હતી.

નોંધનીય વાત એ છે કે ટીમ ઈન્ડિયામાં ન તો રોહિત શર્મા, ન શુભમન ગિલ, ન રવિન્દ્ર જાડેજા, રવિચંદ્રન અશ્વિન કે ન તો મોહમ્મદ શમી હોવા છતાં ટીમ ઈન્ડિયાએ ઐતિહાસિક જીત નોંધાવી. 2021માં ગાબા ખાતે ઓસ્ટ્રેલિયાનું ગૌરવ તોડ્યા બાદ હવે ભારતે પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયાનું ગૌરવ તોડ્યું છે. આ ટેસ્ટ પહેલા ઓસ્ટ્રેલિયાએ પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં ચાર ટેસ્ટ રમી હતી અને તે તમામ જીતી હતી. હવે ઓસ્ટ્રેલિયાને પાંચમી મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# ઓસ્ટ્રેલિયા પહોંચતાની સાથે જ રોહિતે ગુલાબી બોલ ટેસ્ટની તૈયારી શરૂ કરી

નવી દિલ્હી પર્થ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા જીત તરફ આગળ વધી રહી છે. તેણે ઓસ્ટ્રેલિયા માટે 534 રનનો પડકાર આપ્યો છે. ચોથા દિવસે પ્રથમ સેશન સુધીમાં ભારતે યજમાન ટીમની અડધી ટીમને પેવેલિયન મોકલી દીધી છે. આ દરમિયાન ભારતીય ચાહકો માટે સારા સમાચાર આવ્યા છે. ટીમના નિયમિત કેપ્ટન રોહિત શર્માએ બીજી ટેસ્ટ મેચની તૈયારીઓ શરૂ કરી દીધી છે.





રોહિત રવિવારે ઓસ્ટ્રેલિયા પહોંચ્યો હતો. પુત્રના જન્મને કારણે તે પર્થ ટેસ્ટ મેચમાં રમ્યો ન હતો અને ભારતમાં હતો. રોહિતના સ્થાને જસપ્રીત બુમરાહે પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની કપ્તાની સંભાળી છે.

રોહિત ગઈકાલે રવિવારે ઓસ્ટ્રેલિયા પહોંચ્યો હતો. મેચના ચોથા દિવસે એટલે કે સોમવારે તે કોચ ગૌતમ ગંભીર સાથે ડ્રેસિંગ રૂમમાં પણ જોવા મળ્યો હતો. રોહિત અને ગંભીર બંને ચર્ચા કરતા જોવા મળ્યા હતા. થોડા સમય પછી, રોહિત સીધો નેટ્સ પર ગયો અને તેની તૈયારીઓ શરૂ કરી દીધી. બીજી ટેસ્ટ મેચ એડિલેડમાં યોજાવાની છે જે ગુલાબી બોલની ટેસ્ટ છે. આ ડે-નાઈટ ટેસ્ટ હશે. ગુલાબી બોલથી રમાતી આ મેચ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગુલાબી બોલ રમવું સરળ નથી અને રોહિત આ મુશ્કેલ મેચ પહેલા સંપૂર્ણપણે લયમાં આવવા માંગે છે અને તેથી ઓસ્ટ્રેલિયા પહોંચ્યા પછી તેણે કોઈ સમય બગાડ્યો નહીં.

રોહિતની ગેરહાજરીમાં, બુમરાહે તેની જગ્યાએ કેપ્ટનશીપ સંભાળી અને કેએલ રાહુલે યશસ્વીની સાથે ઓપનિંગ બેટ્સમેનની જવાબદારી સંભાળી. રાહુલે બંને ઇનિંગ્સમાં સારો દેખાવ કર્યો હતો. પ્રથમ દાવમાં મુશ્કેલ પરિસ્થિતિમાં તેના 26 રનથી ટીમને ઘણી રાહત મળી હતી. બીજા દાવમાં તેણે જયસ્વાલ સાથે મળીને ટીમને મજબૂત શરૂઆત અપાવી અને પ્રથમ વિકેટ માટે 201 રન જોડ્યા. રાહુલે બીજા દાવમાં 77 રન બનાવ્યા હતા.

# IPL 2025ના 10 કેપ્ટન, જેમની પસંદગી માટે ટીમોએ ખર્ચ્યા 199.35 કરોડ રૂપિયા!

IPL 2025 મેગા ઓક્શનના પહેલા દિવસની સમાપ્તિ બાદ સ્થિતિ ઘણી હદ સુધી સ્પષ્ટ થઈ ગઈ છે કે કોને કઈ ટીમનો કેપ્ટન બનાવી શકાય? કેટલીક ટીમોએ આ વખતે રિટેન્શન દ્વારા પરિસ્થિતિને સાફ કરી દીધી હતી.

IPL 2025ની મેગા ઓક્શનના પહેલા દિવસે 467.95 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. 72 ખેલાડીઓ એવા હતા જેમને નવી ટીમ મળી અને ઘણા તેમની જૂની ટીમ સાથે રહેવામાં સફળ રહ્યા. પરંતુ શું તમે જાણો છો કે IPL 2025માં તમામ 10 ટીમોની કેપ્ટનશીપ કોણ કરતી જોવા મળશે? જો કે, ઘણી ટીમોએ આ અંગે સત્તાવાર જાહેરાત કરવાની બાકી છે. પરંતુ, અનુમાન મુજબ, પરિસ્થિતિ લગભગ સ્પષ્ટ છે કે IPL 2025માં કઈ ટીમની કમાન કોણ સંભાળશે? આ અટકળો એટલા માટે પણ લગાવવામાં આવી રહી છે કારણ કે તે IPL 2025ની જાળવણી હોય કે પછી મેગા ઓક્શન હોય, ટીમોએ તે ખેલાડીઓ પર કરોડો રૂપિયા ખર્ચ્યા છે.

હવે ચાલો જાણીએ કે કોણ કઈ ટીમની કેપ્ટનશીપ કરતા જોવા મળી શકે છે? સૌથી પહેલા જાણી લો કે IPL 2025ની 10 ટીમોએ મળીને તે ખેલાડીઓ પર 199.35 કરોડ રૂપિયા ખર્ચ્યા છે. તો, એવા ચહેરા કોણ હોઈ શકે છે જે કેપ્ટન બની શકે છે, હવે ચાલો તે પણ જાણીએ.







લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) - IPL 2025 ની મેગા હરાજીમાં, આ ટીમે રિષભ પંતને ખરીદવા માટે લગભગ સેફ ખોલી દીધી હતી. પંત પર 27 કરોડ રૂપિયા ખર્ચીને તેણે તેને આ સીઝનનો જ નહીં પરંતુ સમગ્ર આઈપીએલ ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બનાવ્યો. જો લખનૌએ પંત પર આટલા પૈસા ખર્ચ્યા છે, તો સ્વાભાવિક છે કે કીપિંગ અને બેટિંગ સિવાય તેઓ તેમનામાં તેમનો કેપ્ટન પણ જોઈ રહ્યા છે. મોટી વાત એ છે કે પંતને IPLમાં કેપ્ટન્સીનો અગાઉનો અનુભવ છે.

**દિલ્હી કેપિટલ્સ (DC)**

જો કેએલ રાહુલના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો IPL 2025ની મેગા ઓક્શનમાં તેમને 3 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ગત સિઝનમાં તેને LSG તરફથી 17 કરોડ રૂપિયા મળ્યા હતા. પરંતુ દિલ્હી કેપિટલ્સ માટે સસ્તા ભાવે આ એક સારો સોદો છે. કારણ કે 14 કરોડ રૂપિયા ખર્ચ્યા પછી જ તેને કીપર, બેટ્સમેન અને કેપ્ટનનો વિકલ્પ મળ્યો. રાહુલ ગત સિઝનમાં એલએસજીનો કેપ્ટન હતો.

**ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)**

રુતુરાજ ગાયકવાડ પીળી જર્સી ચેન્નાઈ સુપર કિંગ્સનો કેપ્ટન બની શકે છે. કારણ કે ઋતુરાજ છેલ્લી સિઝનમાં પણ આ ટીમની કમાન સંભાળતો જોવા મળ્યો છે અને બીજું, CSKએ પણ તેને IPL 2025 માટે 18 કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો છે.

**પંજાબ કિંગ્સ (PBKS)**

IPL 2025 ની મેગા હરાજીમાં સૌથી મોટા પર્સ સાથે ઉતરેલા પંજાબ કિંગ્સે શ્રેયસ અય્યર પર પૈસા ઉડાવ્યા. તેણે તેમને 26.75 કરોડ રૂપિયામાં પોતાની સાથે જોડ્યા છે. અય્યરે ગત સિઝનમાં પોતાની કેપ્ટનશીપ હેઠળ KKRને ચેમ્પિયન બનાવ્યું હતું. આવી સ્થિતિમાં પંજાબ કિંગ્સે તેના માટે આટલી મોંઘી બોલી કેમ લગાવી તે સમજવું મુશ્કેલ નથી. શ્રેયસ અય્યપ IPL 2025માં પંજાબ કિંગ્સની કેપ્ટનશિપ કરતો જોવા મળી શકે છે.

**કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)**

આ ટીમ જ્યારે શ્રેયસ અય્યરને ખરીદવા માટે પૂરો પ્રયાસ કરી રહી હોય તેવું લાગતું ન હતું ત્યારે આશ્ચર્ય થયું. પરંતુ, બીજા અય્યર એટલે કે વેંકટેશ અય્યર પર તેણે 23.75 કરોડ રૂપિયા ખર્ચ્યા. નવાઈની વાત એ છે કે વેંકટેશને આટલા પૈસા કેમ મળ્યા? પરંતુ, કદાચ KKR તેને કેપ્ટન બનાવવાનું વિચારી રહ્યું છે. હરાજીમાં વેચાયા બાદ વેંકટેશ ઐય્યરે પોતે સુકાની પદ સંભાળવા તૈયાર હોવાનું કહેતા જોવા મળ્યા હતા.

**ગુજરાત ટાઇટન્સ (GT)**

શુભમન ગિલ છેલ્લી સિઝનમાં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન હતો અને IPL 2025માં પણ હશે. ગુજરાત ફ્રેન્ચાઈઝીએ તેને આગામી સિઝન માટે રૂ. 16.50 કરોડમાં જાળવી રાખ્યો છે.

**રાજસ્થાન રોયલ્સ (RR)**

આ ટીમ પાસે પહેલાથી જ સંજુ સેમસનના રૂપમાં તેનો કેપ્ટન છે. IPL 2025 માટે રાજસ્થાને સંજુને 18 કરોડ રૂપિયામાં રિટેન કર્યો છે.

**સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH)**

કાવ્યા મારન IPL 2025ની મેગા ઓક્શનમાં પ્રખ્યાત ખેલાડીઓ પર બોલી લગાવતી જોવા મળી હશે. પરંતુ, IPL 2025માં તેની ટીમનો કેપ્ટન પેટ કમિન્સ હશે, જેને તેણે પહેલાથી જ 18 કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો છે.

**મુંબઈ ઈન્ડિયન્સ (MI)**

મુંબઈ ઈન્ડિયન્સે પણ આઈપીએલ 2025ની જાળવણીમાં તેના કેપ્ટનની સ્થિતિ સ્પષ્ટ કરી છે. તેણે હાર્દિકને 16.35 કરોડ રૂપિયામાં રિટેન કર્યો છે.

**રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)**

IPL 2025ની મેગા હરાજીના પ્રથમ દિવસે, RCB એ એક પણ ખેલાડીને ખરીદ્યો ન હતો જે તે ટીમની કેપ્ટનશીપ માટે સક્ષમ કહી શકાય. આવી સ્થિતિમાં, સવાલ એ છે કે શું આ ટીમ વિરાટ કોહલીને કેપ્ટનશિપ સોંપવા માંગે છે, જેને તેણે 21 કરોડ રૂપિયામાં જાળવી રાખ્યો છે.

# T20 મેચમાં માત્ર 7 રનમાં આખી ટીમ પડી ભાંગી સાત બેટ્સમેન ખાતું પણ ખોલાવી શક્યા નહીં

આજકાલ કહેવાય છે કે ક્રિકેટ બેટ્સમેનોની રમત છે. પરંતુ ઘણી વખત એવું જોવામાં આવ્યું છે કે બોલર કંઈક એવું



કરે છે કે બેટ્સમેન ઝૂકી જાય છે અને પછી રન બનાવવો ખૂબ મુશ્કેલ બની જાય છે. આવું જ કંઈક T20 મેચમાં થયું હતું જ્યાં બોલરોએ એવો પાયમાલ મચાવ્યો હતો કે આખી ટીમ માત્ર સાત રનમાં પડી ભાંગી હતી.

અમે વાત કરી રહ્યા છીએ નાઈજીરિયા અને આઈવરી કોસ્ટ વચ્ચે રમાયેલી T20 મેચની. જ્યાં નાઈજીરિયાએ પ્રથમ બેટિંગ કરીને ચાર વિકેટ ગુમાવીને 271 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. પરંતુ આ વિશાળ સ્કોર સામે આઇવરી કોસ્ટની ટીમ નિષ્ફળ રહી અને માત્ર સાત રન બનાવી શકી. આ T20માં કોઈપણ ટીમ દ્વારા બનાવવામાં આવેલો સૌથી ઓછો સ્કોર છે.

272 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી આઇવરી કોસ્ટની ટીમના સાત બેટ્સમેનો ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. ટીમ તરફથી ઓપનર કટારા મોહમ્મદે સૌથી વધુ ચાર રન બનાવ્યા હતા. બાકીના ત્રણ બેટ્સમેન માત્ર એક-એક રન બનાવી શક્યા હતા. આખી ટીમ 7.3 ઓવરમાં સાત રનમાં સમેટાઇ ગઇ હતી. નાઈજીરીયા માટે આઈઝેક ડેનાલ્ડી અને પ્રોસ્પર ઉસાનીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. પીટર આહોએ બે અને સિલ્વેસ્ટર ઓકેપે એક વિકેટ લીધી હતી.

# મેગા ઓક્શનમાં પાંચ ખેલાડીઓને જોઇએ તે રીતે ના મળી રકમ

IPL 2025 મેગા ઓક્શનમાં ઘણા ટોચના ખેલાડીઓને IPL 2025 મેગા ઓક્શનમાં અપેક્ષા કરતા ઓછી બિડ મળી છે. જાણો કઈ ટીમોએ મોટા ખેલાડીઓને સસ્તામાં ખરીદ્યા છે.લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) એ ઋષભ પંતને 27 કરોડ રૂપિયામાં ખરીદીને ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બનાવી દીધો છે. તેમના સિવાય શ્રેયસ અય્યર પર 26.75 કરોડ રૂપિયાની બોલીએ સનસનાટી મચાવી દીધી છે, તેને પંજાબ કિંગ્સે ખરીદ્યો હતો. પરંતુ અત્યાર સુધી હરાજીમાં કેટલાક એવા નામ છે, જે ખૂબ જ મોંઘા વેચી શકાતા હતા, પરંતુ ટીમોએ તેમને ખૂબ જ સસ્તામાં ખરીદીને પોતાના માટે મોટો નફો કર્યો છે.



1. કેએલ રાહુલ - રૂ. 14 કરોડ (દિલ્હી કેપિટલ્સ

KL રાહુલને IPL 2024 પછી લખનૌ સુપરજાયન્ટ્સ દ્વારા રિલીઝ કરવામાં આવ્યો હતો. તે કેપ્ટન, વર્લ્ડ ક્લાસ વિકેટકીપર અને ટોપ બેટ્સમેન પણ રહ્યો છે. આટલી ટેલેન્ટને જોતાં તેના માટે ઓછામાં ઓછા 20-25 કરોડ રૂપિયાની બિડ થવાની અપેક્ષા હતી. પરંતુ દિલ્હી કેપિટલ્સે તેને માત્ર 14 કરોડ રૂપિયામાં ખરીદીને ઘણી સારી ખરીદી કરી છે.

2. ગ્લેમ મેક્સવેલ - 4.20 કરોડ (પંજાબ કિંગ્સ)

ગ્લેન મેક્સવેલ 2020 થી RCB માટે રમી રહ્યો હતો અને તેને છેલ્લી સિઝન રમવા બદલ 11 કરોડ રૂપિયાનો પગાર મળ્યો હતો. પરંતુ આ વખતે પંજાબ કિંગ્સે તેને માત્ર 4.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. મેક્સવેલ છેલ્લે 2017માં પંજાબ તરફથી રમતા જોવા મળ્યો હતો.

3. રચિન રવિન્દ્ર - 4 કરોડ (CSK)

રચિન રવિન્દ્રએ ગત સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા આઈપીએલની શરૂઆત કરી હતી. ગત સિઝનમાં તેણે CSK માટે 10 મેચમાં 222 રન બનાવ્યા હતા. તે તેના 160થી વધુના સ્ટ્રાઈક રેટને કારણે ચર્ચામાં આવ્યો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રવિન્દ્રના વધતા કદને ધ્યાનમાં લેતાં રૂ. 4 કરોડની રકમ ઘણી ઓછી દેખાય છે.

4. એડન માર્કરમ - 2 કરોડ (LSG)

એઈડન માર્કરામ દક્ષિણ આફ્રિકાની ટીમનો વર્તમાન કેપ્ટન છે. તેને લખનઉ સુપર જાયન્ટ્સે તેની મૂળ કિંમત એટલે કે રૂ. 2 કરોડમાં ખરીદ્યો છે. માર્કરામ આઈપીએલમાં સનરાઈઝર્સ હૈદરાબાદની કેપ્ટનશીપ પણ કરી ચૂક્યો છે અને તેનો ક્રિકેટ આઈક્યુ શાનદાર છે. આ હોવા છતાં, તેના પર કોઈએ 2 કરોડથી વધુની બોલી નથી લગાવી.

5. મિશેલ માર્શ - રૂ. 3.40 કરોડ (LSG)

મિશેલ માર્શ બેટિંગમાં મોટી હિટ બનાવવા માટે પ્રખ્યાત છે અને બોલિંગ સાથે સતત વિકેટ પણ લેતો રહ્યો છે. તેણે તેની IPL કરિયરમાં 666 રન અને 37 વિકેટ લીધી છે. ડીસીએ તેને છેલ્લી સિઝન રમવા માટે 6.50 કરોડ રૂપિયાનો પગાર આપ્યો હતો, પરંતુ આ વખતે લખનૌએ તેને 3.40 કરોડ રૂપિયા આપીને સસ્તામાં ખરીદ્યો.

# IPL ઓક્શન: કોણ છે નમન ધીર જેના માટે MIએ RR સાથે લડાઈ, 17 ગણી વધુ કિંમત ચૂકવવી પડી

IPL મેગા ઓક્શનના પ્રથમ દિવસે ફ્રેન્ચાઈઝીઓએ જોરદાર બોલી લગાવી હતી, પરંતુ પાંચ વખતની વિજેતા મુંબઈ ઈન્ડિયન્સ બહુ સક્રિય દેખાઈ ન હતી. માર્કી ખેલાડીઓની યાદીમાં આ ટીમ બિડિંગ ટાળતી જોવા મળી હતી. પરંતુ આ ટીમે અનકેપ્ડ ખેલાડીઓમાં સારો રસ દાખવ્યો અને રાજસ્થાન રોયલ્સ સાથે તેના એક જૂના ખેલાડીને રાખવા માટે લડાઈ કરી. આ ખેલાડી છે નમન ધીર.

નમન ધીર પણ ગત સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી ચૂક્યો છે. આ વર્ષે પણ ફ્રેન્ચાઇઝી તેને પોતાની સાથે રાખવા માંગતી હતી અને તેથી રાજસ્થાનની તમામ યુક્તિઓને નિષ્ફળ બનાવીને તેણે આ ખેલાડીને પોતાની સાથે સામેલ કર્યો.





રાજસ્થાન ઉપરાંત દિલ્હી કેપિટલ્સ અને પંજાબ કિંગ્સે પણ નમન માટે બોલી લગાવી હતી. ત્રણેય વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રાજસ્થાને આ ખેલાડી માટે છેલ્લી બોલી 3.40 કરોડ રૂપિયામાં લગાવી હતી. ગયા વર્ષે તે મુંબઈમાં હોવાથી, આ ફ્રેન્ચાઈઝીને RTMનો ઉપયોગ કરવા વિશે પૂછવામાં આવ્યું અને ફ્રેન્ચાઈઝીએ તેના માટે હા પાડી. ત્યારબાદ રાજસ્થાને RTM માટે રૂ. 5.25 કરોડની બિડ કરી અને મુંબઈએ તેને સ્વીકારી.

નમન રૂ. 30 લાખની મૂળ કિંમત સાથે બજારમાં પ્રવેશ્યો હતો, પરંતુ લગભગ 17 ગણા વધુ કમાણી કરી હતી. તેને આ પૈસા તેની ક્ષમતા માટે મળ્યા છે. નમન એક તોફાની બેટ્સમેન છે અને તેણે ઘરેલુ ક્રિકેટમાં પોતાની પ્રતિભા બતાવી છે. ગયા વર્ષે નમન મુંબઈ માટે સાત મેચ રમ્યો હતો જેમાંથી એકમાં તેણે અડધી સદી ફટકારી હતી.

# IPL 2025: અનસોલ્ડ રહ્યા આ 12 ધુરંધર, IPLમાં મચાવી હતી ધૂમ!

સાઉદી અરેબિયાના જેદ્દાહમાં ચાલી રહેલી IPL 2025 મેગા ઓક્શનમાં પ્રથમ દિવસે જ હરાજીના તમામ રેકોર્ડ તૂટી ગયા હતા. રિષભ પંત હવે IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. પંતને લખનૌ સુપર જાયન્ટ્સે 27 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. પ્રથમ દિવસે 72 ખેલાડીઓ ખરીદવામાં આવ્યા હતા જ્યારે 12 ખેલાડીઓ વેચાયા વગરના રહ્યા હતા. જેમાં એક ખેલાડીએ પોતાની કપ્તાનીમાં ટીમ માટે આઈપીએલનો ખિતાબ પણ જીત્યો છે.





મેગા ઓક્શનના પ્રથમ દિવસે ચાહકો માટે આશ્ચર્યજનક બાબત એ હતી કે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન ડેવિડ વોર્નર, જેણે સનરાઈઝર્સ હૈદરાબાદને પોતાની કેપ્ટનશીપમાં ચેમ્પિયન બનાવ્યું હતું, તે વેચાયા વગરનો રહ્યો. આ દિગ્ગજ ખેલાડીમાં કોઈ ફ્રેન્ચાઈઝીએ રસ દાખવ્યો નથી. ડેવિડ વોર્નરની બેઝ પ્રાઈસ 2 કરોડ રૂપિયા હતી. આ સિવાય ઈંગ્લેન્ડના જોની બેયરસ્ટોને પણ મેગા ઓક્શનમાં કોઈ ખરીદદાર મળ્યો ન હતો. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ગયેલા ટીમ ઈન્ડિયાના ડાબોડી બેટ્સમેન દેવદત્ત પડિક્કલ પણ આ વખતે મેગા ઓક્શનમાં અનસોલ્ડ રહ્યા.

**અનસોલ્ડ ખેલાડીઓ**

ડેવિડ વોર્નર, દેવદત્ત પડિક્કલ, જોની બેયરસ્ટો, વકાર સલામખેલ, અનમોલપ્રીત સિંહ, યશ ઢુલ, ઉત્કર્ષ સિંહ, ઉપેન્દ્ર યાદવ, લવનીથ સિસોદિયા, કાર્તિક ત્યાગી, પીયૂષ ચાવલા અને શ્રેયસ ગોપાલ.

# માંગરોળના મહુવેજ ગામની નહેરમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

## મૃતક મહિલાની ઓળખ કરવા કોસંબા પોલીસની તપાસ

સુરત, તા.૨૫

સુરત જિલ્લાના માંગરોળનાં મહુવેજ ગામની સીમમાંથી પસાર થતી નહેરનાં પાણીમાંથી અજાણી મહિલાની લાશ મળી આવી હતી. કોસંબા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત જિલ્લામાં પસાર થતી નહેરોમાંથી અજાણી લાશો મળવાનો સિલસિલો યથાવત છે. ત્યારે વધુ એક અજાણી લાશ મળી આવી છે. સુરતના કોસંબા પોલીસની હદમાં માંગરોળના મહુવેજ ગામની સીમમાંથી પસાર થતી કાકરાપાર જમણા કાંઠાની નહેરનાં પાણીનાં કિનારે એક અજાણી મહિલા ની લાશ પડી હોવાની જાણ કોસંબા પોલીસને કરવવામાં આવી હતી. જોકે ઘટનાની જાણ થતા હરકતમાં આવેલી કોસંબા પોલીસ બનાવનાં સ્થળે પહોંચી જઈ અજાણી મહિલાની લાશનો કબ્જો લઈ જેની ઓળખ અંગે કવાયત હાથ ધરી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

પલસાણા તાલુકાના ઈટાળવા ગામે વાઈટ લોટસ કંપનીના રહેણાંક મકાનમાં રહેતા ૩૭ વર્ષીય વ્યક્તિનું પેટમાં દુઃખાવાની સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.

તા.૨૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રાત્રે ૧:૩૦ વાગ્યાની આસપાસ કમલેશ રાવતને અચાનક પેટમાં તીવ્ર દુખાવો થતાં તેમને નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર દરમિયાન ફરજ પરના ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે અને અ.હે.કો. નિતીનકુમાર રમણભાઈ આ મામલે તપાસ કરી રહ્યા છે. મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો.



# જંબુસરમાં ઝાડ પર ચઢેલા યુવકને વિજ કરંટ લાગતા મોત

## પશુઓ માટે ચારો પાડવા યુવક ઝાડ પર ચઢ્યો હતો

ભરૂચ, તા.૨૫

જંબુસરમાં પશુઓ માટે ઝાડ પર ચારો તોડવા ચઢેલા એક યુવાનને વીજ કરંટ લાગતા જ વૃક્ષ પર મોત નીપજ્યું હતું.ઘટના પગલે પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બન્યું હતું.

ભરૂચના જબુંસર વિસ્તારમાં મહેશ અરવિંદ વાઘેલા નામનો યુવાન આજે પોતાના પશુઓ માટે ચારો લેવા માટે જબુંસરના સેન્ટર પ્લાઝા હોટલ નજીક આવેલા મોટા ઝાડ પર ચઢ્યો હતો.તે વૃક્ષ પર ચારો તોડી રહયો હતો તે સમયે વૃક્ષની ડાળી ત્યાંથી પસાર થતાં વીજ તારને અડી જતાં તેને વીજ કરંટ લાગતા જ ત્યાં વૃક્ષ પર જ ઢળી પડ્યો હતો.

આ સમયે ત્યાંથી પસાર થતાં લોકોએ તેને જોતા જ વીજ કંપનીમાં જાણ કરી હતી.ઘટનાની જાણ થતાં વીજ કંપનીના કર્મીઓ પણ સ્થળ પર પહોંચી વીજ પુરવઠો બંધ કરી તેના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.ઘટના અંગેની જાણ તેના પરિવારજનોને થતાં તેઓ સ્થળ પર આવી પહોંચતા તેમના આક્રંદથી સમગ્ર માહોલ ગમગીન બન્યો હતો.ઘટાના પગલે મોટી સંખ્યામાં લોક ટોળાં ઉમટી પડ્યા હતા.

# ઓલપાડ પંથકમાં ડાંગરના પાકમાં થયેલો માતબર ઘટાડો

સુરત, તા.૨૫

સુરતના ઓલપાડ તાલુકામાં ડાંગરના ખરીફ પાકની મોટા પાયે ખેતી કરવામાં આવતી હોય ચાલુ વર્ષે પણ ૧૯,૦૦૦ હેક્ટરમાં ડાંગર વાવણી થતા ઓક્ટોબર માસના પહેલા પહેલા અઠવાડિયામાં ખેડૂતો ખેતરમાં તૈયાર થયેલા ડાંગરના પાકની કાપણી કરી સહકારી મંડળીમાં નાખતા હોય છે. ચાલુ સીઝનમાં પણ તાલુકામાં રેકોર્ડબ્રેક પાક તૈયાર થતા કાપણીના સમયે સતત થયેલા વરસાદે ખેતરોમાં પાણી ભરાતા ડાંગરનો પાક પલળી જતા તેની માઠી અસર ડાંગરની આવક પર પણ પડી છે. ઓલપાડ તાલુકાની વિવિધ સહકારી મંડળીઓમાં ગત વર્ષે ૨૪ નવેમ્બર મહિનામાં સુધીમાં કુલ ૩.૩૮ લાખથી વધુ ગુણ ડાંગરની આવક થઈ હતી, પરંતુ આ વર્ષે માત્ર ૨.૫૯ લાખ ગુણ ડાંગર જ આવ્યુ છે.



તાલુકામાં ડાંગરનો મહત્તમ પાક ખેડૂતો દ્વારા સહકારી મંડળીઓમાં નાખવામાં આવે છે. ત્યારે ડાંગરની કંપની સાથે ઓક્ટોબર માસના પહેલા વીકમાં એટલે કે દિવાળીના તહેવાર સાથે મંડળીઓમાં ડાંગરની આવક થાય છે. ત્યારે ચાલુ વર્ષે ડાંગરની કાપણી સમય ગાળામાં જ મોટી માત્રામાં પાછોતરો વરસાદ થતા ખરીફ ડાંગરનો ખેતરોમાં તૈયાર થયેલ પાક પલળી જતા સાથે જ ભારે પવન સાથે વરસાદ આવતા પાક વરસાદી પાણીમાં ડૂબીને પલળ્યો. ત્યારે સમયસર ડાંગરના પાકની કાપણી ન થતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા.

ઓલપાડ તાલુકામાં કાર્યરત સહકારી મંડળીઓના આગેવાનોના કહેવા મુજબ પાછોતરા ભારે વરસાદને લઈને ચાલુ વર્ષે ડાંગર કાપણી એક મહિનો મોડી પડી હતી. વરસાદ બંધ થવાના ઘણાં દિવસો બાદ ખેતરો સુકાયા હતા. ગત વર્ષની વાત કરીએ તો ૨૪ નવેમ્બર ૨૦૨૩ સુધીમાં તાલુકાની વિવિધ મંડળી મળી ૩.૩૮ લાખથી વધુ ગુણી ડાંગરની આવક થઈ હતી. જ્યારે હાલ માત્ર ૨.૫૯ લાખ ગુણી ડાંગર આવ્યું છે, એટલે ગત વર્ષની સરખામણી એ ચાલુ વર્ષે અત્યાર સુધીમાં સવા લાખ ગુણી ડાંગરની આવક ઓછી થઈ છે. ગયા વર્ષની સરખામણીમાં કરતાં ચાલુ વર્ષે મંડળીમાં ડાંગરનો જથ્થો ૩૫ ટકા ઓછો આવતાં મંડળીને પણ મોટો ફટકો પડ્યો છે જેની સીધી અસર ખેડૂતો પર પડવાની છે.

સહકારી મંડળીઓમાં આટલા મોટા પાયે ડાંગર ઓછું આવવા માટે પાછોતરો વરસાદ ખેતરોમાં પાણીનો મોટા પાયે ભરાવો થતો હતો. હજુ હાલ માંડ માંડ ખેતરો સુકાયા છે. ડાંગર કાપણી માટેના મશીનો ખેતરમાં લઈ જવા શક્ય ન હતી. વરસાદને લઈને ડાંગર ભરવાની કામગીરી અર્થે આવતા શ્રમિકો આવી શક્યા ન હતા. સાથે તહેવાર અને પોતાના ખેતરોમાં થયેલા ડાંગરના પાકની કાપણી બાકી હોવાથી શ્રમિકોના અભાવે પણ ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. હાલ ખેડૂતો પાછોતરા વરસાદને કારણે ખેડૂતોના ડાંગર પાકમાં થયેલા નુકસાનનું વળતર આપે તેવી માગ કરી રહ્યા છે.

## સહકારી મંડળીઓમાં સવા લાખ ગુણ ડાંગરની આવક ઓછી થઈ

# કીમ નજીક કઠોદરા ગામમાં વધુ એક શેરડીના ખેતરમાં આગ લાગી

## ૧૦ દિવસમાં ચાર ખેતરોમાં રહસ્યમય આગ લાગતા ખેડૂતો ભયભીત

સુરત, તા.૨૫

કીમ નજીક કઠોદરા ગામે લાગલગાટ દસ દિવસના ટૂંકા ગાળામાં ચાર ખેડૂતોના શેરડીનાં ખેતરોમાં રહસ્યમય સંજોગોમાં આગ લાગી છે. આ હરકત કોઈ જાણભેદુની હોવાની શંકા ખેડૂતોને છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઓલપાડના કીમ નજીક આવેલા કઠોદરા ગામમાં શેરડીના પાકમાં આગ લગાડવાની ચાર-ચાર ઘટના ૧૦ દિવસમાં બનતા ખેડૂતોમાં દહેશતનો માહોલ છવાઈ ગયો હતો. ખેડૂત સોયબ અહેમદ પટેલનાં બે ખેતરોમાં ૨૦ વીઘાં શેરડીના પાકમાં આગ લાગી હતી. જ્યાં ૨૦ વીઘાં પૈકી ૭ વીઘાં જેટલી શેરડીનો પાક આગની ઝપેટમાં આવીને બળી ગયો હતો.

બનાવના બીજા દિવસે સિકંદર અહેમદ સિદાત નામના ખેડૂતની આઠ વીઘાં જમીનમાં આગ લાગતા ૪થી ૫ વીઘાં જેટલી શેરડી બળી ગઈ હતી. ત્યારબાદ સોયબ કાસમ પટેલના એક વીઘાં ખેતરમાં શેરડીનો ઊભો પાક બળી ગયો હતો. આમ દસ દિવસના ટૂંકા સમયમાં લાગલગાટ ૧૦થી ૧૨ વીઘાં શેરડીનો ઊભો પાક કોઈ અજાણ્યા જાણભેદુએ સળગાવી દીધાની ખેડૂતોને શંકા છે. જેથી અંધારું થતા ખુદ ખેડૂતોએ પોતાની બાઈક અથવા અન્ય કોઈ સાધન સાથે રાત્રી પેટ્રોલિંગ કરવાનું નક્કી કર્યું છે.

કઠોદરા ગામના ખેડૂત અગ્રણી અને સમાજ સેવક મોહંમદ ઈસ્માઈલ પટેલ તેમજ કઠોદરાના સરપંચે આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી કરી છે. ખેડૂતોએ પાંચ લાખથી વધુનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

### શિયાળુ

પહેલા પાનાનું ચાલુ

મેળવવા માટે ભારતીય અધિકારીઓને લગભગ ૨,૨૦૦ કરોડ રૂપિયાની લાંચ ઓફર કરી હતી. રાહુલ ગાંધીએ આ મામલે JPCની માંગણી કરી છે.

કોંગ્રેસ નેતા પ્રમોદ તિવારીએ બેઠકમાં કહ્યું- તેમની પાર્ટીએ સંસદમાં મણિપુર હિંસા, પ્રદૂષણ અને રેલ દુર્ઘટનાઓ પર ચર્ચા કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. જો કે, સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ કહ્યું- ચર્ચા હેઠળના મુદ્દાઓ પર બિઝનેસ એડવાઈઝરી કમિટી નિર્ણય લેશે. વિપક્ષે ગૃહની કાર્યવાહી સારી રીતે ચાલવા દેવી જોઈએ.

પ્રિયંકા ગાંધી સંસદમાં શપથ લેશે સત્રના પ્રથમ દિવસે, લોકસભા સ્પીકર ઓમ બિરલા કેરળના વાયનાડ અને મહારાષ્ટ્રની નાંદેડ બેઠકોથી પેટાચૂંટણીમાં જીતેલા બે નવા સાંસદોને શપથ લેવડાવશે. બંને બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયો છે. પ્રિયંકા ગાંધી પહેલીવાર વાયનાડથી જીત્યા છે.

૨૦૨૪નો છેલ્લો કાર્યકાળ ચાલી રહ્યો છે. સંસદનું આ સત્ર ઘણી રીતે વિશેષ છે. આવતીકાલે બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઉત્સવની શરૂઆત કરવા માટે બંધારણ ગૃહમાં બધા એક સાથે આવશે. બંધારણના ઘડવૈયાઓએ બંધારણ બનાવતી વખતે દરેક મુદ્દાની ચર્ચા કરી હતી. ત્યારે જ આપણને આવો ઉત્તમ દસ્તાવેજ મળ્યા. તેનું મહત્વનું એકમ આપણી સંસદ છે. આપણા સાંસદો અને સંસદ પણ. સંસદમાં તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ, વધુને વધુ લોકોએ ચર્ચામાં સહયોગ આપવો જોઈએ. કમનસીબે, રાજકીય કારણોસર, કેટલાક લોકો, જેમને જનતા દ્વારા નકારવામાં આવ્યા છે. મુઠ્ઠીભર લોકો સંસદમાં હોબાળો મચાવે છે અને સંસદને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સંસદની ગતિવિધિઓને રોકવામાં તેમનો પોતાનો હેતુ સફળ થતો નથી, જનતા તેને જુએ છે અને પછી સજા કરે છે.

### ગિરનાર

પહેલા પાનાનું ચાલુ

કલાકમાં લઘુત્તમ તાપમાનમાં ૩.૫ ડિગ્રીનો વધારો થતાં આજે ૧૭.૫ ડિગ્રીએ પહોંચતા ઠંડીમાં લોકોએ આંશિક રાહત અનુભવી હતી. વાતાવરણમાં ૯ ટકા ભેજનું પ્રમાણ ઘટીને ૬૫ ટકા થયું હતું. મહત્તમ તાપમાન સતત બીજા દિવસે ૨૯.૫ ડિગ્રીથી ઓછું રહ્યું હતું. ઉત્તર ભારતમાં હિમવર્ષાની અસર ગુજરાતમાં પણ વર્તાઈ રહી છે. જામનગર પંથકમાં પણ તાપમાનમાં સતત ઘટાડો થતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. શહેરમાં આજે સવારે પુરા થતાં ચોવીસ કલાક દરમિયાન ન્યુનતમ તાપમાન ૧૭.૫ ડીગ્રીએ પહોંચ્યું હતું. આથી લોકોએ ઠંડીમાં રાહત મળી હતી. મહતમ તાપમાનો પારો ૨૯.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૩.૭ કિમિ રહી હતી.

જો કે, રવિવારે લઘુત્તમ તાપમાનમાં ૨.૫ ડિગ્રીનો વધારો થતાં ૧૬.૫ ડિગ્રી નોંધાયું હતું. આથી લોકોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. મહત્તમ તાપમાનમાં ૦.૩ ડિગ્રીનો આંશિક ઘટાડો થતાં ૨૯.૫ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯ ટકા ઘટીને ૬૫ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૩.૭ કિ.મી.ની રહેવા પામી હતી. તાપમાનમાં સતત વધારા-ઘટાડાના કારણે હજુ પણ મિશ્ર ઋતુનો અનુભવ લોકો કરી રહ્યા છે. જ્યારે અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીમાં વધારો થવાના બદલે ઉતરોતર ઠંડીમાં ઘટાડો જોવા મળી રહયો છે. ત્રણ દિવસ પહેલાં અમરેલીમાં લઘુતમ તાપમાન ૧૩.૪ નોંધાયું હતું. જેમાં આજે ૪ ડિગ્રી જેટલું તાપમાન વધ્યું છે. અમરેલી આજે મહતમ તાપમાન ૩૧.૪, જ્યારે લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું. ભેજનું પ્રમાણ ૬૮ ટકા જ્યારે પવનની ગતિ ૪.૮ કી.મી. નોંધાય હતી.

### જમ્મુ

પહેલા પાનાનું ચાલુ

નોંધાઈ રહ્યું હતું, હવે તાપમાન ઘટીને ૧૦ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું છે.ભોપાલ અને જબલપુર સહિત મધ્યપ્રદેશના ૯ શહેરોમાં રાત્રિનું તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે છે. હિલ સ્ટેશન પચમઢીમાં તાપમાનનો પારો રેકોર્ડ ૫.૮ ડિગ્રીએ પહોંચી ગયો છે, જ્યારે રાજધાનીમાં નવેમ્બરની ઠંડીએ ૨૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે.હિમાચલ પ્રદેશમાં ૫ દિવસ બાદ હવામાન ફરી બદલાશે. માત્ર આનાથી ઊંચા વિસ્તારોમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની અપેક્ષા છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં, ૫૫ દિવસથી વધુનો ડ્રાય સ્પેલ તૂટવા માટે આપણે લાંબી રાહ જોવી પડશે.ઉત્તર તરફથી આવતા પવનોને કારણે છત્તીસગઢમાં ઠંડી સતત વધી રહી છે. રાત્રિના સમયે ઠંડીથી બચવા માટે લોકો ચારેબાજુ આગનો સહારો લેતા હોય છે. રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન અંબિકાપુરમાં ૮ ડિગ્રી નોંધાયું હતું.

### ઉઘડતા

પહેલા પાનાનું ચાલુ

મુસ્લિમ વચ્ચેની આ રાજનીતિ બંધ નહીં થાય તો આવનારી પેઢીઓ જોખમમાં આવી જશે. મુસ્લિમોને સંયમ રાખવાની અપીલ કરી. કહ્યું કે તરબૂચ છરી પર પડે કે છરી તરબૂચ પર પડે, તરબૂચ જ કપાય છે. દરેક પરિસ્થિતિમાં નુકસાન તેમનું જ છે.સંભલ હિંસા બાદ વહેલી સવારે સમગ્ર શહેરમાં ફ્લેગ માર્ચ કાઢવામાં આવી હતી. શહેરના તમામ મુખ્ય ચોકો પર બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. શહેરમાં પ્રવેશતા માર્ગો પર પણ પોલીસ તહેનાત છે. બજારો અને દુકાનો સંપૂર્ણપણે બંધ છે.

### કેનેડાના

પહેલા પાનાનું ચાલુ

છીએ. વડાપ્રધાન તરીકે તમે નવ વર્ષ સુધી ઝેરી ઓળખની રાજનીતિ કરીને જાતિ, લિંગ, ધર્મ અને પ્રદેશના આધારે લોકોને વિભાજિત કર્યા છે. ઉલ્લેખનીય છે કે, કેનેડાના શહેર મોન્ટ્રીયલમાં શુક્રવારે રાત્રે ઈઝરાયેલ વિરોધી અને પેલેસ્ટાઈન તરફી સમર્થકો વચ્ચે હિંસા થઈ હતી. NATOના સભ્યો અને ભાગીદાર દેશોના ૩૦૦ પ્રતિનિધિઓ મોન્ટ્રીયલમાં બેઠક કરી રહ્યા છે ત્યારે આ બન્યું છે.આ દરમિયાન ઈઝરાયેલના સમર્થનમાં એકઠા થયેલા દેખાવકારો અને લોકો વચ્ચે અથડામણ થઈ હતી. હિંસા અને આગચંપી બાદ પોલીસે ટીયર ગેસ અને લાઠીચાર્જનો ઉપયોગ કરવો પડ્યો હતો.

### બેંક થાપણમાં

પહેલા પાનાનું ચાલુ

વગર વિવાદના કારણે કરોડો રૂપિયાની બાંધી મુદતની થાપણો ફસાયેલી છે. જો કે નોમીની અને વાસ્તવિક વારસદાર વચ્ચે જે કાનૂની મુદ્દાઓ છે તેને પણ ખાસ રીતે આ નવા સુધારા ખરડામાં આવરી લેવા સરકારની તૈયારી છે.નવ પ્રસ્તાવિત ખરડામાં હાલના એક નોમીની સામે ચાર નોમીની નિયુક્ત કરવાની છૂટ અપાશે અને દરેકને કેટલો હિસ્સો મળે તે પણ માહિતી આપી શકાશે. આ ઉપરાંત નોમીનીનું વહેલુ મૃત્યુ થાય તો તેના નોમીની કોણ હશે તે પણ દર્શાવી શકાશે. જેના કારણે બેંક તે મુજબ થાપણના નાણા નોમીનીઓ વચ્ચે વહેચી શકશે.જો કે આ પ્રકારની સુવિધા છતા પણ કાનૂની મુદ્દાઓ તો ઉભા જ છે. નોમીનીને એ કાનૂની વારસદારનો દરજ્જો આપોઆપ મળી જતો નથી. ઉપરાંત એકથી વધુ નોમીનીથી કાનૂની પ્રશ્નો ઉભા થશે છતાં પણ જેમાં વિવાદ ન સર્જાય તે થાપણોમાં બેંકોને અને થાપણદારોના કુટુંબને મોટી રાહત બનશે.

### વધતા તાપમાન

પહેલા પાનાનું ચાલુ

૨૦૦૦થી વર્ષ ૨૦૧૦ દરમિયાન દર વર્ષે વધતી ગરમીથી સરેરાશ ૧૬ લાખ લોકો માર્યા ગયા હતા. જો તાપમાન વધ્યુ કે આજ હાલ રહેશે તો સદીના અંત સુધીમાં આ આંકડો સાત ગણો વધીને ૧.૦૮ કરોડ થઈ જશે.સંશોધકોએ પ્રદુષણ મુદ્દે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૦થી ૨૦૧૦ દરમિયાન દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે સરેરાશ ૪૧ લાખ લોકો માર્યા ગયા હતા. વાયુ પ્રદુષણ જો વધુ વધ્યુ કે આ જ હાલ રહ્યા તો સદીના અંત સુધીમાં આ આંકડો પાંચ ગણો વધીને ૧.૯૫ કરોડ થઈ જશે.

### મહારાષ્ટ્રના

પહેલા પાનાનું ચાલુ

તેઓને ત્રીજી વખત મુખ્યમંત્રી પદ સુપ્રત થાય તે માટે પક્ષમાં જ દબાણ છે. ગઈકાલે ફનણવીસના નિવાસે મહારાષ્ટ્ર ભાજપનાં વરિષ્ઠ નેતાઓની બેઠકોનો દૌર ચાલુ જ રહ્યો હતો પણ વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તેમના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડાઈ હતી અને ભવ્ય વિજય મેળવ્યો છે તેવા દાવા સાથે સીએમ પદ છોડવા તૈયાર નથી અને તેથી તેઓને નવી સરકારમાં જો મુખ્યમંત્રી ન બનાવાય તો કયુ પદ તે પ્રશ્ન છે.

મહારાષ્ટ્રમાં બેક-ટુ-બેક મુંબઈ મહાપાલિકાની ચૂંટણી આવી રહી છે.શિંદે જુથનુ મહત્વ છે. ઉપરાંત તેમણે મરાઠા નેતા અને ભાજપ સામે તેની સરખામણીમા કોઈ મરાઠા ચહેરો નથી. જોકે અજીત પવારનાં નામ પર તો ભાજપ અને સંઘ બન્નેમાં ચોકડી લાગી ગઈ છે અને તેઓને નાયમ મુખ્યમંત્રી પદ જ ઓફર થશે.

### વિશ્વ સ્તરે

પેજ-૨ પાનાનું ચાલુ

વેચાણ ઈ–કોમર્સ થકી કરી શકે છે. વધુમાં તેમણે વોલમાર્ટ વૃદ્ધિ પ્રોગ્રામ અંતર્ગત આવતા ૩૧ ર્લનિંગ મોડલ્સ વિશે અને એમએસએમઇ માટેના વિવિધ કોર્સીસ વિશે માહિતી આપી હતી.

તેમણે વોલમાર્ટ વૃદ્ધિ CSR એટલે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી એકિટવિટીના ભાગરૂપે કાર્ય કરતી હોવાનું જણાવ્યું હતું. તે વિના મૂલ્યે ટ્રેઈનીંગ, મેન્ટરીંગ તેમજ ડિજીટલ ટુલ્સની મદદથી ઉદ્યોગોને નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. ઉદ્યોગને પેન ઈન્ડિયા પ્લેટફોર્મ પર એકસપર્ટીઝ કેળવી લોકલ સપ્લાયર્સને બિઝનેસ માટે સલાહ પણ આપે છે. વધુમાં વોલમાર્ટ વૃદ્ધિ પ્લેટફોર્મ બિઝનેસને વૈશ્વિક સ્તરે એક્ષ્પોર્ટ કરવામાં મદદરૂપ થાય છે તેમ જણાવ્યું હતું.

શ્રી હર્ષલ તાનાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, વોલમાર્ટ વૃદ્ધિ સાથે જોડાવવા માટે ઈમ્પોર્ટ–એક્ષ્પોર્ટ કોડ, GSTIN નંબર (ગુડ સર્વિસ એન્ડ ટેક્સ આઈન્ડેટીફિકેશન નંબર), પાન નંબર, એક્ષ્પોર્ટનો અનુભવ, ઈ–કોમર્સ એકસપીરિયન્સ, યુએસ રિટર્ન એડ્રેસ હોવું જોઈએ.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન કિરણ ઠુમ્મરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની એમએસએમઇ કમિટીના ચેરમેન શ્રી મનિષ બજરંગે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટીના સભ્ય શ્રી દિલીપ સિંહ ગેહલોતે વકતાનો પરિચય આપ્યો હતો. નિષ્ણાત વકતાએ એમએસએમઇ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

### અંકલેશ્વર ધંતુરીયા

પેજ-૨ પાનાનું ચાલુ

બંધાઈ છે. ધરતી પુત્રો છેલ્લા ઘણા વખતથી વારંવાર એક જ માગ કરી રહયા હતા કે ભાડભૂતબેરેજ પ્રોજેક્ટ હાલમાં ચાલુ છે. અને સંપાદન નુ વળતર ૮ થી ૧૦ વર્ષ પહેલા ના જંત્રી ભાવ પ્રમાણે આપવામાં નાહતા જે અસરગ્રસ્ત ખેડૂતો નેમંજુર ના હતું. જેને લઇ ખેડૂતો દ્વારા જમીન આપવા માંગતા ના હતા. પણ હવે સરકાર દ્વારા જંત્રી સુધારી છે. જેને લઇ ખેડૂતો દ્વારા પુનવિચાર કરવા બેઠક માં પરામસ કરી હતી. અને અસરગ્રસ્ત ખેડૂતો ને યોગ્ય બજાર ભાવ નક્કી કરી વળતર ચૂકવવામાં આવે તો ખેડૂતો વડાપ્રધાન ના સ્વપ્ન સમાન પ્રોજેક્ટ હોઈ માં સમાન જમીન ના છૂટકે પણ આપીશુ. તેઓ સુર બેઠકમાં તમામ ખેડૂતો એ પુરાવ્યો હતો.

### વરાછા બેંકના

છેલ્લા પાનાનું ચાલુ

કોર્ટમાં ચાલી જતાં કોર્ટે દશરથને ચેક રિટર્નના કેસમાં તકસીરવાર ઠેરવ્યો હતો અને એક વર્ષ કેદની સજા તેમજ રૂ. ૬ લાખ ૬૦ દિવસમાં ચૂકવી આપવા આદેશ કર્યો હતો

### ઈલેક્ટ્રોહોમિયોપેથીએ

છેલ્લા પાનાનું ચાલુ

ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત સામેલ કરવા, ક્લિનિક ખોલવા દેવા તેમજ દવાનું વેચાણ કરવા અને તેને સંબંધિત શિક્ષણ આપવા હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવશે.

### પુણા યશોદા

છેલ્લા પાનાનું ચાલુ

આવો તો ગેરેજમાં આગ લાગી હતી. આગ ના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા પુણા અને ડુંભાલ ફાયર સ્ટેશન ના ફાયર ઓફિસરો અને ફાયર જવાનો ફાઈટર અને ટેન્કર લઈને ઘટના સ્થળે ધસી ગયા હતા. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને ગેરેજમાં લાગેલી આગની બુજાવી નાખી હતી. આગને કારણે વાહનના સ્પેરપાર્ટ અને ગેરેજમાં આવેલી એક બાઈક સળગીને રાખ થઈ ગઈ હતી. ઓટો સ્પેરપાર્ટસ અને ગેરેજ ચલાવતા ભાડુઆત નું નામ સુભાષભાઈ વર્મા હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

### બેટરીની દુકાનમાં

છેલ્લા પાનાનું ચાલુ

જણાવ્યા અનુસાર, પુના પોલીસ ચોકી સામે નિખિલભાઇ ભાલીયા નીએક વાહનની બેટરીની દુકાન આવેલી છે. ગત મોડી રાત્રે એટલે કે સાડા ત્રણ વાગ્યાના અરસામાં બેટરીની દુકાન માં આગ લાગી હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડની કરવામાં આવતા પુણા અને કાપોદ્રા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસરોને ફાયર જવાનોઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને આગને બુજાવી નાખી હતી. આગને કારણે વાહનની ૨૫૦ નંગ બેટરી તથા બેટરી ચાર્જ કરવા માટેના ત્રણ નંગ મશીન બળીને રાખ થઈ ગયા હતા.

### કોવિડની બીમારીમાં

છેલ્લા પાનાનું ચાલુ

એડવોકેટ શ્રેયસ દેસાઈ,પ્રાચી દેસાઈ અને ઈશાન દેસાઈએ દલીલો તકબદ્ધ દલીલો કરતા વીમા કંપનીએ ક્લેઈમની રકમ ચુકવી આપવા નિર્ણય લીધો હતો.

આ કેસની વિગત એવી છે કેસુરત પોલીસ ખાતામાં મોહન બારિયા ફરજ બજાતા હતા. મોહનભાઈએ મેક્ષ લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીનો રૂા. ૫૦ લાખનો જીવનવીમો વર્ષ ૨૦૨૧માં લીધો હતો. આ વીમો અમલમાં હતો ત્યારે તા.૧૨,૦૪,૨૦૨૧ના રોજ ગોધરા ખાતે મોહનભાઈની તબીયત અચાનક બગડી હતી. જેથી તેમને ગોધરા ખાતેની મીઠીબોરવાલા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યારે તેમને કોવિડ-૧૯ પોઝીટીવ હોવાનુ નિદાન થયું હતું. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને વડોદરા ખાતે લઈ જવામાં આવ્યા હતા. થોડા દિવસની સારવાર બાદ મોહનભાઈનું કોવિડ-૧૯ને કારણે મોત નિપજ્યું હતું. જેથી તેમના પત્ની અરૂણાબેન બારિયા અને બે પુત્રોએ જીવન વીમા પોલીસી અન્વયે મેક્ષ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની સમક્ષ કલેઈમ કર્યો હતો. પરંતુ

વીમા કંપનીએ વીમો લેતી વખતે મોહનભાઈને કોવિડ-૧૯ થયો હતો અને મોહનભાઈએ કોવિડ-૧૯ની હકીક્ત છુપાવીને એટલે કે ગેર રજુઆતો કરીને વીમો લીધો હોવાનું જણાવી કલેઈમ નામંજુર કર્યો હતો.

જેથી મૃતક મોહનભાઈના પરિવારે એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિ દેતસાઈ અને ઈશાન શ્રેયસ દેસાઈ મારફતે સુરત જિલ્લા ગ્રાહક કમિશનમાં મેક્ષ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. ફરિયાદી તરફે રજુઆત થઈ હતી કે, મોહનભાઈ બારિયાએ ફરિયાદવાળો જીવનવીમો મેળવવા માટેનું પ્રપોઝલ ફોર્મ ભર્યું હતું. પરંતુ, તે સમયે તેમને કોવિડ-૧૯ની કે કોઈ ભિમારી ન હતી. વીમા કંપનીના પેનલ ડોક્ટરે પણ મોહનભાઈની તબીબી તપાસ કરી હતી. અને મોહનભાઈના તંદુરસ્તી અંગે ડોક્ટરનું પ્રમાણપત્ર મેળવ્યા પછી જ વીમા કંપનીએ મોહનભાઈને જીવનવીમો આપવાનું પસંદ કર્યું હતું. પરંતુ યોગાનુ યોગ વીમા કંપનીએ જે દિવસે જીવનવીમા પોલીસી ઈસ્યુ કરી તે જ દિવસે મોહનભાઈને કોવિડ-૧૯ની બિમારી થઈ હતી. સુરત જિલ્લા ગ્રાહક કમિશનની કોર્ટમાં આ કેસમાં આખરી સૂનાવણી થાય તે પહેલા વીમા કંપનીએ મૃતક પોલીસ કર્મીના પરિવારને વીમા ક્લેઈમ પેટે રૂ, ૪૯.૮૮ લાખનો ચેક મોકલી આપ્યો હતો. જે ચેક ફરિયાદીના પરિવારે પણ સ્વીકારી લેતા વિવાદનુ સુખદ નિકારણ આવ્યું હતું. સુરત જિલ્લા ગ્રાહક કમિશન કક્ષાએ કોઈ એક કેસમાં રૂ. ૪૯.૮૮ લાખનો ચૂકવાયેલ કલેઈમ આજદિન સૂધીનો સૌથી મોટી રકમનો ક્લેઈમ હોવાનુ સિનીયર એડવોકેટ શ્રેયસ દેસાઈના જણાવયા મુજબ છે.

### વ્યાજખોરોના ત્રાસથી

છેલ્લા પાનાનું ચાલુ

કાલુશાહીના મહોલ્લામાં રહેતા શાબીર ગુલામ મુસ્તુફા શેખ અને ઈબ્રાહિમ ચાચા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પરચૂરણ એજન્ટ તરીકે કામ કરતાં ગુલામ ખ્વાજાને કોરોના બાદ આર્થિક મુશ્કેલી ઊભી થતાં તેણે શાબીર મુસ્તુફા શેખ પાસેથી એક લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. તેને દર મહિને ૩૦ હજાર ચૂકવતો હતો, પરંતુ તે વ્યાજનું પણ વ્યાજ લગાવી ઉઘરાણી કરતો હતો. તેની ચૂકવણી કરવા ઈબ્રાહિમ ચાચા પાસેથી ૩૫ હજાર રૂપિયા વ્યાજે લીધા હતા. પહેલાં એક વ્યાજખોર હતો, હવે બે થઈ ગયા હતા. બંને વારંવાર વ્યાજને લઈ ધાકધમકી આપતાં હોવાથી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેનું રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### એમ.ડી ડ્રગ્સના

છેલ્લા પાનાનું ચાલુ

દિકરા ઉસ્માનગની ઉર્ફે સલમાનની ધરપકડ કરી હતી. મુંબઈના મહેંદી ઉર્ફે મોહમદ ઝૈદ પાસેથી આ ડ્રગ્સ લાવીને ડોબીવાલા ?પુત્ર વેચાણ કરતા હતા. ૩ વર્ષથી જેલમાં બંધ ઉસ્માનગની ઉર્ફે સલમાને વકીલ સોનલ શર્મા મારફતે સુપ્રિમ કોર્ટમાં જામીન અરજી કરી હતી. સુપ્રિમ કોર્ટે આરોપી ઉસ્માનગનીના જામીન મંજુર કર્યા હતા.

### વરાછા યોગી ચોકના

છેલ્લા પાનાનું ચાલુ

દરમિયાન દેહ વેપારનો ધંધો ચલાવતા સંચાલક બિશ્વારૂપ બારૂન દેય (ઉં.વ.૨૮, રહે., મચ્છી માર્કેટ પાસે, નાનપુરાસ સુરત. મૂળ પશ્ચિમ બંગાળ) અને ત્રણ ગ્રાહકની ધરપકડ કરી હતી.

પોલીસે સ્થળ પરથી રોકડા ૧૪ હજાર તથા ૩૬,૫૦૦ના ૪ મોબાઈલ ફોન, તેમજ લાઈટ બીલ મળી કુલ ૫૦,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સ્થળેથી એક સંચાલક અને ત્રણ ગ્રાહકને ઝડપી પાડ્યા હતાં. જ્યારે અન્ય એક સંચાલક આરોપી ગૌરવ અને દુકાન માલિક દીપકને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે રેડ દરમિયાન ૭ મહિલાને મુકત કરાવી છે. પોલીસે ધી ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એકટ અંતર્ગત ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સાંધ્ય દૈનિક
प्रताप दर्पण
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 .
Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૨૫ નવેમ્બર ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## પારડીમાં કોલેજીયન યુવતીના રેપ વીથ મર્ડરમાં શકમંદની વાપી રેલવે સ્ટેશનના પાર્કિંગમાંથી ધરપકડ



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

વલસાડ નજીક પારડીમાં કોલેજ યુવતીનાં રેપ વીથ મર્ડર કેસ નાં આરોપીની વાપી રેલવે સ્ટેશનથી ધરપકડ કરવામાં પોલીસને સફળતાં મળી હતી.

ગત શનિવારે બનેલી ઘટનામા પારડી પાસે આવેલા મોટી વાળાનાં ગરનાળા પાસે એક કોલેજ યુવતી સાથે બળાત્કાર ગુજારી ગળું દબાવી મારી નાખવાની ચકચારીત ઘટના બની હતી. આ ઘટનાને પગલે સમગ્ર વાપી પંથકમાં આકોશ વ્યાપી ગયો હતો. પરિવારજનએ પોલિસ ફરીયાદ કરતાં પોલીસે આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. આરોપી નાં ફોટાનાં આધારે સીસીટીવી ફૂટેજ ફંફોસ્યા હતા. ભારે મેહનત બાદ પોલિસને આરોપીની ધરપકડ કરવામાં સફળતા મળી છે. વાપી નાં રેલવે સ્ટેશન ઉપર લાગેલા સીસીટીવી ફૂટેજ માં આરોપી દેખાતાં પોલીસે આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલિસ દ્વારા મહારાષ્ટ્રનાં વિસ્તારોમા આરોપીની શોધ કરવાં ટીમ મોકલવામા પણ આવી હતી આખરે વાપી પોલીસે શકમંદ આરોપીની વાપી રેલવે સ્ટેશનના પાર્કિંગમાંથી રવિવારે રાત્રિએ ઝડપાયો હતો. યુવતીના દુષ્કર્મ અને હત્યાના કેસમાં ઝડપાયેલો શકમંદ આરોપી સામે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૧૦થી વધુ ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળે છે. મૂળ હરિયાળા અને હાલમાં રખડતો-ભટકતો શકમંદ યુવકે તેમના બાળપણમાં એટલે કે જ્યારે ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે સાયકલની પ્રથમ ચોરી કરી હતી. ત્યારબાદ તે ચોરી અને અન્ય ગુનાહિત પ્રવૃતિના રવાડે ચઢી ગયો હતો. ખાસ કરીને રાત્રિએ ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓના મોંઘાદાટ સામાનની ચોરી કરતો હતો.

### વાપી રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની પોલીસ ૧૧ દિવસથી શોધતી હતી



સુરત શહેરમાં ટ્રાફિકનાં સુચારુ આયોજન અંગે સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત રસ્તા પર ઉતરીને સ્થળનું નિરીક્ષણ કરી રહ્યાં છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે આજે પીપલોદ કારગીલ ચોક વિસ્તારનાં માર્ગો પર ટ્રાફિકનાં આવાગમન અંગે જાત નિરીક્ષણ કર્યું હતું.

## ઇલેક્ટ્રોહોમીયોપેથીએ ફરીથી સરકાર સામે બાંયો ચઢાવી, હાઈકોર્ટમાં રિટ કરશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી બોગસ તબીબો પ્રેક્ટિસ કરતા હોવાની બૂમો ઉઠવા સાથે અમદાવાદ ની ખ્યાતિ હોસ્પિટલમાં બનેલી ગંભીર ઘટના ઉપરાંત શહેરના પાંડેસરા વિસ્તારમાંથી બોગસ હોસ્પિટલ મળી આવવાની ઘટના સુધીના ક્રમશ પ્રકરણો એ દરેક ના મનમાં એક ચિંતા ઉભી કરી દીધી છે. ત્યારે સુરતમાં ઈલેક્ટ્રોહોમીયોપેથી (બી.ઇ.એમ.એસ) ડિગ્રી ધારી તબીબોની સ્થિતિ ઉપર પણ નજર કરવા જેવી છે. સને ૨૦૧૦માં હાઈકોર્ટમાં ઈલેક્ટ્રોહોમિયોપેથી પ્રેક્ટીશનરો દ્વારા કરાયેલી અરજી સંબંધમાં હાઈકોર્ટે ઈલેક્ટ્રો હોમીયોપેથી તબીબોને પ્રેક્ટિસ કરવા ઉપરાંત દવાનું વેચાણ કરવા અને તેને સંલગ્ન શિક્ષણ આપવા ચુકાદો આપ્યો હતો. દરમિયાન આ બાબતે સ્ટેટ હેલ્થ મિનિસ્ટરી દ્વારા અને સુરત મહાનગર પાલિકાએ એક હાઈકોર્ટમાં એફિડેવિટ ઉપર જાહેર કર્યું હતું કે ઈલેક્ટ્રોહોમીયોપેથી ને રેગ્યુલર નિયમ પ્રમાણે બે જ અઠવાડિયામાં શરૂ કરવાનું આયોજન સુરતમાં કરી દેવાશે. પરંતુ આ વાતને આજે ૧૪ વર્ષ વિતી ગયા હોવા છતાં પણ આ મુદ્દો અભરાઈએ ચઢી ગયો છે.

આ અંગે આજે એક પત્રકાર પરિષદમાં સુરત ઈલેક્ટ્રો હોમીયોપેથી એસોસિયેશનના પ્રમુખ ડો. રશેસ ગુજરાતી એ પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રો હોમીયોપેથી એ ઇટાલિયન પદ્ધતિ છે. જેમાં પ્રાણી અન્ય કોઈ પદાર્થ નો ઉપયોગ થતો નથી કે કોઈ કેમિકલ વપરાતું નથી. માત્ર વનસ્પતિના અર્ક નો ઉપયોગ કરી દર્દી ને સારવાર આપવામાં આવે છે. તેમ છતાં ઈલેક્ટ્રોહોમિયો પેથી બાબતે સરકાર કેમ નીરસ છે. આગામી દિવસોમાં આ બાબતે ફરી વખત ઈલેક્ટ્રોહોમીયોપેથીને

અનુસંધાન પાના ૭ પર

### ક્લિનિકલ એસ્ટબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત સામેલ કરવા માંગ : ડો. રશેશ ગુજરાતી

## કાપડ વેપારી ચેતન દેવાણીને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

### વેપારી દિવ્યેશ ચોવટીયાએ ચેક રિટર્નનો કેસ કર્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સરથાણા જકાતનાકા પાસે શાંતિવન સોસાયટીમાં રહેતા દિવ્યેશ મેઘજીભાઈ ચોવટીયા વોલટેક્ષના નામે ટેક્ષ્ટાઈલના નામે વેપાર કરે છે. દરમિયાન પુણા ગામ અનુપમ માર્કેટમાં કાપડનો વેપાર કરતા ચેતન જીવરાજ દેવાણી તેમના સંપર્કમાં આવ્યા હતા. અને સને ૨૦૧૬ના સમયગાળામાં ચેતન દેવાણીએ ફરિયાદી પાસેથી કુલ રૂ. ૧૩ લાખના શૂટ ખરીદી કર્યા હતા. વેપારી ધારા ધોરણ પ્રમાણે જો પેમેન્ટ મોડુ ચૂકવાય તો વ્યાજ સહિત પેમેન્ટ આપવાની પણ જવાબદારી સ્વીકારી હતી. દરમિયાન બાકી પેમેન્ટની માંગણી કરતા રૂ. ૫ લાખ ના અલગ અલગ ચેક આપ્યા હતા. જે ચેક અપૂરતા બેલેન્સ ને કારણે પરત થયા હતા. જેથી દિવ્યેશ ચોવટીયા એડવોકેટ યોગેશ જોગાણી મારફતે કોર્ટમાં આરોપી ચેતન દેવાણી સામે ચેક રિટર્ન નો કેસ કર્યો હતો. આ કેસ ની સુનાવણી થતાં એડવોકેટ યોગેશ કે. જોગાણી એ બિલ, ચેક ની વિગત તેમજ આરોપીને આપેલી નોટીશ પુરાવા તરીકે રજૂ કરી દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપી ચેતન દેવાણી ને ૧ વર્ષની સજા અને રૂ. ૧૧ લાખ ૬૦ દિવસ માં ફરિયાદી ને ચૂકવી દેવા હુકમ કાર્યો હતો.

## વરાછા બેંકના લોનધારકને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની કેદ

### ઓઈલ વેપારીને બેંકને રૂપિયા ૬ લાખ ચૂકવવા કોર્ટનો આદેશ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

વરાછા કો. ઓ. બેંકમાંથી દુકાન ખરીદવા લોન લઈ તેના હપ્તા નહીં ભરનાર ઓઈલ વેપારીને કોર્ટે ૧ વર્ષની કેદ સજાનો હુકમ ફરમાવ્યો હતો. કતારગામ તાપીનગર પાસે પ્રભુનગર સોસાયટીમાં રહેતા દશરથ દાલચંદ ખીચી ઓઈલના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. દશરથ ખીચીએ કતારગામમાં નવી દુકાન ખરીદવા માટે વરાછા કો.ઓ. બેંકમાંથી પાંચ લાખની લોન લીધી હતી. જો કે, થોડા હપ્તા ભર્યા બાદ દશરથે લોનના હપ્તા ભરવામાં અનિયમિત થયા હતા. જેથી લોનના હપ્તાની માંગણી કરી હતી. જેથી બાકીની લોનની રકમનો ૪.૨૬ લાખનો ચેક કંપનીને આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. આ અંગે બેંક દ્વારા તેમના એડવોકેટ રમેશ સાનેપરા મારફતે કોર્ટમાં દશરથની સામે ચેક રિટર્ન અંગે કેસ કર્યો હતો. આ કેસ

અનુસંધાન પાના ૭ પર



શિયાળાની શરૂઆત થતાં બજારમાં વિવિધ પ્રકારનાં લીલા શાકભાજીનું મોટા પ્રમાણમાં આગમન થયું છે. ઉપરાંત લીંબુનો પાક પણ મોટા પ્રમાણમાં બજારમાં ઠલવાય રહ્યો છે. વિપુલ પ્રમાણમાં બજારમાં લીંબુનો પાક આવતા ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થઈ ગયો છે. (તસવીર : હનીફ મલેક)

## ડીંડોલી મંદિરમાં ચોરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

ડીંડોલી ખાતે આવેલ મનકામનેશ્વર મહાદેવ મંદિરમાંથી રૂા.૪૬,૮૫૦ની મત્તા ચોરાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડીંડોલી સાંઈદર્શન સોસાયટી પાસેના મનકામનેશ્વર મહાદેવ મંદિરમાં તસ્કરો ત્રાટક્યાં હતાં. અજાણ્યા તસ્કરો મંદિરમાંથી પિત્તળનાં બે ઘંટ, દાનપેટી, માઈક ચાર્જર મળી કુલ્લે રૂ.૪૬,૮૫૦ની મત્તા ચોરી કરી ગયા હતા. આ બનાવ સંદર્ભે સોસાયટીમાં રહેતાં ટ્યુશન સંચાલક દિનેશ શાંતારામ પાટીલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ડીંડોલી પોલીસે તપાસ શરૂ કરી છે.

## શિયાળાની ઋતુમાં આગની ઘટનામાં વધારો

### પુણા યશોદા ગેરેજમાં આગ : સ્પેરપાર્ટ્સ અને બાઈક સળગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

પુણા પુણા શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટ નેચર વેલી સોસાયટી પાસે આવેલ એક વાહન સ્પેરપાર્ટસ અને ગેરેજમાં ગતરાત્રે આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો. જોકે આ ઘટનામાં વાહનના સ્પેરપાર્ટસ અને એક બાઈક સળગીને રાખ થઈ ગઈ હતી..

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, પુણા કુંભારીયા નેચર વેલી સોસાયટી પાસે યશોદા ઓટો પાર્ટ્સ એન્ડ ગેરેજ આવેલું છે. આ ઓટો ગેરેજ ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલું છે. ગત રાત્રે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં કોઈક કારણોસર

અનુસંધાન પાના ૭ પર

### બેટરીની દુકાનમાં આગથી બેટરી અને મશીન બળીને ખાખ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

પુણાગામ પોલીસ ચોકી, સાંસ્કૃતિક ભવન, પારસમણી સોસાયટી ની સામે આવેલ એક વાહનની બેટરી ની દુકાન માં કોઈક કારણોસર આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.. આગને કારણે વાહનની ૨૫૦ નંગબેટરી તથા બેટરી ચાર્જ કરવા ના ત્રણ મશીન બળીને રાખ થઈ ગયા હતા. આ બનાવ ગત મોડી રાત્રે બનવા પામ્યો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોના

અનુસંધાન પાના ૭ પર

## એમ.ડી. ડ્રગ્સના કેસમાં ત્રણ વર્ષથી જેલવાસમાં ઉસ્માનગનીના સુપ્રિમ કોર્ટે જામીન મંજુર કર્યા

### ક્રાઈમ બ્રાંચ ૧૩ લાખના ડ્રગ્સ કેસમાં ઉસ્માનગની ઉર્ફે સલમાન ડોબીવાલાની ધરપકડ કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સોદાગરવાડમાંથી પકડાયેલા ૧૩ લાખથી વધુના એમ.ડી.ડ્રગ્સના કેસમાં ઉસ્માનગની ઉર્ફે સલમાન ડોબીવાલાના જામીન સુપ્રિમ કોર્ટે મંજુર કર્યા હતા. આરોપી તરફે વકીલ સોનલ શર્મા હાજર રહ્યા હતા.

આ કેસની વિગત એવી છે કે,વર્ષ ૨૦૨૧માં સુરત ક્રાઈમ બ્રાંચે લાલગેટ સ્થિત સોદાગરવાડ દાર-એ ગની બિલ્ડીંગ વિભાગ-૨માં રહેતા અબ્દુલકાદર અબ્દુલગની ડોબીવાલાના ઘરમાંથી ૧૩૩ ગ્રામ એમ.ડી.ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. સુરત ક્રાઈમ બ્રાંચે ડ્રગ્સ સાથે અબ્દુલકાદર અને તેના

અનુસંધાન પાના ૭ પર

## વ્યાજખોરોનાં ત્રાસથી ઝેર પીનાર બેગમપુરાનાં ગુલામ શેખનું મૃત્યુ થયું

### વ્યાજખોરોએ વધુ એકનો ભોગ લીધો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરતમાં મિત્ર પાસેથી વ્યાજે લીધેલા એક લાખનું વ્યાજ ચૂકવવા બીજા વ્યાજખોર પાસેથી બેગમપુરાના યુવકે નાણાં લીધા હતા. બંનેનું વ્યાજ ભરીને થાકવા છતાં તેનો અંત નહિ આવતાં યુવકે ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કરી લીધું હતું. આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.શ્વબેગમપુરા રહેમાન મંઝીલમાં રહેતા ગુલામખ્વાજા ઉર્ફે ગુલ્લુમીયાં ઈસ્માલ શેખ (ઉ.વ. ૪૫)એ ગત ૧૨મીએ તેના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેને બુરહાની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. હોસ્પિટલ દ્વારા મહીધરપુરા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ ત્યાં દોડી ગઈ હતી. યુવકની પત્ની સમીરાબાનુએ આપેલા નિવેદનને આધારે પોલીસે બેગમપુરા તુલસી ફળિયું,

અનુસંધાન પાના ૭ પર

## કોવિડની બીમારીમાં મૃતકનો ક્લેઈમ નકારનાર વીમા કંપનીએ સુનાવણી પહેલાં સમાધાન કર્યું

### ગ્રાહક કોર્ટમાં મૃતક પોલીસકર્મીના પરિવારે કેસ કરતા મેક્સ લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીએ રૂા.૪૯.૯૮ લાખનો ચેક આપ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરત જિલ્લા કમિશન કક્ષાએ ક્લેઈમ સંબધિત સૌથી મોટી રકમ પરિવારને ચુકવાઈ હોવાની પ્રથમ ઘટના સામે આવી છે. કોવિડ-૧૯ની બિમારીમાં સુરતના પોલીસ કર્મીનુ અવસાન થતા પરિવારે વીમા કંપની સમક્ષ કરેલા ક્લેઈમને નકારી કાઢ્તા પરિવારે સુરત ગ્રાહક કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. ૩ વર્ષ ચાલેલી કાનુની કાર્યવાહી દરમિયાન સુરત ગ્રાહક કોર્ટમાં અંતિમ સુનાવણી થાય તે પહેલા જ વીમા કંપનીએ મર્હુમ પોલીસ કર્મીના પરિવારને જીવનવીમા પોલીસી અન્વયે મળવા પાત્ર રૂ.૪૯.૮૮ લાખનો ચેક મોકલી આપતા સુખદ નિરાકરણ થયું હતું. આ કેસ ફરિયાદી તરફના સિનીયર વકીલ

અનુસંધાન પાના ૭ પર

## વરાછા યોગીચોકનાં શુભમ રેસીડેન્સીમાં ચાલતા કુટણખાના પર પોલીસના દરોડા

### સાત મહિલાને મુક્ત કરાવી, દુકાનમાલિક સહિત ત્રણની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરતમાં યોગીચોક સાવલિયા સર્કલ પાસે આવેલા શુભમ રેસીડેન્સીના પહેલા માળે દુકાનની આડમાં ચાલતા કુટણખાના ઉપર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ બ્રાન્ચે રેડ પાડી હતી. રેડ દરમિયાન સંચાલક અને ૩ ગ્રાહકની ધરપકડ કરી ૭ મહિલાને મુક્ત કરાવી હતી. પોલીસે દુકાન માલિક અને અન્ય એક સંચાલક સહિત બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે બાતમી મળી હતી કે યોગીચોકમાં આવેલી શુભમ રેસીડેન્સીમાં દુકાનની આડમાં કૂટણખાનું ચાલી રહ્યું છે. પોલીસની ટીમે બાતમીના આધારે યોગીચોક સાવલિયા સર્કલ પાસે આવેલા શુભમ રેસીડેન્સીના પહેલા માળે દુકાન નં.૧૧૦ અને ૧૧૧માં રેડ કરી હતી. રેડ

અનુસંધાન પાના ૭ પર

## અડાજણ શ્રીજી આર્કેડ પાસે રિક્ષામાં પેસેન્જરના રોકડાની તફડંચી

### ગણતરીની સેકન્ડમાં રૂ.૧૨૦૦૦ ગાયબ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

અડાજણ શ્રીજી આર્કેટ પાસે રિક્ષામાં બેસેલા પેસેંજરના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૧૨ હજાર ગાયબ થઈ ગયા હતા.

અડાજણમાં રિક્ષામાં બેઠેલા પેસેન્જરોનો સામાન-રોકડા રૂપિયાની તડફંચી કરતી રિક્ષા ટોળકી સક્રિય થઈ હોય, તેમ શ્રીજી આર્કેડ પાસે રિક્ષામાં બેઠેલા પેસેન્જરનાં રૂપિયા ૧૨૦૦૦ સેરવી લેવાયા હતા. આ બનાવ સંદર્ભે અડાજણ સાંઈનગર સોસાયટીમાં રહેતા વિનોદકુમાર બાબુલાલ શેઠે અડાજણ પોલીસ સ્ટેશને અજાણ્યા રિક્ષાચાલક સહિતનાં વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. અડાજણ પોલીસે ફરિયાદનાં આધારે ઘટના સ્થળ પાસેનાં સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી છે.




દક્ષિણ ગુજરાત કવિ વિર નર્મદ યુનિવર્સિટી કેમ્પસમાં ટુ વ્હીલરના ચાલકો ઉપરાંત પાછળ બેસનાર લોકો માટે પણ હેલમેટ ફરજીયાત કરવામાં આવ્યો છે. હેલમેટ અંગે જાગૃતિ કેળવવા યુનિવર્સિટીના ગેટ પર વાહન ચાલકોમાં જાગૃતિ કેળવવા સિક્યુરીટી સ્ટાફ સહિતના કર્મચારીગણ દ્વારા વિવિધ પોસ્ટરો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુનિ.ના કુલપતિ ડો. કિશોર સિંહ ચાવડા પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. (તસવીર : હનીફ મલેક)